بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧/ઓક્ટોબર/૨૦૧૮**

મુહર્રમુલ હરામ-સફરુલ્ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૫, અંક : ૧૦, સળંગ અંક : ૧૭૮

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત ☎ ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી




● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ઈમામ અહમદ રઝા તથા ઈશ્કે મુસ્તફા ﷺ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 03 | હદાઈકે બખ્શિશ | 14 |
| 04 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 18 |
| 05 | વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ ﷺ | 20 |
| 06 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 22 |
| 07 | ક઼ાનૂને શરીઅત | 25 |
| 08 | ગુનાહોનો ઈલાજ | 28 |
| 09 | હઝરત ઈમામ હુસૈન અને આઝમાઈશનો ક઼ાનૂન | 31 |
| 10 | તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના જીવનચરિત્રની ઝલકો | 33 |
| 11 | ડો. ઝાકિર નાયકના ખુદા વિશેના અક઼ીદાની ઉલટ તપાસ | 37 |
| 12 | દુઆની જલ્દી ક઼બૂલિયતના ત્રણ નુસ્ખાઓ | 44 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## ફયઝાને કરમ

**અઝ : મુહમ્મદ આ'ઝમ ચિશ્તી**

✹ પરતવે નૂરે અઝલ હૈ રૂએ તાબાને રઝા
સાય એ જન્નત હૈ ઝુલ્ફ અંબર અફશાંન રઝા

✹ રશ્કે મુશ્કે ખતન હૈ બૂએ બુસ્તાને રઝા
રશ્કે તૂબા હૈ હર ઈક નખ્લ ગુલિસ્તાને રઝા

✹ ઈલ્મો હિકમત કો કિયા જિસને શનાસાએ જુનૂં
હૈ વો ફૈઝાને રઝાઉલ્લાહ ફૈઝાને રઝા

✹ રાહ પાતે હૈં યહીં સે રહરવાને કૂએ દોસ્ત
જાકે મિલતી હૈ હરમ સે કૂએ અયવાને રઝા

✹ ઈક જહાં હૈ ઉનકે ફઝૌને કરમ સે મુસ્તફીદ
એક "આ'ઝમ" હી નહીં મમ્નૂન એહસાને રઝા

# ઈમામ અહમદ રઝા તથા ઈશ્કે મુસ્તફા ﷺ

તંત્રી લેખ...

*અય ઈશ્ક઼ તેરે સદક઼ે જલનેસે છૂટે સસ્તે – જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હય*
*–(આ'લા હઝરત)*

પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللهُ عَلَیْهِ وَسَلَّمَની મહોબ્બત જેના દિલમાં સાચા અર્થમાં જામેલી હશે તેને જહન્નમની આગ જલાવી શકશે નહીં. તેને કોઈ ખતરો પોતાની જાનનો ન દુનિયામાં હશે ન તો આખેરતમાં.

*બેખતર કૂદ પડા આતિશે નમરૂદમેં ઈશ્ક઼ – અક઼્લ થી મહ્વે તમાશાએ લબે બામ અભી*

કોણ નથી જાણતું કે ઈશ્કે ખુદામાં મગ્ન હઝરત ઈબ્રાહીમ علیہ السلامના માટે નમરૂદની ભયંકર આગ બાગ બની ગઈ. સુબ્હાનલ્લાહ ! સર્વ અલ્લાહવાળાઓની જેમ આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની હસ્તી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللهُ عَلَیْهِ وَسَلَّمَની મહોબ્બતમાં ગુમ હતી. અલ્લાહના પ્યારા હબીબ ﷺના ઈશ્ક઼માં ફના હતી. રસૂલે પાક ﷺની મહોબ્બતના આડે કોઈ ચીજની પરવા આપે રાખી નથી. ખુદ ફર્માવે છે :

*દિલ હૈ વો દિલ જો તેરી યાદસે મઅ્મૂર રહા – સર હૈ વો સર જો તેરે ક઼દમોંપે ક઼ુર્બાન ગયા*
*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈર સે કામ – લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા*

હા ! કોઈ કેવળ અલ્લાહની મહોબ્બતનો દાવેદાર બને અને રસૂલેપાક ﷺથી મહોબ્બત ન રાખે (મઆઝલ્લાહ !) તો તે મોમિન જ નથી ! ખુદ રસૂલે પાક ﷺનું ફર્માન છે : **"તમારામાંથી કોઈ હરગિઝ મોમિન નથી થઈ શકતું જ્યાં સુધી હું તેને તેના માબાપ, ઔલાદ તથા તમામ લોકો કરતાં અધિક પ્યારો ન થઈ જાઉં."** *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, કિતાબુલ ઈમાન)* બીજી હદીષમાં છે કે, **"તેની જાન કરતાં પણ અધિક પ્યારો ન થઈ જાઉં."** *(અલ્ મોઅ્જમુલ કબીર)*

સારાંશ કે દુનિયાની દરેક ચીજ ત્યાં સુધી કે પોતાની જાન કરતાં પણ રસૂલે પાક ﷺથી અધિક મહોબ્બત હશે તો જ "મો'મિન" ગણાશે. અલ્લાહના પ્યારા મહબૂબ ﷺના તુફૈલ જ દુનિયા તથા આખેરતની નેઅમતો આપણને મયસ્સર થશે એ એક મો'મિનના માટે યક઼ીની ચીજ છે, ક઼યામતમાં હુઝૂર ﷺની શફાઅતથી જ આપણો છૂટકારો થશે, જો એ ન હોય તો ન જાણે અમ ગુનેહગારોનો શો અંજામ થાય ?! (અલ્લાહની પનાહ !) તો આવા મોહસિને આ'ઝમ આક઼ા ﷺથી ઈશ્ક઼ો મહબ્બત કેમ ન રાખવામાં આવે.

## ★ આ'લા હઝરત : એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એક આલિમે દીન હતા, સમયના એક મહાન ફક઼ીહ

હતા, એક સૂફીયે બાસફા હતા, એક બાખબર કલમકાર હતા, એક દર્દમંદ રહનુમા હતા અને એક શીરીં મકાલ (મધુરભાષી) શાઈર હતા. આપની શખ્સિયતનાં અગણિત પાસાંઓ છે જે અરબાબે ફિકો ફન (ચિંતનવાળાઓ)ને પોતાના પ્રતિ આકર્ષે છે. દરેક વાંચક આપના ઈલ્મી ખજાનામાં પોતાની દિલચસ્પીના અનુસાર મોતીઓ વીણે છે, અને આશ્ચર્યમુગ્ધ છે કે એક હસ્તીમાં આ પ્રમાણે વિવિધ પાસંઓનો કમાલ કેવી રીતે જમા થઈ ગયો. એક સદી પૂરી થવા આવી છે કે ઈલ્મી ગિરોહ (ગૃપો) તથા દીની તબકો (વર્ગ) આ હસ્તી વિશેના અભ્યાસમાં લાગેલો છે પણ દરેક ઉગનારો દિવસ નવા માર્ગો જાહેર કરતો જાય છે ! નવી ખૂબીઓ પ્રદર્શિત કરતો જાય છે !

**''અકીદાની રક્ષા''** આપનું પ્રથમ મિશન હતું અને એના સંબંધે સંશોધનયુક્ત હવાલાઓ પણ કિતાબોમાં મેહફૂઝ કર્યા, મુનાઝરાને લગતુ સાહિત્ય પણ પૂરુ પાડયું અને નઝમ તથા શેઅરમાં પણ પોતાની શાનો શૌકતને પુરવાર કરી. ફિકહી ઈસ્તિંબાત (દીની મસાઈલ કાઢવા) આપની પ્રિય કલા હતી, એટલા માટે હજારોની સંખ્યામાં દીની મસાઈલને વજૂદમાં લાવ્યા અને ઉઠી રહેલા વાંધાઓને તેહકીકની તલ્વાર વડે નેસ્તો નાબૂદ કરી દીધા.

**''શાને રિસાલતની રક્ષા''** આપના જીવનનો હેતુ હતો એમાં સંપૂર્ણપણે તથા અતિશય મશગૂલ રહ્યા અને પળવારનો વિલંબ પણ ગવારા ન કર્યો અને વાળથી બારીક અદબ વિરૂધ્ધ વાતને ઈમાની નૂર વડે બેનિકાબ કરી દીધી. જેમ કે એક શાઈરનો શેઅર જે જાહેરી રીતે ઘણો મજબૂત સમજાતો હતો પણ તે આ આશિકની નજરેથી ગુજર્યો તો તરત જ તેમાં ફેરફાર કરી નાખ્યો કે શબ્દોની પાકીઝગી વાજિબ હતી. શેઅર હતો કે :

*કબ હૈં દરખ્ત હઝરતેવાલાકે સામને–મજનૂન ખળે હૈં ખૈમએ લયલાકે સામને*

સરકાર ﷺની સમક્ષ આજિઝી દર્શાવતી સરખામણીને બદલી નાખવામાં આવી અને આ'લા હઝરતે આ પ્રમાણે શેઅર સુધારી આપ્યો કે :

*કબ હૈં દરખ્ત હઝરતેવાલા કે સામને – કુદ્સી ખળે હૈં અર્શે મુઅલ્લાકે સામને (કુદસી = ફરિશ્તા)*

કલમની એક હરકતથી શેઅરની પસ્તીને બુલંદીમાં ફેરવી દીધી.

માજી વાઈસ ચાન્સેલર પ્રોફેસર ડો. મુહમ્મદ ઈસ્હાક કુરૈશી (ફૈસલાબાદ) લખે છે : હઝરત રઝા તે કલમકાર છે કે જેમની તલાશમાં શબ્દો વાણીના જંગલોમાં ભ્રમણ કરતા રહીને ખિદમતમાં હાજર થતા રહે છે અને લાઈનબંધ અદબે મુસ્તફવીથી સરશાર (ભરપૂર) થઈને માથુ ઝુકાવીને ઉભા રહે છે અને (હઝરત રઝા) તેમને અર્થોની યોગ્યતાના માળખામાં ઢાળીને, અને તે શબ્દોને કાયમી હયાતનો જામ પીવડાવીને કલમના સફરને ચાલુ રાખે છે. એ વાત નિશ્ચિત છે કે શબ્દો તથા અર્થોની મુનાસિબત જેટલા પ્રમાણમાં હઝરત રઝાના કલામમાં છે તેનું દ્ષ્ટાંત મળવું એક અશક્ય બાબત છે.

*(બદીઉર્ઝા ફી મદહિલ્ મુસ્તફા, પેજ–૧૪,૧૫)*

આવો ! એ મહાન અજોડ આશિકે રસૂલની ઈશ્કે મુસ્તફા ﷺથી ચૂર કૈફિયતના અમુક નમૂનાઓ જોઈએ અને આપણા ઈમાનને તાજગી બખ્શીએ.

## ★ ઈશ્કે મુસ્તફા ﷺથી ભરપૂર શેઅરોની ઝલકો ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہનો ઈશ્કે નબી ﷺમાં ચૂર આ શેઅર જુઓ :

*યા કાફિલતી ઝીદી અજલક–રહમે બર હસ્રતે તશ્ના લબક*
*મોરા જિયરા લરઝે દરક દરક–તયબહસે અભી ન સુના જાના*

**અર્થાત** : હે કાફલાવાળાઓ ! મારા સાથીઓ ! ખુદાને ખાતર મદીનાનું રોકાણ વધારી દો, કેમ કે તમે મદીનાથી જવાની વાત કરો છો તો મારું દિલ ગભરાયને ધડક ધડક કરે છે અને જાન નીકળી નીકળી જાય છે ! એમાં કોઈ શંકા નથી, કેમ કે જ્યારે આ'લા હઝરત જેવો આશિકે રસૂલ મદીના છોડતો હશે તો તેની વર્ણવેલ હાલત થતી જ હશે. કેમ કે આપણા જેવા નકામા પણ એ સમયે પોતે પોતાને નથી સંભાળી શકતા, તો પછી એ તો આપણા ઈમામ છે ! મદીના મુનવ્વરાને છોડવા તો બાળકો તથા જાનવરો પણ નથી ચાહતાં ! તો પછી આ તો મુજદ્દિદે દીનો મિલ્લત છે એમની આ હાલત કેમ ન થાય ?! સાંભળો !

હઝરત પીર જમાઅત અલી શાહ સાહબ મુહદ્દિષે અલીપુરી رحمۃ اللہ علیہને મદીનામાં એક યતીમ બાળક રડતુ મળ્યું જેનો કોઈ પણ વાલી વારસ ન હતો. આપે ફર્માવ્યું, ચાલ મારી સાથે પાકિસ્તાન ! તને દરેક નેઅમત મળશે. તેણે રડતાં રડતાં રોઝએ પાકની તરફ ઈશારો કરતાં પૂછયું, આ મન્ઝર પણ જોવા મળશે તો ચાલુ તમારી સાથે ?! નહીં તો દુનિયાની બાદશાહીને મદીનાની ફકીરી પર કુર્બાન કરું છું. જ્યારે બાળકોની આ હાલત છે તો ઈશ્કે રસૂલમાં ફના થનાર મુજદ્દિદની આવી હાલત કેમ ન થાય ?!

હઝરત મૌલાના સરદાર અહમદ સાહબ મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન رحمۃ اللہ علیہની પાસે મદીના શરીફમાં એક બંદો રડતો રડતો આવ્યો કે હઝરત ! અજબનો બનાવ બન્યો. ફર્માવ્યું, વર્ણન કરો ! અર્ઝ કરી, મેં રોઝા પાકની પાસે એક બિલાડી બેઠેલી જોયી જે મને ઘણી પ્યારી લાગી. મેં ઈરાદો કર્યો કે હું તેને મદીના શરીફથી પાકિસ્તાન લઈ જાઉં. રાતે હું સૂતો હતો તો જોયું કે હુઝૂર ﷺનો દરબાર લાગેલો છે અને બિલાડી મારી ફરિયાદ કરી રહી છે કે હુઝૂર ! આ મને મદીનાથી પાકિસ્તાન લઈ જવા ચાહે છે !

એક નઅતે પાકમાં આ'લા હઝરત લખે છે :

*તૂબા મેં જો સબસે ઊંચી નાઝુક સીધી નિકલી શાખ – માંગૂં નઅતે નબી લિખનેકો રૂહે કુદ્દસસે ઐસી શાખ*
*(તૂબા = જન્નતની ઝાડ, રૂહે કુદ્દસ = જિબ્રઈલ علیہ السلام)*

**અર્થાત** : આ'લા હઝરત ઈશ્કે મુસ્તફા ﷺમાં સરશાર થઈને કહે છે, હઝરત જિબ્રઈલ علیہ السلامની ખિદમતમાં ગુઝારિશ છે કે જન્નતના ખુશબોદાર ઝાડ (તૂબા)ની સીધી, ઊંચી તથા અતિશય ઉમદા શાખ અતા કરે જેથી તેની કલમ બનાવીને ખુદા તથા ખુદાઈના મહબૂબ ﷺની એના વડે નઅત લખું જેથી એ કલમની નઝાકતોના થકી નઅત શરીફની નઝાકતોને કાળજીથી યથાવત રાખીને નઅત લખવાનો હક્ક અદા કરવામાં આવે.

એક નઅતમાં લખે છે :

*જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા – જિસકો હો દર્દકા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં !*

**અર્થાત** : આકાએ દો જહાં ﷺની મહોબ્બત અમારી જાન છે, બલ્કે અમારી હજારો જાનો એના પર કુર્બાન છે ! અલ્લાહ તઆલા એમાં બરકત પેદા ફર્માવે. બાકી રહ્યું એમની મહોબ્બતમાં રડવું તથા આંસૂ

વહાવવું, તો આ એવું દર્દ છે કે જેનો અમે ઈલાજ કરવા જ નથી ચાહતા ! કેમ કે જેને આ દર્દમાં મજા આવી ગઈ છે તે ઈલાજ કે સારવાર કરાવવાથી બેઝાર રહે છે. સુબ્હાનલ્લાહ ! આ છે આ'લા હઝરતનો ઈશ્ક઼ ! ખુદા તઆલા આપણને એનો સદક઼ો અતા કરે. લખાણ લાંબુ ન થાય જેથી અમુક શેઅરો જ આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈશ્કે મુસ્તફાથી છલકાતા નક઼લ કરી દઈએ છીએ એને વારંવાર વાંચો અને દિલમાં ઈશ્કે મુસ્તફાની ચાસણી પેદા કરો.

*ભીની સુહાની સુબ્હમેં ઠંડક જિગરકી હૈ – કલિયાં ખિલીં દિલોંકી હવા યહ કિધરકી હૈ*
*હમ ગિર્દે કા'બા ફિરતે કલ તક ઔર આજ વો – હમ પર નિષાર હૈ યે ઈરાદત કિધરકી હૈ*
*હાં ! હાં ! રાહે મદીના હૈ ગાફિલ ઝરા તૂ જાગ – ઓ પાંવ રખનેવાલે ! યે જગહ વઝએ સરકી હૈ*

★

*હાજીઓ ! આઓ ! શહનશાહ કા રોઝા દેખો – કા'બા તો દેખ ચૂકે કા'બે કા કા'બા દેખો*

★

*લહદમેં ઈશ્કે રુખે શહકા દાગ લે કે ચલે – અંધેરી રાત સુની થી ચિરાગ લે કે ચલે*

★

*યા ઈલાહી જબ 'રઝા' ખ્વાબે ગિરાંસે સર ઉઠાએ – દૌલતે બેદાર ઈશ્કે મુસ્તફાકા સાથ હો*

★

*સર તા બક઼દમ તને સુલ્તાને ઝમન ફૂલ – લબ ફૂલ, દહન ફૂલ, ઝકન ફૂલ, બદન ફૂલ*

★

*કરૂં તેરે નામ પે જાં ફિદા, બસ એક જાં નહીં દો જહાં ફિદા*
*દો જહાંસે ભી નહીં જી ભરા, કરું ક્યા કરોળોં જહાં નહીં*

એક વ્યક્તિએ ખિદમતમાં હાજર થઈને નાનાપારાના નવાબની શાનમાં ક઼સીદો લખવાની દરખાસ્ત કરી. (કે ખૂબ નઝરાણાં આપશે !) ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઈમાની ગૈરત જોશમાં આવી અને લખ્યું :

*કરું મદહે અહલે દોવલ રઝા ! પળે ઈસ બલામેં મેરી બલા !*
*મૈં ગદા હૂં અપને કરીમ કા, મેરા દીન પારએ નાં નહીં !*
*(પારાએ નાં = રોટીનો ટુકડો)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાયરી અને કાવ્ય રચનામાં પણ દુનિયાથી બેરગબતીનું વર્ણન મળે છે. આક઼ાએ કરીમ ﷺની બારગાહમાં દુનિયાના ગમ અને ફિકરથી છૂટકારા માટે આ રીતે અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! ﷺ

*કાંટા મેરે જિગર સે ગ઼મે રોઝગાર કા–યું ખીંચ લીજીયે કે જિગર કો ખબર ન હો*

સારાંશ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના દિલમાં ઈશ્કે મુસ્તફા ﷺનાં મોજાં મારતો એવો સમુદ્ર ભરેલો હતો કે જ્યારે પણ ક઼લમ ચલાવી જાંનિષારી તથા સર્વસ્વ કુર્બાન કરવાનો જઝબો પ્રદર્શિત થતો રહ્યો. દરેક વાત, વાણી તથા કલામ ઈશ્કે મુસ્તફા ﷺથી સરશાર તથા લબરેઝ તથા ઈશ્ક઼ને છલકાવતુ હતું. સુબ્હાનલ્લાહ !

## ★ ઈશ્કે મુસ્તફા ﷺથી લબરેઝ બે અજોડ કસીદાઓ વિશે જાણો ★

**કસીદા : ૧.** ''કસીદએ મેઅરાજિયહ'' જેનો પ્રથમ શેઅર આ છે :–

વો સરવરે કિશ્વરે રિસાલત જો અર્શ પર જલ્વાગર હુએ થે
નયે નિરાલે તરબ કે સામાં અરબ કે મહમાનકે લિએ થે
*(સરવર = સરદાર, બાદશાહ. કિશ્વર = મુલ્ક. તરબ = ખુશી)*

**અર્થાત :** રિસાલત તથા નબુવ્વતના દેશના સરબરાહ તથા બાદશાહ (નબી અકરમ ﷺ) શબે મેઅરાજના જ્યારે અર્શે મુઅલ્લા પર જલ્વાગર થયા તો અરબના આ મહમાને ઝીશાનની ખુશીના માટે ખુશી ઉપજાવનારા તમામ સબબોને એકત્ર કરી દેવામાં આવ્યા, જેના નિરાલાપણા અને ઉમદાપણાનું વર્ણન નથી કરી શકાતું.

**કસીદા મેઅરાજિયહ લખવાનો સબબ :** હઝરત શાહ તુરાબુલ હક્ક કાદરી رحمۃ اللہ علیہ લખે છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ કસીદાનો સબબ એક શાઈરનો કસીદો હતો જે મેઅરાજ શરીફથી જ સંબંધિત હતો જેને લઈને તે આ'લા હઝરતની પાસે આવ્યા અને સાંભળવાની દરખાસ્ત કરી. આપે ફર્માવ્યું કે અત્યારે મારી પાસે સમય નથી, તમો અસ્ર બાદ આવજો. જ્યારે અસ્ર બાદ તે આવ્યા તો આપે એ સમય સુધી પોતાનો આ મેઅરાજિયા કસીદો સંપૂર્ણ ૬૭ શેઅરોનો લખી નાખ્યો અને ફર્માવ્યું, પહેલાં મારા પાસેથી કાંઈક સાંભળી લો જે મેં આપના ગયા પછી લખ્યું છે. આપે એની સામે જે પઢયું તો તે અચંબામાં પડી ગયો. અશ્આરની મઅનવિયત, શબ્દોનો ઉતાર ચઢાવ, જુમ્લા (વાક્યો)ની નશિસ્તો બરખાસ્ત અને સફરે મેઅરાજને એ અંદાઝમાં શેઅરોમાં પરોવ્યો કે શાઈર પોતાનો કસીદો સંભળાવ્યા વિના જ પાછો જતો રહ્યો ! એટલે કે પોતાનો કસીદો સંભળાવવાથી માફી ચાહી લીધી. કસીદાએ મેઅરાજ કેવળ સફરે મેઅરાજ, મોઅજિઝાઓ તથા બનાવોનો સંગ્રહ જ નથી, બલ્કે એમાં હુઝૂર ﷺની તારીફ તથા તૌસીફમાં એક પુરવકાર તરીકાથી એવી મન્ઝરકશી કરવામાં આવી છે કે શાઈરોની અક્કલો દંગ તથા હૈરાન છે. યકીન જાણો કે ગુજરેલી સદીના શાઈરોના કલામની સામે જો આ'લા હઝરતનો કેવળ કસીદએ મેઅરાજિયહ જ રાખી દેવામાં આવે તો તમામ શાઈરોના સર્વ કલામો પર આ એક કસીદો જ છવાઈ જાય. જેમ કે એના પર બે ઈમાન અફરોઝ બનાવો જોઈ લો.

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! આ તે જ કસીદએ મેઅરાજિયહ છે કે ઉર્દૂના એક મશ્હૂર નઅત ગો શાઈર હઝરત મોહસિન કાકોરવીએ એકવાર પોતાનો કસીદો સંભળાવવા માટે હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની બારગાહમાં બરેલી શરીફ હાજરી આપી. તેમનો કસીદો પણ મેઅરાજિયહ જ હતો, જેનો મત્લઅ છે :

*સિમ્તે કાશીસે ચલા જાનિબે સુથરા બાદલ–બર્ક કે કાંધે પે લાઈ હૈ સબા ગંગાજલ*

ઝોહરની નમાઝ બાદ હઝરત મોહસિન કાકોરવીએ એના શેઅરો સંભળાવવા શરૂ કર્યા. હજી બે જ શેઅરો પઢી શક્યા કે હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે બસ કરો ! અસરની નમાઝ બાદ બીજા શેઅરો સાંભળવામાં આવશે. એ જ ઝોહર તથા અસ્રની દરમ્યાન આપે પોતાનો આ કસીદએ મેઅરાજિયા કહ્યો અને જ્યારે મજલિસ બેઠી તો પ્રથમ ઈમામ અહમદ રઝાએ પોતાનો કસીદો સંભળાવ્યો. તેને સાંભળીને હઝરત મોહસિને કહ્યું, મૌલાના ! હવે બસ કરો. આના પછી હું મારો કસીદો હવે સંભળાવી નથી શકતો.

મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અશરફી કછોછવી رحمۃ اللہ علیہ વર્ણવે છે કે લખનૌના સાહિત્યકારો (અદીબો)ની એક શાનદાર મેહફિલમાં આ'લા હઝરતનો કૃસીદએ મેઅરાજિયા મેં મારા ખાસ અંદાઝમાં પઢીને સંભળાવ્યો તો સૌ ઝુમવા લાગ્યા ! મેં એલાન કર્યું કે ઉર્દૂ અદબની દષ્ટિએ હું અદીબોનો ફેંસલો આ કૃસીદાની ઝબાનના વિશે સાંભળવા ચાહું છું. તો સૌએ કહ્યું : એની ઝબાન તો કૌષર તથા તસ્નીમથી ધોએલી છે.

આ પ્રકારનો એક બીજો બનાવ પણ દિલ્હીમાં ઉપસ્થિત થયો તો ઉપસ્થિત રહેલા શાઈરોએ કહ્યું કે, "અમને કાંઈ ન પૂછો ! આપ ઉમ્રભર પઢતા રહો અને અમો જીવનભર સાંભળતા રહીશું !

*(શરહે હદાઈક઼ે બખ્શિશ, અઝ : મૌલાના ગુલામ હસન કૃાદરી–લાહોર)*

**કૃસીદા : ૨.** "કૃસીદએ નૂર" જેનો પ્રથમ શેઅર આ છે :

*સુબ્હ તયબહમેં હૂઈ બટતા હૈ બાળા નૂર કા – સદક઼ા લેને નૂરકા આયા હૈ તારા નૂર કા*

અને છેલ્લો શેઅર આ છે :

*અય 'રઝા' યહ અહમદે નૂરીકા ફયઝે નૂર હૈ – હો ગઈ મેરી ગઝલ બળ્હકર કૃસીદા નૂર કા*

"સૌ પ્રથમ" આ કૃસીદો ઉર્સે કૃાદરી બદાયૂનીમાં ૫ જમાદિયુલ આખર હિ. ૧૩૧૭ના રોજ પઢવામાં આવ્યો જેમાં હિંદુસ્તાનના નામવર પ્રખ્યાત ઉલમા તથા મશાઈખ મૌલાના અબ્દુલ કૃાદિર બદાયૂની, મૌલાના વસી અહમદ મુહદ્દિષે સૂરતી, મૌલાના હાદી અલી ખાન સીતાપુરી, મૌલાના હિદાયત રસૂલ, શાહ મુહમ્મદ ફાખિર ઈલાહાબાદી, મૌલાના અબ્દુસ્સમદ સહવાની, શાહ અલી હુસૈન અશરફી મિયાં કછોછવી, શાહ તજમ્મુલ હુસૈન શાહજહાંપુરી વગેરે મૌજૂદ હતા. હઝરત શાહ અબુલ હુસૈન નૂરી મિયાં સદરે મશાઈખ હતા. હઝરત ફાઝિલે બરેલ્વી પણ બિરાજેલ હતા. બદાયૂંના મશહૂર નઅતખ્વાં હબીબ કૃાદરી મરહૂમે પોતાના વિશિષ્ટ અંદાઝમાં "કૃસીદએ નૂર" પઢયો. લોકો વર્ણવતા હતા કે મેહફિલ સરાપા નૂર બની ગઈ ! એક એક શેઅર ચાર ચાર પાંચ પાંચ વાર પઢવામાં આવ્યો. કૈફ તથા સુરૂર (ખુશી)ની એક કૈફિયત છવાઈ ગઈ હતી. તેહસીન (દાદ) તથા આફરીનના નારા હતા. દસ વાગે આ કૃસીદો શરૂ થયો અને ઝોહરની આગળ આગળ પૂરો થયો. હઝરત શાહ અહમદ નૂરી قُدِّسَ سِرَّہُ الْعَزِیْز એ જેઓ ગરદન ઝુકાવીને મુરાકેબામાં જણાતા હતા, ગરદન ઉઠાવી અને દુઆ માટે હાથ ઉઠાવ્યા. હઝરત ફાઝિલે બરેલ્વી દીવાનગીભર્યા અંદાઝ સાથે ઉઠયા અને એકદમ એક ચીસ નીકળી અને હઝરત મિયાં સાહબ કિ઼બ્લાની જાંગો મુબારક પર માથુ રાખી દીધું.... સુબ્હાનલ્લાહ !

*–(શરહે હદાઈકે બખ્શિશ, અઝ : મૌલાના ગુલામ હસન કૃાદરી, લાહોર)*

ઈશ્કે મુસ્તફા ﷺથી ચૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہની કૈફિયતોથી દિલને સુરૂર તથા રાહત બખ્શવી હોય તો "શરહે હદાઈકે બખ્શિશ" વાંચશો.

## ★ આ'લા હઝરતનો સાચો ઈશ્કે રસૂલ અને આપણી હાલત ! ★

આજે રસૂલે પાક ﷺથી મહોબ્બતનો ચાહતનો તથા ઈશ્કનો દાવો તો સૌ કોઈ કરે છે પણ ઈશ્કે મુસ્તફા ﷺના તકાઝાઓને અમુક જ નિભાવતા જોવા મળે છે. આજે આ'લા હઝરતથી મહોબ્બતના દાવેદારોની કમી નથી. "ઈશ્કો મહબ્બત ! ઈશ્કો મહબ્બત ! આ'લા હઝરત ! આ'લા હઝરત !"ના નારાઓ

ખૂબ મારવામાં આવે છે. ''મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ !''ના નારા મારનારાઓનું બજાર પણ ખૂબ જ ગરમ છે પણ આ'લા હઝરતના કિરદારથી, ઈશ્કે નબી ﷺના તકાઝાઓથી વિમુખ લોકોનું જીવન જોવા મળે છે. તમામ દીની ફર્ઝો નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત વગેરે બાબતે અલ્લાહ વ રસૂલના હુકમોની પાબંદી આ'લા હઝરતે કેવી કરી તેના માટે વાંચશો તો દંગ રહી જશો કે શરીઅત તથા સુન્નતની પાસદારી આપે કેવી રીતે કરી. જ્યારે આપણે અમલી જિંદગીમાં નારા મારવાથી આગળ વધી શકયા નથી. નઅતની મેહફિલોમાં નઅતખ્વાનો ઉપર રૂપિયાનો વરસાદ વરસાવી નબીની ચાહતનો મોટાભાગે આડંબર જ થતો હોય છે, (ઈલ્લા માશા અલ્લાહ !) પણ અમલના નામે મીંડુ ! તો એવા દેખાવના ચાહકોએ સત્વરે તૌબા કરી ફર્ઝોની, વાજિબોની, સુન્નતોની, શરીઅતની પાબંદી કરી લેવી જોઈએ, નહીં તો રિયાકારોનો અંજામ તો ખૂબ જ બુરો થવાનો છે !

## ★ ઈશ્કે નબી ﷺનો તકાઝો આ છે ! ★

બીજુ અતિ આશ્ચર્ય ત્યારે થાય છે કે ઈશ્કે નબી ﷺના દાવેદારો, કહેવાતા આશિકે રસૂલ જ્યારે ખુદા વ રસૂલના દુશ્મનોથી સગાઈ સંબંધ, દોસ્તી ઉઠક બેઠક, તેમની સાથે ખાણી પીણીની મેહફિલો કરતા જોવા મળે છે ! દીની મજમામાં તો ''મસ્લકે આ'લા હઝરત''ના નારા કૂદી કૂદીને મારે છે પણ બહાર નીકળીને ગુસ્તાખે રસૂલ લોકોને ભેટતા જોવા મળે છે ! પોતાની બહેનોને, દીકરીઓને, ફોઈઓને જાણવા છતાં તેમની સાથે વરસો સુધી પત્ની તરીકે રહેવા દે છે ! તેમના ઘરે તેમના બદમઝહબ સગા આવે તો ઈજ્જતથી દાવતો થાય છે. તેમની સાથે દીકરી વહેવાર થાય છે ! શું આ'લા હઝરતે આ બધુ હરામ તથા ઈમાન માટે કાતિલ ઝહેર હોવું નથી દર્શાવ્યું ?! લખાણ ન લંબાવતાં અંતમાં સાચા આશિકે રસૂલ આ'લા હઝરત رحمۃ اللہ علیہની વસીયત લોકોની જાણ માટે રજૂ કરી દઈએ છીએ તેને વાંચો અને જો તમે સાચે જ આશિકે રસૂલ છો તો તેના પર અમલ કરો.

**''હે લોકો ! તમે મુસ્તફા જાને રહમત ﷺનાં ભોળાં ઘેટાઓ છો અને વરૂઓ તમારી ચારેવ તરફ છે, તેઓ ચાહે છે કે તમને બહેકાવે, તમને ફિત્નામાં નાખી દે, તમને પોતાની સાથે જહન્નમમાં લઈ જાય, તેમનાથી બચો ! અને દૂર ભાગો ! દેવબંદી થયા, રાફઝી થયા, નેચરી થયા, કાદયાની થયા...... સારાંશ કે કેટલાયે ફિર્કા થયા એ સૌ વરૂઓ છે, તમારા ઈમાનની તાકમાં છે, તેમના હુમ્લાઓથી ઈમાનને બચાવો !.... જેનાથી અલ્લાહ વ રસૂલની શાનમાં રજમાત્ર તૌહીન (બેઅદબી) જુઓ, પછી તે તમારો ગમે તેટલો પ્યારો કેમ ન હોય ! તુરત જ તેનાથી અલગ થઈ જાવ ! જેને બારગાહે રિસાલતમાં જરા સરખો પણ ગુસ્તાખ જુઓ, પછી તે તમારો બુઝુર્ગ તથા મોભાવાળો કેમ ન હોય, તમારા અંદરથી તેને દૂધમાંથી માખની જેમ કાઢીને ફેંકી દો. હું પોણા ચૌદ વરસની ઉમરથી એ જ બતાવતો રહ્યો અને અત્યારે પણ ફરી એ જ કહી રહ્યો છું.....જેણે આ સાંભળ્યું અને માન્યું કયામતના દિવસે તેના માટે નૂર તથા નજાત છે અને જેણે ન માન્યું તેના માટે અંધકાર તથા બર્બાદી છે.** જે અહીં હોય તે સાંભળે અને માને અને જેઓ અહીં મૌજૂદ નથી તેમના માટે હાજરજનો પર ફર્ઝ છે કે ગેરહાજર લોકોને એનાથી માહિતગાર કરે.''

*–(તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.**

وَ اِذْ غَدَوْتَ مِنْ اَهْلِكَ تُبَوِّئُ الْمُؤْمِنِيْنَ مَقَاعِدَ
لِلْقِتَالِ ؕ وَ اللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۱۲۱﴾ اِذْ هَمَّتْ طَّآىِٕفَتٰنِ
مِنْكُمْ اَنْ تَفْشَلَا ۙ وَ اللّٰهُ وَلِيُّهُمَا ؕ وَ عَلَى اللّٰهِ
فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿۱۲۲﴾ وَ لَقَدْ نَصَرَكُمُ اللّٰهُ بِبَدْرٍ
وَّ اَنْتُمْ اَذِلَّةٌ ۚ فَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۱۲۳﴾ اِذْ
تَقُوْلُ لِلْمُؤْمِنِيْنَ اَلَنْ يَّكْفِيَكُمْ اَنْ يُّمِدَّكُمْ رَبُّكُمْ
بِثَلٰثَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓىِٕكَةِ مُنْزَلِيْنَ ﴿۱۲۴﴾ بَلٰۤى ۙ اِنْ
تَصْبِرُوْا وَ تَتَّقُوْا وَ يَاْتُوْكُمْ مِّنْ فَوْرِهِمْ هٰذَا
يُمْدِدْكُمْ رَبُّكُمْ بِخَمْسَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓىِٕكَةِ
مُسَوِّمِيْنَ ﴿۱۲۵﴾ وَ مَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى لَكُمْ وَ
لِتَطْمَىِٕنَّ قُلُوْبُكُمْ بِهٖ ؕ وَ مَا النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ
اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿۱۲۶﴾ لِيَقْطَعَ طَرَفًا مِّنَ الَّذِيْنَ
كَفَرُوْۤا اَوْ يَكْبِتَهُمْ فَيَنْقَلِبُوْا خَآىِٕبِيْنَ ﴿۱۲۷﴾ لَيْسَ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

*અને યાદ કરો અય મહબૂબ ! જ્યારે તમે સવારે[૫૫] નિવાસમાંથી બહાર પધાર્યા. મુસલમાનોને લડાઈના મોર્ચાઓ પર સ્થાપિત કરતા[૫૬] અને અલ્લાહ સાંભળતો જાણતો છે (૧૨૧) જ્યારે તમારામાંથી બે જુથોએ ઈરાદો કર્યો કે બાયલાપણુ કરી જાય[૫૭] અને અલ્લાહ તેમનો સંભાળનાર છે. અને મુસલમાનોને અલ્લાહ પર ભરોસો જોઈએ (૧૨૨) અને બેશક ! અલ્લાહે બદ્રમાં તમારી મદદ કરી જ્યારે તમે તદ્દન સર સામાન વગરના હતા[૫૮] તો અલ્લાહથી ડરો (કે) ક્યાંક શુક્રગુઝાર બનો (૧૨૩) જ્યારે તમે અય મહબૂબ ! મુસલમાનોને ફર્માવતા હતા, શું તમને પૂરતું નથી કે તમારો રબ તમારી મદદ કરે ત્રણ હજાર ફરિશ્તાઓ ઉતારીને ? (૧૨૪) હા ! કેમ નહીં ! જો તમે સબ્ર અને તક્વો કરો, અને કાફિરો આવી પડે (હુમ્લો કરીને) તમારા પર તો તે જ સમયે તમારો રબ તમારી મદદે નિશાનવાળા પાંચ હજાર ફરિશ્તા મોકલશે[૫૯] (૧૨૫) અને આ જીત અલ્લાહે ન કરી પણ તમારી શાંતિ માટે, અને એટલા ખાતર જ કે તમારા દિલોને શાંતિ મળે[૬૦] અને મદદ નથી પણ અલ્લાહ ગાલિબ (ચઢિયાતો) હિકમતવાળા પાસેથી[૬૧] (૧૨૬)*

لَكَ مِنَ الْاَمْرِ شَیْءٌ اَوْ یَتُوْبَ عَلَیْهِمْ اَوْ یُعَذِّبَهُمْ فَاِنَّهُمْ ظٰلِمُوْنَ ﴿۱۲۸﴾ وَ لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَ مَا فِی الْاَرْضِ ؕ یَغْفِرُ لِمَنْ یَّشَآءُ وَ یُعَذِّبُ مَنْ یَّشَآءُ ؕ وَ اللّٰهُ غَفُوْرٌ رَّحِیْمٌ ﴿۱۲۹﴾

*એટલા માટે કે કાફિરોનો એક ભાગ કાપી નાખે[૬૨] અથવા તેમને અપમાનિત કરે કે (જેથી) નિષ્ફળ (થઈને) પરત ફરે (૧૨૭) આ વાત તમારા હાથમાં નથી. ક્યાં તો તેમને તવબહની તવફીક આપે અથવા તેમને અઝાબ કરે કે તેઓ જાલિમ છે (૧૨૮) અને અલ્લાહનું જ છે જે કંઈ આસ્માનોમાં છે અને જે કંઈ જમીનમાં છે. જેને ઈચ્છે તેને માફ કરે અને અઝાબ કરે જેને ઈચ્છે તેને, અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૨૯)*

## :: સમજૂતી ::

**૫૫** : મદીના તય્યિબહમાં ઉહદના જંગ માટે.

**૫૬** : લગભગ બધા જ મુફસ્સિરો કહે છે કે બયાન જંગે ઉહદનું છે, જેનો ટૂંકમાં હેવાલ આ મુજબ છે કે જંગે બદ્રમાં હાર્યા બદલ મુશ્રિકોને ઘણો રંજ હતો, જેથી તેઓએ વેર વાળવાના હેતુથી ભારે સૈન્ય એકઠું કરી ચઢાઈ કરી. જ્યારે રસૂલે કરીમ ﷺને ખબર મળી કે કાફિરોના સૈન્યએ ઉહદમાં પડાવ નાખ્યો છે ત્યારે આપે સહાબા સાથે મંત્રણા કરી, આ મંત્રણામાં અબ્દુલ્લાહ બિન ઉબૈય બિન સલૂલને પણ બોલાવવામાં આવ્યો જેને આ પહેલાં કદી કોઈ મંત્રણા માટે બોલાવવામાં આવ્યો ન હતો. (તે મંત્રણામાં) વધુ પડતા અન્સાર અને મઝકૂર અબ્દુલ્લાહનો અભિપ્રાય એ હતો કે હુઝૂર મદીના શરીફમાં જ રહે. અને કાફિરો (ચઢાઈ કરીને) અહીં સુધી આવે ત્યારે સામનો કરવો. સૈયદે આલમ ﷺની મરજી પણ એ જ હતી, પણ અમુક સહાબાએ કિરામનો મત એવો હતો કે મદીના શરીફથી બહાર નીકળીને લડવું જોઈએ, અને તે વાતને તેઓ વળી રહ્યા.

સૈયદે આલમ ﷺ દોલતખાનામાં તશરીફ લઈ ગયા અને હથિયારો ધારણ કરીને બહાર પધાર્યા, હવે હુઝૂર ﷺને જોઈને તે સહાબાને પસ્તાવો થયો, અને તેઓએ વિનંતી કરી કે હુઝૂરને મશ્વરો આપીને તેને વળગી રહેવામાં અમારી ભૂલ હતી એને માફ ફર્માવો અને જે આપની મરજી મુબારક હોય તેવું કરો. હુઝૂરે ફર્માવ્યું, ''નબીને છાજતુ નથી કે હથિયારો ધારણ કરીને લડાઈ પહેલાં જ તેને છોડી નાખે.''

મુશ્રિકો ઉહદમાં બુધવારે કે જુમેરાતે પહોંચ્યા હતા. અને રસૂલે કરીમ ﷺ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ બાદ એક અન્સારીની જનાઝાની નમાઝ પઢીને રવાના થયા હતા, અને ૧૫મી શવ્વાલ ૩ હિ.સ. શનિવારે ઉહદમાં પહોંચ્યા અને પડાવ નાખ્યો.

ત્યાં ઈસ્લામી સૈન્યના પડાવની પાછળ એક પહાડની ઘાટી હતી, સંભવ હતો કે ત્યાં થઈને દુશ્મન પીઠ પાછળથી હુમલો કરી દે. એટલા માટે હુઝૂર ﷺએ અબ્દુલ્લાહ બિન જુબેરને પચાસ તીરંદાઝો સાથે ત્યાં નક્કી કર્યા. જેથી જો દુશ્મન ત્યાં થઈને હુમલો કરે તો તીરવર્ષા કરીને તેમને પાછા ધકેલી દે. અને હુકમ કર્યો કે કોઈપણ પરિસ્થિતિમાં આ જગ્યા છોડવી નહીં, ભલે જીત થાય કે હાર મળે.

અબ્દુલ્લાહ બિન ઉબૈય બિન સલૂલ મુનાફિક્ જેણે મદીના શરીફમાં રહીને જંગ કરવાનો અભિપ્રાય આપ્યો હતો તે હવે પોતાના મત વિરૂદ્ધ કરવા બદલ વિરોધી થયો અને કહેવા લાગ્યો કે હુઝૂર ﷺએ નવજુવાન છોકરાઓનું કહેવું કેમ માની લીધું અને

મારી વાતની કશી પરવા કરી નહીં ! એ અબ્દુલ્લાહ બિન ઉબૈય મુનાફિક઼ સાથે બીજા ત્રણસો મુનાફિક઼ો હતા. તેમને એણે કહ્યું કે જ્યારે શત્રુ ઈસ્લામી લશ્કરની સામે આવી જાય ત્યારે ભાગી છૂટો જેથી ઈસ્લામી લશ્કરમાં અંધાધુંધી મચી જાય અને તમને દેખીને બીજા લોકો પણ ભાગી છૂટે.

મુસ્લિમ સૈન્યની સંખ્યા તે મુનાફિક઼ો સહિત એક હજારની હતી, અને મુશ્રિકો ત્રણ હજાર હતા. સામનો થતાં જ અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક઼ પોતાના ત્રણસો સાથીદારોને લઈને ભાગી નીકળ્યો, અને હુઝૂર ﷺના સાતસો અસ્હાબ આપની સાથે રહ્યા. અલ્લાહ તઆલાએ તેમને અટલ રાખ્યા, એટલા સુધી કે મુશ્રિકોનો પરાજય થયો, હવે સહાબા ભાગી છૂટતા મુશ્રિકોની પાછળ દોડયા. અને હુઝૂર ﷺએ જ્યાં (ઘાટીનો માર્ગ જાળવવા) મૂક્યા હતા ત્યાં કાયમ ન રહ્યા. (મુશ્રિકોનો પીછો કરવા દોડી ગયા) તો અલ્લાહ તઆલાએ તેમને બતાવી દીધું કે બદ્રની લડાઈમાં અલ્લાહ અને તેના રસૂલની ફર્માબરદારીની બરકતથી જીત આપી હતી. અહીં હુઝૂર ﷺના હુકમથી વિરુદ્ધ વર્તવાનું પરિણામ એ આવ્યું કે અલ્લાહ તઆલાએ મુશ્રિકોના દિલોમાંથી રૂઆબ અને ધાક કાઢી નાખ્યાં અને તેઓ (ઘાટીવાળા માર્ગે મુસલમાનો પર) પલ્ટી પડયા ને મુસલમાનોને પરાજય સાંપડયો. રસૂલે કરીમ ﷺ સાથે એક જુથ રહ્યું જેમાં હઝરત અબૂ બક્ર અને હઝરત અલી તથા હઝરત અબ્બાસ, હઝરત તલ્હા અને હઝરત સઅદ હતા. આ લડાઈમાં જ હુઝૂર ﷺ ના દાંત મુબારક શહીદ થયા અને ચેહરો મુબારક ઝખ્મી થયો. એ બાબત આ આયત ઉતરી.

**૫૭ :** એ બન્ને જુથો અન્સારમાંનાં હતાં. એક ખઝરજવાલાઓમાંથી બનુ સલ્મા અને બીજું ઓસવાળામાંથી બનુહારિસા. એ બન્ને (મુસ્લિમ) સૈન્યના બાહુ (સમાન) હતા, જ્યારે અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલૂલ ભાગ્યો ત્યારે એમણે પણ પરત થવાનો ઈરાદો કર્યો. (પણ) અલ્લાહ તઆલાએ કરમ કર્યો અને એમને એનાથી બચાવ્યા તેઓ હુઝૂર ﷺ સાથે અટલ રહ્યા. અહીં તે નેઅમત અને એહસાનનો ઉલ્લેખ કરેલો છે.

**૫૮ :** તમારી સંખ્યા પણ ઓછી હતી. તમારી પાસે શસ્ત્રોની પણ કમી હતી.

**૫૯ :** જેમ કે મુસલમાનોએ બદ્ર (ની લડાઈ)ના દિવસે સબ્ર અને તક઼વાથી કામ લીધું તો અલ્લાહ તઆલાએ વાયદા મુજબ પાંચ હજાર ફરિશ્તાઓની મદદ મોકલી અને મુસ્લિમોની જીત અને કાફિરોની હાર થઈ.

**૬૦ :** દુશ્મનના માનવબળ અને પોતાની અલ્પ સંખ્યાથી પરેશાની અને વ્યાકુળતા ન થાય.

**૬૧ :** માટે બંદાને જોઈએ કે સબબ બનાવનાર (ખુદા) પર નજર રાખે અને તેના પર જ ભરોસો રાખે.

**૬૨ :** એ રીતે કે તેમના મોટા મોટા સરદારો ક઼ત્લ કરવામાં અને કેદ પકડવામાં આવે, જેવી રીતે બદ્ર (ની લડાઈ)માં થયું.


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૫૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૨૫/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**અંધેરી રાત હૈ ગમ કી ઘટા ઈસ્યાં કી કાલી હૈ**
**દિલે બેકસ કા ઉસ વક઼તમેં આક઼ા તૂ હી વાલી હૈ**

*(ઈસ્યાં = ગુનાહો)*

**અર્થાત** : એમાં કોઈ શંકાને સ્થાન નથી કે (ક઼બ્રની) રાત અંધારી હશે અને એના પર બીજી મુસીબત એ કે ગુનાહોની કાળી સિયાહ ઘટા પણ છવાયેલી હશે. હે મારા પ્યારા નબી ! ﷺ મારા કમજોર તથા મજબૂર, લાચાર દિલના (કે જે આ કલ્પનાથી જ બેસી રહ્યું છે) આપ જ મદદગાર તથા શુભેચ્છક છો.

કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પર આપણી તકલીફો ભારે ગુજરે છે, પછી આપ સરકાર ﷺ કેવી રીતે સહન કરશે કે આપણે દોઝખનું બળતણ બનીએ ? عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۲۸﴾ **તર્જુમો** : "જેમના પર તમારું તકલીફોમાં પડવું ભારે છે. તમારી ભલાઈના ખૂબ જ ચાહવાવાળા. મુસલમાનો પર કમાલના મહેરબાન મહેરબાન." *(સૂરએ તૌબા, ૯/૧૨૮)* આટલો મજબૂત સહારો હોવા છતાં મૌત તથા ક઼બ્રને યાદ કરીને રડવું અને પોતાના ઉપર ખૌફની કૈફિયત લાગુ કરવી ઈમાનની નિશાની છે, અને ઈમાનવાળાઓનું કામ નથી તો બીજુ શું છે ? કેમ કે الایمان بین الخوف والرجاء ઈમાન અલ્લાહથી ડરવાની અને તેની રહ઼મતથી ઉમ્મીદ હોવાની દરિમયાની હાલતનું નામ છે. ખાસ કરીને તે લોકો જેમની જિંદગી ઢળી ગઈ અને ઘડપણ શરૂ થઈ ગયું છે, જો કે મૌત તો બાળક, વૃદ્ધ તથા જવાન સૌને ખૂબ જ ઝડપભેર ખાતુ જ રહ્યું છે, તેમ છતાં બાળક તથા યુવાનની જિંદગીની શક્યતાઓ વૃદ્ધ કરતાં અધિક હોય છે, જેથી હે પોતાની જિંદગીની અધિક પળો ગુજારનાર ! તારા માટે કોઈએ કહ્યું છે :–

*કર ન પીરીમેં તૂ ગફલત ઈખ્તિયાર–ઝિંદગી કા અબ નહીં કુછ એ'તબાર*
*હલક પર હૈ મૌત કે ખંજર કી ધાર–કર બસ અબ અપને કો મુર્દોં મેં શુમાર*
*એક દિન મરના હૈ આખિર મૌત હૈ–કર લે જો કરના હૈ આખિર મૌત હૈ*

**ન હો માયૂસ આતી હૈ સદા ગોરે ગરીબાં સે**
**નબી ઉમ્મત કા હામી હૈ ખુદા બંદોં કા વાલી હૈ**

*(ગોરે ગરીબાં = મુસાફરો કે ફકીરોનું ક઼બ્રસ્તાન, મુરાદ મહોબ્બતવાળા છે)*

**અર્થાત :** પરંતુ હે ગુનેહગાર ! માયૂસી (નિરાશા) જાઈઝ નથી. જરા ગરીબોના કબ્રસ્તાનની તરફ કાન ધર (કે તેમને મહબૂબની રહ્મતનો સહારો મળી ગયો છે જેથી) ત્યાંથી સતત આ દિલને ખુશ કરનારી સદા આવી રહી છે : ઉદાસ થવાની જરૂરત નથી ! કેમ કે :–

*મેરા અલ્લાહ ભી કરીમ ઉસ્કે મુહમ્મદ ભી કરીમ–દો કરીમોં મેં ગુનેહગાર કી બન આઈ હૈ*

**ઉતરતે ચાંદ ઢલતી ચાંદની જો હો સકે કર લે**
**અંધેરા પાખ આતા હૈ યહ દો દિન કી ઉજાલી હૈ**

*(પાખ = પખવાડીયું, ૧૫ દિવસ)*

**અર્થાત :** હે દુનિયાના ગાફિલ મુસાફિર ! તારી યુવાનીનો ચાંદ તો ડૂબવાની નજીક જઈ રહ્યો છે અને રોશની (યુવાનીના આલમનું જોબન) દિન પ્રતિ દિન ઘટતી જઈ રહી છે. કાંઈ ન કાંઈ તો કરી લે નહીં તો તેના પછી જ પખવાડીયુ (ઘડપણ) આવી રહ્યું છે તે અંધકારમય હશે, એમાં તું લાચાર તથા મજબૂર થઈ જઈશ.

**અરે ! યહ ભેળિયોં કા બન હૈ, ઔર શામ આ ગઈ સર પર !**
**કહાં સોયા મુસાફિર ? હાએ ! કિતના લા ઉબાલી હૈ**

*(લા ઉબાલી = બેપરવા)*

**અર્થાત :** હે દુનિયાના થોડા દિવસોના મહેમાન તથા મુસાફર ! આ દુનિયા તો વરૂઓનું જંગલ છે અને હવે રાત થવાની છે, જ્યારે તું હજી સુધી બેખબર બનીને સૂતેલો છે. હાય ! અફસોસ ! તું કેટલા પ્રમાણમાં બેપરવા તથા ગાફિલ છે ! એવા ગાફેલ મુસાફરનો જે અંજામ થશે તે સૌની સામે છે.

**અંધેરા ઘર અકેલી જાન, દમ ઘુટતા, દિલ ઉકતાતા**
**ખુદા કો યાદ કર પ્યારે, વો સાઅત આને વાલી હૈ**

*(સાઅત = ઘડી)*

**અર્થાત :** દુનિયાના ઘરની તો તને ઘણી જ ફિકર લાગેલી છે. ક્યારેક આખેરતના ઘર કબ્રની પણ કાંઈ ખબર લીધી ? જ્યાં સખત અંધારુ હશે, શ્વાસ ઘુંટાતો હશે અને દિલ ગભરાતુ હશે. હે અલ્લાહના બંદા ! અલ્લાહને યાદ કર્યા કર, કેમ કે નજીકમાં જ આ સમય તારા ઉપર પણ આવનારો છે.

*એક દિન મરના હૈ આખિર મૌત હૈ–કર લે જો કરના હૈ આખિર મૌત હૈ*

**ઝમીન તપતી, કટીલી રાહ, ભારી બોજ, ઘાઈલ પાઉં**
**મુસીબતેં ઝેલનેવાલે તેરા અલ્લાહ વાલી હૈ**

*(કટીલી = કાંટાળી)*

**અર્થાત :** યાદ કર હે ગાફિલ મુસલમાન ! તે મન્ઝરને કે જ્યારે જમીન તાંબાની જેમ તપતી હશે, રસ્તો ભોંકાય જનાર કાંટાઓ વડે (મુશ્કેલીઓ તથા મુસીબતોથી) ભરપુર હશે. ગુનાહોનો બોજ તેં પહેલેથી જ ઘણો ભારી કરી લીધો છે જ્યારે કે તારા પગો પણ ઝખ્મોથી ચૂર ચૂર છે. હાય ! હે બીચારા ગાફેલ મુસલમાન ! આ હાલતમાં તો અલ્લાહ જ માલિક છે ! ખુદા તારી ઉપર રહમ કરે !

**ન ચોંકા દિન હૈ ઢલને પર, તેરી મંઝિલ હૂઈ ખોટી**
**અરે ઓ જાનેવાલે ! નીંદ યહ કબ કી નિકાલી હૈ**

**અર્થાત :** હે દુનિયાના મુસાફિરખાનાના થોડા દિવસોના મુસાફર ! તેં હજી સફરની તૈયારી નથી કરી ? જ્યારે કે મંઝિલ તારી ઘણે દૂર છે, સફર લાંબો છે, ઉઠીને ચાલીશ તો મંઝિલ પર પહોંચીશ. સફર જ કામયાબીનો સબબ હોય છે, ભલે કહેવામાં આવ્યું કે السفر سقر ولو كان ميلا સફર અઝાબ છે, ભલે એક જ માઈલનો હોય. અરે થોડા દિવસો પછી દુનિયાને છોડીને જનાર ! તેં આટલી મીઠી ઊંઘ કેવી રીતે લીધી છે કે જાગવાનું નામ જ નથી લેતો !

**'રઝા' મંઝિલ તો જૈસી હૈ, વોહ એક મૈં ક્યા સભી કો હૈ**
**તુમ ઉસકો રોતે હો યહ તો કહૂં યહાં હાથ ખાલી હૈ**

**અર્થાત :** હે અહમદ રઝા ! (ગદાએ દરે ખૈરુલ વરા !) ભલે સંજોગો એવા જ છે જેમ કે તું મારા શેઅરો વર્ણવી રહ્યો છે, પરંતુ કેવળ તારા એકલાના માટે જ તો નથી, બલ્કે સૌના માટે આ સફર તો ગમે તે રીતે પાર થઈ જ જશે, એનું શું રડવું ?! પણ રડવું તો એનું છે કે હાથ પણ ખાલી છે ! અમલની પુંજી પણ પાસે નથી, એટલા માટે પરિણામે પણ ખતરો છે ! અથવા બીજા શેઅરનું અંતિમ ટુકડો સવાલ રૂપે છે, એટલે કે કેમ રડે છો ?! જુઓ તો તમારા આક઼ા ﷺના હાથ કાંઈ ખાલી નથી ! એનામાં શફાઅત છે, રહ઼મત છે, કરમ છે, બખ્શિશ છે, સારાંશ : *દો જહાં કી નેઅમતેં હૈં ઉન્કે ખાલી હાથમેં !*

આ નઝમમાં ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ અહલે સુન્નતને કેવી રીતે મધ્યમ માર્ગ પર લાવવાની કોશિશ કરી છે, કેમ કે આપણામાંથી અમુક લોકો એવા બેઅમલ છે કે અલ્લાહની રહમત અને હુઝૂર ﷺની શફાઅતનો મતલબ તેમણે એ સમજી રાખ્યો છે કે નેક અમલોની જરૂરત જ નથી ! (નઊઝુબિલ્લાહ !) જ્યારે કે કુર્આન મજીદમાં અનેક જગાએ આખેરતની કામયાબીનો દારોમદાર ઈમાન તથા નેક અમલો પર રાખ્યો છે.

اِنَّ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ سَیَجۡعَلُ لَہُمُ الرَّحۡمٰنُ وُدًّا ﴿۹۶﴾ **તર્જુમો** : "બેશક ! તે જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં નજીકમાં જ એમના માટે રહમાન મહોબ્બત કરી આપશે." *(સૂરએ મરયમ, ૧૯/૯૬)*

اِنَّ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ کَانَتۡ لَہُمۡ جَنّٰتُ الۡفِرۡدَوۡسِ نُزُلًا ﴿۱۰۷﴾ **તર્જુમો** : " બેશક ! જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં, ફિરદોસના બાગ તેમની મહેમાની છે." *(સૂરએ કહ્ફ, ૧૮/૧૦૭)*

وَ بَشِّرِ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَہُمۡ جَنّٰتٍ تَجۡرِیۡ مِنۡ تَحۡتِہَا الۡاَنۡہٰرُ **તર્જુમો** : "અને ખુશખબરી આપ તેમને જે ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં કે તેમના માટે બાગ છે જેની નીચે નહેરો વહે છે."

*(સૂરએ બક઼રહ, ૨/૨૫)*

વળી કેટલાક એવા લોકો પણ છે જેઓ કેવળ અમલો પર જ સઘળુ જોર લગાડે છે અને અક઼ીદા તથા ઈમાન પ્રતિ ધ્યાન જ નથી કરતા, જ્યારે કે અમલોની ક઼બૂલિયતનો આધાર અક઼ીદાના સહીહ હોવા પર જ છે. એટલા માટે ઉપરોક્ત આયતોમાં દરેક જગાએ اٰمَنُوۡا (હે ઈમાનવાળાઓ) છે પછી عَمِلُوا الصّٰلِحٰتِ (નેક અમલ કરો) છે.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہએ બંનેવ નેઅમતો હાંસલ કરવા પ્રતિ આકર્ષ્યા છે. જેથી બંનેવ સઆદતો (નેક નસીબીઓ)ને હાંસલ કરવાની કોશિશ કરવામાં આવે અને દરેક પ્રકારની મેહરૂમીથી બચવામાં આવે. અક઼ીદાની પુખ્તગીનો હરગિઝ એ મતલબ નથી કે નેક અમલો કરવાથી બેપરવા થઈ જાય, બલ્કે સહીહ અક઼ીદાવાળાઓએ નેક અમલો લોકો કરતાં અધિક કરવા જોઈએ. અને ન તો રિસાલતને માનવાનો એ મતલબ છે કે તૌહીદનું નામ જ ન લેવામાં આવે. આ બારામાં અમુક કમીઓ જે આપણી અંદર છે તેની સુધારણા પ્રતિ ઉલમાએ ખાસ ધ્યાન આપવું જોઈએ અને લોકો સમક્ષ ''આખેરતની ચિંતા, ખુદાનો ડર, ક઼બ્રની હાલતો, ક઼યામતની ભયાનક્તાઓ કયા ગુનેહગારને કઈ સજા જહન્નમમાં થશે, ઈબાદતો તથા મામલાઓના વિષયોમાં બયાન કરવાની સખત જરૂરત છે. આ જ આ'લા હઝરત رضی اللہ عنہની તા'લીમ છે. કેવળ કિસ્સા મો'જિઝાઓ કરામતો પર જ ન અટકી જવું જોઈએ બલ્કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام તથા બુઝુર્ગોમાં કેવો ખુદાનો ડર હતો અને કેવો અમલો કરતા હતા તે પણ અવશ્ય દર્શાવવું જોઈએ. ......*(ક્રમશઃ)*


## માસુમ ટુર્સ

(૨૫ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ)

**સપ્ટેમ્બર,ઓકટોબર,નવેમ્બર(વેકેશન)ઉમરાહ ૨૦૧૮-૧૯**

| ઉમરાહ પ્રોગ્રામ | | દિવસ | રૂપિયા |
|---|---|---|---|
| ૨૯ સપ્ટેમ્બર<br>૧૩ ઓકટોબર | મુંબઈ થી મદીના<br>જીદ્દાહ થી મુંબઈ | ૧૫ | ૫૫૦૦૦/- |
| ૨૦ ઓકટોબર<br>૦૩ નવેમ્બર | મુંબઈ થી મદીના<br>જીદ્દાહ થી મુંબઈ | ૧૫ | ૫૭૦૦૦/- |
| ૦૩ નવેમ્બર<br>૧૭ નવેમ્બર | મુંબઈ થી મદીના<br>જીદ્દાહ થી મુંબઈ | ૧૫ | ૫૭૦૦૦/- |
| ૧૭ નવેમ્બર<br>૦૧ ડિસેમ્બર<br>ઈદેમિલાદુન્નબી-મદીનાશરીફમાં | મુંબઈ થી મદીના<br>જીદ્દાહ થી મુંબઈ | ૧૫ | ૬૩૦૦૦/- |
| **બગદાદ ઝિયારત**<br>બગદાદ-નઝફ-કરબલા<br>(ગ્યારવી શરીફ બગદાદમાં) | | ૯ થી ૧૦ | ૬૫૦૦૦/- |

ડિસે-જાન્યુ-ફેબ્રુ-માર્ચ,એપ્રિલ-મે તથા રમઝાન શરીફના એડવાન્સ બુકીગ ચાલુ છે.

**અમારી સુવિધાઓ....**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેકટ ફલાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ભરૂચ થી લકઝરી બસની સગવડ લોન્ડ્રી ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મકકા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

૪,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ.

ઈબ્રાહીમ મોટલી: ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી: ૯૫૫૮૬ ૮૬૦૯૨

ઐયુબ મોટલી(હાફેજી): ૯૮૨૪૪ ૦૮૬૯૨ | એઝાઝ ડેલાવાલા: ૯૮૨૪૨ ૦૮૬૯૨


## દર્સી કિતાબ મંગાવો

**કિતાબ :** **બરકાતે સુન્નતે રસૂલ** صلی اللہ علیہ وسلم

**મુઅલ્લિફ :** મૌલાના મુહમ્મદશાકિર નૂરી

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**: મિલને કા પતા :**

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**–૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**હદીષ :** રસૂલે પાક صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારી સાથે મહોબ્બત કરી, અને જેણે મારી સાથે મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે.'' *(જામેઅ તિર્મિઝી, ૫/૪૬)*

**નોંધ :** સુન્નતે રસૂલ صلی اللہ علیہ وسلمની ફઝીલત તથા સહાબાએ કિરામ, બુઝુર્ગાને દીનની સુન્નતોથી મહોબ્બતનાં દષ્ટાંતો તેમજ વિવિધ સુન્નતોનું વિગતવાર વર્ણન વાંચો અને સુન્નતો અપનાવી પોતાની આખેરતને સમારવા કોશિશ કરો.

**હદિયો : રૂા. ૩૦૦/–** (રૂા. ૫૦/– ટપાલ ખર્ચ)

પોસ્ટથી રકમ મોકલવા માટે ઉપર જણાવેલ દયાદરાના સરનામે મનીઓર્ડર કરવો. અથવા બેંકથી મોકલવા માટે નીચેના ખાતામાં રકમ જમા કરવી જાણ કરવી.

**બેંક ઓફ બરોડા–દયાદરા બ્રાન્ચ**

**A/c. No. 34620100000303**

**Razvi Kitab Ghar**

**IFSC Code : BARB0DAYADR**




❑ લેખક ❑
**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**
❑ અનુવાદકો ❑
**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્‌રફિયા–મુબારકપુર)*
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## હજજતુલ વદાઅ

### (ઝુલ હિજ્જહ, હિ.સ. ૧૦)

આપણા પ્યારા આક઼ા ﷺએ ઝી ક઼અદા હિ.સ. ૧૦માં હજજનો ઈરાદો કર્યો. ચો તરફ ખબર કરી દેવામાં આવી કે આ વરસે રસૂલે કરીમ ﷺ હજજના ઈરાદાથી મક્કા તશરીફ લઈ જશે. આ ખબર સાંભળતાં જ મુસલમાનોમાં ખુશીની લહેર દોડી ગઈ અને ચો તરફથી શમ્એ રિસાલતના પરવાનાઓ તૂટી પડયા. અને આપ ﷺ એ શાનની સાથે હજજના માટે રવાના થયા કે આપની સાથે લગભગ એક લાખ ચોવીસ હજાર મુસલમાનોનો મોજાં મારતો સમુદ્ર હતો.

હુઝૂર ﷺએ ઝીક઼અદાની ૨૬ તારીખે જુમેરાતના દિવસે તેહબંદ તથા ચાદર પહેરી અને ઝોહરની નમાઝ મસ્જિદે નબવીમાં અદા કરીને મદીનાથી નીકળી પડયા. પોતાની પાક બીવીઓને પણ ચાલવાનો હુકમ આપ્યો. ચાર ઝીલ હજજમાં આપ મક્કામાં પ્રવેશ્યા. જ્યારે મક્કાવાળઓને જાણ થઈ કે સરકારે કાઈનાત ﷺ તશરીફ લાવી રહ્યા છે તો મક્કાનાં બાળકો ખુશીનાં માર્યાં શહેરની બહાર નીકળી પડયાં. આપે બાળકોને પોતાની ઊંટણી પર બેસાડી લીધાં. અમુકને આગળ અમુકને પાછળ, બાળકો ઊંટણી પર બેસીને ખૂબ જ ખુશ હતાં અને રસૂલુલ્લાહ ﷺ તેમની સાથે વાતો કરતા, મુસ્કુરાતા અને તેમના માથા પર પ્રેમ ભર્યો હાથ ફેરવતા ચાલ્યા જઈ રહ્યા છે. જ્યારે ખાનએ કા'બા પર આપની નિગાહ પડી તો આપે આ દુઆ કરી :–

"હે અલ્લાહ ! તું સલામતી આપવાવાળો છે. અમને સલામતીની સાથે જીવંત રાખ, અને આ ઘર કા'બાની ઈજ્જત તથા અઝમતને અધિક કર, અને જે આ ઘરનો હજજ તથા ઉમરા કરે તેની ઈજ્જત તથા બુઝુર્ગીમાં વધારો કર."

ત્યાર બાદ આપે હજરે અસ્વદનો બોસો લીધો, કા'બાનો તવાફ કર્યો, મક઼ામે ઈબ્રાહીમ પર બે રકાત નમાઝ પઢી અને સફા તથા મરવાની સઈ કરી.

આઠમી ઝીલ હજજ જુમેરાતના દિવસે મિના તશરીફ લઈ ગયા અને નવમી ઝીલ હજજના રોજ જુમ્આના દિવસે અરફાતમાં રોકાણ કર્યું. જ્યારે સૂરજ ઢળી ગયો તો ત્યાં આપે આપની ઊંટણી ક઼સ્વા પર સવાર થઈને ઉમ્મતની હિદાયતના માટે એક એવો ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો જે ક઼યામત સુધીના માટે દસ્તૂર બની ગયો. આપે અલ્લાહની હમ્દો ષનો પછી ઈર્શાદ ફર્માવ્યો :–

## ★ હજ્જતુલ વદાઅમાં ખુત્બો ★

"હે લોકો ! ધ્યાનપૂર્વક સાંભળી લો ! બની શકે છે કે આ વરસ પછી હું તમને ન મળી શકું. જુઓ ! જે રીતે તમે આ મહિના, આ દિવસ અને આ શહેરની ઈજ્જત કરો છો એવી રીતે તમારા પર એકબીજાની જાનો માલનો એહતેરામ પણ જરૂરી છે. અને જાણી લો ! જાહિલિયતના (ઈસ્લામ અગાઉના) સર્વ દસ્તૂર મેં મારા પગો નીચે કચડી કાઢયા. ખૂનરેઝી અને વ્યાજખોરીની નજીક ન જશો. અલ્લાહની કિતાબ અને તેના રસૂલની સુન્નત મજબૂતીથી પકડેલ રહેજો.

હે લોકો ! તમારો રબ એક છે, અને તમો એક બાપની ઔલાદથી છો. કોઈ અરબને કોઈ અજમી પર અને કોઈ ગોરાને કોઈ કાળા પર કોઈ ફઝીલત નથી. હા ! ફઝીલતની ચીજ તક્વો તથા પરહેઝગારી છે.

જુઓ ! તમારી ઉપર સ્ત્રીઓના પણ હક્કો છે, તેમની સાથે બેહતર સુલૂક કરજો, કેમ કે તે તમારી બાંદીઓ છે. ગુલામો સાથે સારો વર્તાવ કરજો, જે પોતે ખાવ તેમને પણ ખવડાવજો, જે પહેરો તેમને પણ પહેરાવશો. તેમની ગલતીઓ માફ કરજો.

અને સાંભળો ! જે લોકો અહીં મૌજૂદ છે તેમણે જોઈએ કે આ હુકમો તેમના સુધી પહોંચાડી આપે જેઓ અહીં મૌજૂદ નથી. શક્ય છે તેઓ તમારાં કરતાં વધુ યાદ રાખે."

ખુત્બાના અંતમાં ફર્માવ્યું :–

"હે લોકો ! બતાવો જ્યારે મારા બારામાં અલ્લાહ તઆલા તમને પૂછશે તો શું જવાબ આપશો ?"

લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે એ વાતની ગવાહી આપીશું કે આપે ખુદાનો પયગામ અમારા સુધી પહોંચાડી આપ્યો અને રિસાલતનો હક્ક અદા કરી આપ્યો.

આ સાંભળીને રસૂલે રહ્મત ﷺએ પોતાની શહાદતની આંગળી આસ્માનની તરફ ઉઠાવી અને લોકોની તરફ ઈશારો કરતાં ત્રણ વાર ઈર્શાદ ફર્માવ્યો :–

"હે અલ્લાહ ! તું ગવાહ રહેજે. હે અલ્લાહ ! તું ગવાહ રહેજે. હે અલ્લાહ ! તું ગવાહ રહેજે."

આ પ્રસંગે આ આયતે કરીમા નાઝિલ થઈ :

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَ اَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَ رَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا

"આજે મેં તમારા માટે તમારો દીન કામિલ કરી આપ્યો અને તમારા પર પોતાની નેઅમત પૂરી કરી દીધી. અને તમારા માટે ઈસ્લામને દીન પસંદ કર્યો." *(સૂરએ માઈદા, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

જયારે આપણા આકા علیہ الصلوٰۃ والسلامએ આ આયતે કરીમા લોકોને સંભળાવી તો હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ રડી પડયા. તે સમજી ગયા કે આપનો આખરી સમય નજીક છે. અને ખૂબ જ જલ્દી આપણા આકા આપણા દરમ્યાનથી રુખસદ થઈ જશે.

ખુત્બા પછી હઝરત બિલાલ رضی اللہ عنہએ અઝાન આપી. ઝોહર તથા અસરની નમાઝ અદા કરવામાં આવી.

આજે પૂરુ અરફાતનું મેદાન અલ્લાહનું નામ લેનારાઓથી ખીચોખીચ ભરાયેલું છે. હુબલ તથા લાતના નામ લેનારા દૂર દૂર સુધી જોવા નથી મળતા. બાવીસ વરસની મહેનત અને કોશિશ પછી હવે અરબની ભૂમિ કુફ્ર તથા શિર્કથી પાક થઈ ચૂકી હતી, અને ચોતરફ અલ્લાહુ અકબરની સદાઓ બુલંદ થઈ રહી હતી. *(ક્રમશઃ)*

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો ૭ — પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### પક્ષીઓ અને જમીનના જાનવરો પર રહ્મત, મહેરબાની

હઝરત અબ્દુર્રહમાનના પિતા હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ બયાન કરે છે. અમે એક સફરમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે હતા. આપ કુદરતી હાજત માટે તશરીફ લઈ ગયા. અમે એક પક્ષીને જોયું જેની સાથે બે બચ્ચાં હતાં. અમે બંનેવ બચ્ચાઓને પકડી લીધાં. તે પક્ષી આવ્યું અને ઉતરવા બંને પાંખો ફેલાવવા લાગી એટલામાં રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم તશરીફ લઈ આવ્યા. પક્ષીને જોઈને સરવરે આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આ પક્ષીના બચ્ચાને કોણે પકડીને એને તકલીફ આપી છે ? એનાં બચ્ચાં એને પાછાં કરી દો ! એ પછી આપે તે કીડીઓના ઘરોને જોયાં જેને અમે બાળી દીધાં હતાં. એ જોઈને આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, આને કોણે આગ લગાડી બાળી દીધાં ? અમે અર્ઝ કરી, અમે બાળ્યાં છે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહ સિવાય કોઈપણ વ્યક્તિ માટે જાઈઝ નથી કે તે કોઈને આગનો અઝાબ કરે.

એક દિવસ હઝરત ઉષ્માન બિન હબ્બાન رضی اللہ عنہએ એક ચાંચડને પકડીને આગમાં નાખી દીધો. આ જોઈ હઝરત ઉમ્મે દરદા رضی اللہ عنہاએ કહ્યું, મેં અબૂ દરદા رضی اللہ عنہથી સાંભળ્યું છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આગના માલિક (અલ્લાહ) સિવાય કોઈ કોઈને આગનો અઝાબ ન આપે.

*–(મિર્કાત, બહવાલા મુસ્નદ બઝ્ઝાર)*

આમિર તીરંદાઝ رضی اللہ عنہથી રિવાયત છે કે અમે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની સેવામાં હાજર હતા. એકાએક માણસ આવ્યો એના હાથમાં કોઈ વસ્તુ હતી જેના પર એણે કંબલમાં લપેટેલી હતી. એણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું જંગલમાં જઈ રહ્યો હતો ત્યાં ઝાડો હતાં. ત્યાં મેં પક્ષીનાં બચ્ચાંનો અવાજ સાંભળ્યો. અને મેં તે પક્ષીના બચ્ચાંને પકડી લીધાં અને એ બચ્ચાંને તેમાં ઢાંકી લીધાં. એની મા આવી અને એ મારા માથા ઉપર ચક્કર લગાડવા લાગી. મેં બચ્ચાંઓ ઉપરથી કંબલ દૂર કરી તો તે બચ્ચાંઓ ઉપર આવી પડી. મેં તેને પણ બચ્ચાં સાથે કંબલમાં લપેટી લીધી, તે આ મારા હાથમાં છે. આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એને મૂકી દે. મેં તેને મૂકી દીધાં. પરંતુ તેની માએ બચ્ચાંનો સાથ છોડયો નહીં. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, શું તમે બચ્ચાંઓ ઉપર એની માના રહમ કરવા પર આશ્ચર્ય અનુભવો છો ?! એ જાતની કસમ ! જેણે મને હક્ક (સચ્ચાઈ) સાથે મોકલ્યો છે. બેશક ! અલ્લાહ પોતાના બંદાઓ પર આ બચ્ચાંની મા કરતાં ઘણો જ વધારે રહમ કરનાર છે. તું આ બચ્ચાં અને એની માને પાછો લઈ જા, જ્યાંથી તું લાવ્યો છે તે ઝાડોની પાસે જઈ છોડી દે. બસ, તે વ્યક્તિ તેને ત્યાં છોડવા માટે લઈ ગયો.

*–(મિર્કાત, બહવાલા મુસ્નદે બઝ્ઝાર)*

## વનસ્પતિ, ધાતુ, પથ્થર વગેરે પર રહ્મત

નબીએ રહ્મત ﷺની રહ્મતથી વનસ્પતિ તથા ધાતુ, પથ્થર વગેરેને પણ પોતપોતાનો હિસ્સો મળેલો છે. આપની પધરામણીથી જમીન શિર્ક, કુફ્રની ગંદકીથી પાક થઈ. ઈમાનનું નૂર ચોમેર પ્રસરી ગયું. મસ્જિદો બનવા લાગી. અઝાનમાં અલ્લાહુ અકબરનો અવાજ ગુંજવા લાગ્યો. આપના જન્મ પછીથી શૈતાનોનું આસ્માન પર જવું બંધ થઈ ગયું.

જ્યારે વરસાદની અછત જણાતી તો લોકો હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો વસીલો પકડી દુઆ કરતા અને તે દુઆ કૃબૂલ થઈ જતી. હુઝૂર ﷺ પોતે દુઆ કરતા અને વરસાદ વરસતો, જેનાથી મૃત જમીન પર ફરી જિંદગીની લહેર દેખાતી અને ચોમેર લીલીછમ હરિયાળી ઉગી નીકળતી.

મતલબ કે હુઝૂર ﷺની રહ્મત બંનેવ જહાનની મખ્લૂક સજીવ કે નિર્જીવ દરેકને પહોંચતી અને પહોંચે છે. ઈન્સાનની સાથે સાથે જિન્નાતને પણ આપની દા'વતે ઈસ્લામથી ઈમાનની દૌલત મળી. ફરિશ્તાઓ આપના ઉપર દુરૂદ શરીફ મોકલવાના કારણે અલ્લાહની રહ્મતના ભાગીદાર થતા રહે છે. જેમ કે મુસ્લિમ શરીફની હદીષમાં છે, હુઝૂરે અક્દસ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જે મારા પર એક વખત દુરૂદ શરીફ મોકલે છે અલ્લાહ તઆલા તેના પર દસવાર દુરૂદ (રહ્મત) મોકલે છે.

## વિનમ્રતા (આજીજી) અને વ્યવહારમાં ભલાઈ

અલ્લાહ તબારક વ તઆલા તરફથી સૌથી મહાન મર્તબો મળવા છતાં રસૂલુલ્લાહ ﷺ સૌથી વધુ આજિઝી, ઈન્કેસારી, વિનમ્રતા ધરાવતા હતા. આપની નમ્રતા, આજિઝીની તો એ હદ હતી કે બારગાહે ઈલાહીથી એક ફરિશ્તાએ હાજર થઈ વિનંતિ કરી કે આપનો પરવરદિગાર હુકમ ફર્માવે છે, આપ ઈચ્છો તો પૈગંબરી સાથે બંદગી અને ગરીબીની જિંદગી ગુજારો અને ઈચ્છો તો પૈગંબરી સાથે બાદશાહત અને તવંગરીની જિંદગી ગુજારો આપ ﷺએ પૈગંબરી સાથે બંદગી અને ગરીબીને પસંદ કરી. એ પછીથી **આપ علیہ الصلوٰۃ والسلام તકિયાનો અડેલો લગાડીને ખાવુ ખાતા ન હતા અને ફર્માવતા, હું ખાવા ખાઉં છું જેવો બંદો ખાય છે અને બેસુ છું જેવું કે બંદો બેસે છે.**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, એક મુસલમાન અને એક યહૂદીને ઝઘડો થઈ ગયો. મુસલમાને કહ્યું, કૃસમ છે તે જાતની જેણે મુહમ્મદ ﷺને તમામ જહાનો (પૂરી કાઈનાત)માં સૌથી ઊંચો મર્તબો અર્પણ કર્યો ! યહૂદીએ કહ્યું, કૃસમ છે તે જાતની જેણે મૂસા علیہ السلامને તમામ જહાનોવાળાઓમાં સૌથી ઊંચો મર્તબો આપ્યો. આ સાંભળી મુસલમાને યહૂદીને થપ્પડ મારી. યહૂદી ફરિયાદ માટે સરકાર ﷺની બારગાહમાં ગયો. આપ علیہ الصلوٰۃ والسلامએ વાત સાંભળી મુસલમાનને કહ્યું, તમે મને મૂસા علیہ السلام પર ફઝીલત ન આપો, કારણ કે લોકો કૃયામતના દિવસે બેભાન થઈ પડી જશે. હું સૌથી પહેલાં ભાનમાં આવીશ, હું જોઈશ કે હઝરત મૂસા علیہ السلام અર્શની એક તરફ પકડી ઊભા છે. મને ખબર નહીં કે એઓ તેમનામાંથી હશે જેઓ બેભાન થઈ ગયા અને પછી પાછા ભાન આવ્યા કે પછી તે લોકોમાંથી હશે કે જેઓ બેભાન થવાથી બચી ગયા છે. *(સહીહ બુખારી, કિતાબુલ અંબિયા,* اِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖۤ اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تَذْبَحُوْا بَقَرَةً *સૂ. બકૃરહ, ૨/૫૪)*

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક વ્યક્તિ રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامની ખિદમત શરીફમાં હાજર થયો અને કહેવા લાગ્યો; યા ખયરુલ બરિય્યહ ! (હે બેહતરીન ! લોકોમાં શ્રેષ્ઠ !) આપે ફર્માવ્યું કે ખૈરુલ્ બરિય્યહ તો ઈબ્રાહીમ છે. (આ આપની આજીજી હતી !) *(ક્રમશઃ)*

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ

સંપાદક : મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર** رحمۃ اللہ علیہ

**સંપાદક : મહબૂબે ઈલાહી**
**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### મુજાહિદાના વિશે ચર્ચા

૨૭ સફર હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. મુજાહિદાના બારામાં ચર્ચા થઈ રહી હતી. અઝીઝાને અહલે સુલૂક ખિદમતમાં હાજર હતા. જેમ કે શયખ બુરહાનુદ્દીન તોંસવી, તહૂર લાહોરી, શયખ જમાલુદ્દીન હાંસવી رحمۃ اللہ علیہم اجمعین અને ખાનદાને ચિશ્તના કેટલાક સૂફી આવેલા હતા. ફર્માવ્યું કે જ્યારે ખ્વાજા બાયઝીદ رحمۃ اللہ علیہથી મુજાહિદાના બારામાં પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે હું ૨૦ વરસો સુધી આલમે તફક્કુર (વજદાની કૈફિયત)માં આસમાનની તરફ આંખો લગાડી ઉભેલો રહ્યો, અને વીસ વરસમાં મને યાદ નથી કે હું બેઠો, ઉઠયો કે સૂતો છું. (જો કે આ કૈફિયતવાળા બુઝુર્ગો નમાઝના સમયે હોશમાં આવી નમાઝ પઢતા હોય છે જેવું કે કિતાબોમાં આવેલું છે. –અનુવાદક) જેથી પગોમાંથી લોહી વહેવા લાગ્યું અને પગની પીઠ ફાટી ગઈ. ત્યારબાદ બે વરસ અધિક આલમે મહ્વમાં રહ્યો. આ બે વરસમાં નફસને પેટ ભરીને પાણી ન આપ્યું. હા ! અઠવાડિયે મહિને બે દિરહમ જેટલુ પાણી આપતો. ત્યારબાદ જ્યારે મારું કામ કમાલ પર પહોંચ્યું તો ફરી દસ વરસો સુધી પેટ ભરીને પાણી ન આપ્યું. ત્યારબાદ નફસને મીઠી દાડમની ઈચ્છા થઈ તો હું વાયદામાં ટાળતો રહ્યો. જેથી નફસ દસ વરસ સુધી એ જ ઈચ્છા કરતો રહ્યો અને ફરિયાદ કરતો રહ્યો કે તું મને હજી ક્યાં સુધી મારીશ ? મેં કહ્યું, મારા અંતિમ શ્વાસ સુધી ! જો હું મારો મુજાહિદો વર્ણવું તો તમારામાં સાંભળવાની શક્તિ નથી. જે મામલાઓ મેં મારા નફસ સાથે કર્યા તે કહેવાથી સંપૂર્ણપણે વર્ણન નથી થઈ શકતા. સારાંશ કે જ્યારે ૭૦ વરસો આ રસ્તામાં પસાર થઈ ગયાં તો પછી હિજાબ (પર્દા) દરમ્યાનથી ઉઠી ગયો, અવાજ આવ્યો અંદર આવી જાવ ! તેં અમારા કામમાં કોઈ ઉણપ નથી કરી હવે અમારા પર વાજિબ છે કે તારા પર તજલ્લી કરીએ જ્યારે આ અવાજ સાંભળ્યો તો નારો મારીને જાન યારના હવાલે કરી.

ત્યારબાદ શયખુલ ઈસ્લામ قدس سرہએ ફર્માવ્યું કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُની જાન આપવાની કૈફિયત આ જ હતી. પછી ફર્માવ્યું કે જે મુજાહિદો કરે છે તે મુશાહિદો (અનુભવ) પણ કરે છે. ત્યારબાદ આ શેઅર પણ પઢયો :–

***દર કૂએ આશિકાં ચુનાં જાન બદહન્દ***
***કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ***

ત્યારબાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગને પૂછવામાં આવ્યું કે મુજાહિદા શું છે ? ફર્માવ્યું, નફસને બુરી હાલતમાં તરસાવી તરસાવીને મારવું, એટલે કે જે તેની ખ્વાહિશ હોય તે એને ન આપવામાં આવે. જે એની આરઝૂ હોય તે પૂરી કરવામાં ન આવે, બલ્કે તરસાવવામાં આવે. અને જે તાઅત (આજ્ઞાપાલન) પર નફસ રાજી ન હોય તે જ તાઅત કરે.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા યૂસુફ પુશ્તી قدس سرہ પોતાના નફસને કહ્યા કરતા હતા કે હે નફસ! જો તું આજની રાત મારી વાત માને તો બે રકાતમાં કુર્આન મજીદ ખત્મ કરી લઉં. એક દિવસ નફસને કહ્યું તો ન માન્યું. બીજા દિવસે દુઆ કરી અને નિશ્ચય કરી લીધો કે ૨૦ વરસ સુધી નફસને પેટ ભરીને પાણી આપીશ નહીં. એ રાતે આળસ એટલા માટે કર્યું કે નફસને પેટ ભરીને પાણી આપવામાં આવ્યું હતું.

પછી ફર્માવ્યું કે શાહ શુજાઅ કિર્માની رحمۃ اللہ علیہ ૪૦ વરસો સુધી ન સૂતા ત્યાર બાદ એક રાત સૂતા તો હઝરતે ઝુલ જલાલનો ખ્વાબમાં દીદાર કર્યો. ત્યારબાદ જ્યાં જતા ખ્વાબનાં કપડાં સાથે લઈ જતા અને સૂઈ જતા કે એ દૌલત ફરી નસીબ થાય. ગયબથી અવાજ આવ્યો., હે શાહ શુજાઅ ! એ ૪૦ વરસોની બેદારી (જાગીને ઈબાદત)નું ફળ હતું, જેવું પહેલાં કર્યું હતું તેવું જ કર તો ફરી તમને એ દૌલત નસીબ થશે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે અશ્રુમય ચહેરે ફર્માવ્યું કે, "જ્યારે ખ્વાજા શાહ શુજાઅ رحمۃ اللہ علیہનો અંતિમ સમય નજીક થયો તો જે દિવસે આપનો ઈન્તેકાલ થવાનો હતો તે દિવસે હજાર રકાત નમાઝ અદા કરી અને મુસલ્લા પર સૂઈ ગયા અને હઝરત ઝુલજલાલનો બે વાર દીદાર થયો કે શાહ શુજાઅ ! હમણા આવવા ચાહો છો કે કેટલાક દિવસ રોકાવા ચાહો છો ? અર્ઝ કરી, યા ઈલાહી ! હવે રહેવાની જગા નથી, હું આવવા ચાહું છું, એ જ અરસામાં આંખ ખુલી તો વુઝૂ કરીને બે રકાત અદા કરી. ઈશાનો સમય હતો. માથુ સજદામાં રાખીને અલ્લાહની રહમતમાં પહોંચી ગયા." શયખુલ ઈસ્લામ નારો મારીને બહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો આ શેઅર પઢયો :

***દર કૂએ આશિકાં ચુનાં જાન બહન્દ***
***કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ***

## બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો મુજાહિદો

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે તમારા મુજાહિદા બાબતે કોઈ વાત સંભળાવો ! ફર્માવ્યું, જો હું મારા મુજાહિદાના બારામાં સર્વ કાંઈ સંભળાવું તો સાંભળી નહીં શકો ! અલ્બત્ત જે મામલો મેં નફસ સાથે કર્યો છે એમાંથી થોડુક સરખુ સંભળાવું છું. તે એ કે એક રાતે નફસને મેં ઈબાદત માટે કહ્યું તો તેણે સુસ્તી કરી. તેનું કારણ એ હતું કે એ દિવસે આદતથી વધુ ખજૂરો ખાય ગયો હતો. ટૂંકમાં એ કે નફસે કહ્યું ન માન્યું. જ્યારે દિવસ થયો તો મેં નિશ્ચય કરી લીધો કે હું અમુક મુદ્દત સુધી ખજૂરો ખાઈશ નહીં. જેથી પંદર વરસો સુધી નફસને કાંઈ ન આપ્યું અને આરઝૂમાં જ રહ્યો. ત્યારબાદ નફસે કહ્યું કે જે કાંઈ તું કહીશ હું પાલન કરીશ ! તે વખતે મેં તેને ખજૂર આપી તો એવો ફર્માંબરદાર થઈ ગયો કે જે કાંઈ તેને કહેતો તેનું પાલન કરતો બલ્કે એનાથી અધિક અમલ કરતો.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہને લોકોએ પૂછયું કે મુજાહિદામાં આપે ક્યાં સુધી પ્રગતિ કરી છે ? ફર્માવ્યું બે બે ત્રણ ત્રણ વરસો સુધી નફસને પાણી ન આપ્યું. દસ વરસો ગુજરી ગયા છે, કદી નફસને પેટ ભરીને પાણી નથી આપ્યું. અને રાતે જ્યાં સુધી બે વાર કુર્આન ખત્મ નથી કરી લેતો ત્યાં સુધી અન્ય કામમાં મશગૂલ નથી થતો.

## ઈસ્લામનો વિરોધી યહૂદી મુસલમાન બની ગયો

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જ્યારે ખ્વાજા સહલ તુસ્તરી બિન અબ્દુલ્લાહ તુસ્તરી رحمۃ اللہ علیہ વિસાલ પામ્યા તો જનાઝો બહાર લાવવામાં આવ્યો. યહૂદીઓના ગિરોહનો એક સરદાર જે ખૂબ જ મુન્કિર (ઈસ્લામનો વિરોધી) હતો. તે ઉઘાડા પગે જનાઝાની નજીક આવ્યો અને કહ્યું, જનાઝો નીચે ઉતારો જેથી હું મુસલમાન બનું. જેથી જ્યારે જનાઝો નીચે ઉતારવામાં આવ્યો તો તે યહૂદી હઝરત ખ્વાજા તુસ્તરીની પાસે ઉભો થઈ ગયો અને અર્ઝ કરી કે ખ્વાજા સાહબ ! મને કલમાની તલ્કીન કરો જેથી હું મુસલમાન થઈ જાઉં. તે સરદાર અન્ય યહૂદીઓની સાથે આવ્યો હતો. આ સાંભળીને ખ્વાજા સાહબે કફનથી હાથ બહાર કાઢયો અને આંખ ખોલીને ફર્માવ્યું :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ

કહો ! જેવું તેણે કહ્યું તો ફરી કફનમાં હાથ કરી લીધો અને આંખો મીચી લીધી. યહૂદી મુસલમાન થઈ ગયો તો લોકોએ તેને કારણ પૂછયું તો કહ્યું, "જે વખતે તમો જનાઝો લઈને બહાર આવી રહ્યા હતા, મેં આસ્માન તરફ જોયું તો સખત અવાજ સાંભળ્યો. મેં કહ્યું કે આ કેવો અવાજ છે ? જ્યારે બીજી બાજુ આસ્માન તરફ જોયું તો માલૂમ પડયું કે આસ્માનના સર્વ ફરિશ્તા નૂરાની તબાક઼ હાથોમાં લઈને ટોળીઓમાં નીચે આવી રહ્યા છે અને ખ્વાજા તુસ્તરીના જનાઝા પર નિછાવર કરી રહ્યા છે. હું એ કારણે મુસલમાન થયો છું કે દીને મુહમ્મદી ﷺમાં આવા લોકો પણ છે." પછી શયખુલ ઈસ્લામ ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને આલમે તફક્કુરમાં આ શેઅર પઢયો :


***દર કૂએ આશિકાં ચુનાં જાન બહન્દ***
***કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ***

ત્યારબાદ ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہની બાબતે ફર્માવ્યું કે ખ્વાજા સાહબ એક રોજ સાથીઓ સાથે બેઠેલા હતા અને અવલિયાના મૃત્યુના બારામાં ચર્ચા શરૂ થઈ. એટલા એક ખૂબસૂરત જવાન લીલા પોશાકમાં એક સફરજન લઈને આવ્યો અને આદાબ પેશ કરીને બેસી ગયો. ખ્વાજા સાહબ ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہ દરેક વખતે ફર્માવતા કે, "ખુશ આમદી વ નેકોઆમદી વસાફા આમદી". થોડીવાર પછી તે સફરજન ખ્વાજા સાહબને આપ્યું. ખ્વાજા સાહબે બંનેવ હાથો વડે સફરજન લીધું અને સ્મિત કરીને કહ્યું કે તમે ચાલ્યા જાવ. હવે તે ચાલ્યો ગયો તો લોકોને પણ વિદાય કર્યા. કેટલીક વાર પછી ક઼િબ્લા તરફ મોં કરીને કુર્આન મજીદ પઢવાનું શરૂ કર્યું. જેવું કુર્આન મજીદ ખત્મ કર્યું અને તે સફરજનને સૂંઘ્યું અને જાન અલ્લાહના માર્ગમાં સુપરત કરી દીધી.

ત્યારબાદ આપનો જનાઝો મસ્જિદ પાસે લાવવામાં આવ્યો જેથી નમાઝે જનાઝા અદા કરવામાં આવે. તે વખતે અઝાન થઈ રહી હતી. જ્યારે મોઅઝ્ઝિન اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ "અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ) પર પહોંચ્યો તો ખ્વાજા સાહબે કફનથી હાથ બહાર કાઢીને શહાદતની આંગળી ઉઠાવીને ફર્માવ્યું, اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ "અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ" આંગળી મુબારક ઉભી રહી. લોકોએ ખૂબ જોર લગાડયું કે કોઈ રીતે નીચી થાય પણ ન થઈ શકી. અવાજ આવ્યો કે જે આંગળીને ઝુન્નૂને હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના નામ પર ઉભી કરી છે તે જ્યાં સુધી આં હઝરત ﷺનો દસ્તે મુબારક પકડી નહીં લે ત્યાં સુધી નીચે નહીં થાય. ત્યારબાદ શયખુલ ઈસ્લામ ચોધાર આંસૂએ રડયા અને આ શેઅર પઢયો :–

***દર કૂએ આશિકાં ચુનાં જાન બહન્દ***
***કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ***

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## તલાક઼ સુપરત કરવાનું બયાન

**મસ્અલા** : ઓરતને કહેવામાં આવ્યું કે તને ઈખ્તિયાર છે અથવા એમ કહ્યું કે તારો મામલો તારા હાથમાં છે અને એ કહેવા પાછળ તલાક઼નો અર્થ હોય તો ઓરત તે બેઠકમાં પોતાને તલાક઼ આપી શકે છે ચાહે તે બેઠક ગમે તેટલી લાંબી (વધારે સમયવાળી) હોય. બેઠક પૂરી થયા પછી તે કંઈ કરી શકતી નથી. જો ઓરત તે જગ્યાએ હાજર ન હતી અથવા હાજર હતી પણ તેણે સાંભળ્યું ન હતું અને તેને ઈખ્તિયાર એવા જ શબ્દો બોલીને આપ્યો હતો તો જે બેઠકમાં ઓરતને જાણકારી મળી તે બેઠક વિશ્વાસપાત્ર ગણાશે. હા ! જો ધણીએ કોઈ સમય નિશ્ચિત કર્યો હતો, દા.ત. આજે એને ઈખ્તિયાર છે (એવું બોલ્યો) અને વખત પસાર થઈ ગયા પછી એને ખબર પડી તો પછીથી કંઈ કરી શકશે નહીં. જો આવું બોલવા પાછળ પતિનો તલાક઼ દેવાનો ઈરાદો ન હતો તો કંઈ નહીં. એટલા માટે આ શબ્દો **કિનાયા**ના છે અને **કિનાયા**માં નિય્યત વગર તલાક઼ થતી નથી. હા ! જો ગુસ્સાની હાલતમાં કહ્યા હોય અથવા તો તે તલાક઼ની વાત કરવાની ચર્ચા કરતાં કહેવામાં આવ્યું હોય તો તે વખતે નિય્યત જોવામાં નહીં આવે. જો ઓરત જવાબમાં હજુ કંઈ પણ બોલી ન હતી અને પતિએ પોતાની વાત પાછી ખેંચી લીધી અને પતિ બેઠકમાં હાજર રહ્યો ન હતો તો પતિના પાછા ફરતાં ઓરત પોતાને તલાક઼ આપી શકે છે. એમાં પતિ તેણીને મના કરી શકશે નહીં. અને જો પતિ એવું બોલ્યો હોય કે તું તને (તારી જાતને) તલાક઼ આપી દે અથવા તને તારી તલાક઼નો ઈખ્તિયાર છે એવું કહ્યું હોય તો પણ આ જ હુકમ લાગુ પડશે. આ હાલતમાં જો ઓરતે તલાક઼ આપી દીધી તો રજઈ (તલાક઼) લાગુ પડશે. આ હાલતમાં ઓરતે ત્રણ તલાક઼ દીધી અને મરદે પણ ત્રણની નિય્યત કરી લીધી તો ત્રણ થશે અને મરદ એમ કહે કે મેં તો એકની નિય્યત કરી હતી તો એક પણ લાગુ પડશે નહીં. જો મરદે (પતિએ) ત્રણની નિય્યત કરી અથવા એમ કહે કે તું તને પોતાને ત્રણ તલાક઼ દઈ દે અને ઓરત એક આપી તો એક લાગુ પડશે અને એવું કહે કે તું ચાહે તો તને પોતાને ત્રણ તલાક઼ આપી દે, ઓરતે એક આપી અથવા એવું કહ્યું કે તું ચાહે તો તને એક તલાક઼ આપી દે અને ઓરતે ત્રણ તલાક઼ દીધી તો બન્ને હાલતમાં કંઈ નહીં (લાગુ પડશે નહીં) પરંતુ પહેલી હાલતમાં ઓરતે એમ કહ્યું કે મેં મારી જાતને તલાક઼ આપી એક અને એક અને એકવાર તો ત્રણ લાગુ પડશે.

*–(જૌહરા, હિંદિયા, દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : ઉપર જણાવેલ મઝકૂર શબ્દોની સાથે એવું પણ કહેવામાં આવ્યું કે "તું જયારે ચાહે અથવા જે વખત ચાહે" તો બેઠક (મજલિસ) બદલ્યાથી હક્ક઼ બાતિલ થશે નહીં તેમજ પતિને પોતાના બોલેલા શબ્દો પાછા ખેંચવાનો હક્ક઼ રહેતો નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : કોઈ માણસને એમ કહ્યું કે તું મારી ઓરતને તલાક઼ આપી દે ! તે માણસે તે મજલિસમાં અથવા તો મજલિસ પૂરી થયા બાદ

તલાક્ આપી તો તલાક્ થઈ ગઈ. એમાં રુજૂઅ કરી શકે છે. (શબ્દો પાછા ખેંચી શકે છે) અર્થાત જેને એ હક્ક્ આપ્યો હતો તેની પાસે એ હક્ક્ પાછો લઈ શકે છે. પરંતુ જો એવું કહેવામાં આવ્યું હતું કે "જો તું ચાહે તો તલાક્ દઈ દે તો એ અધિકાર (તલાક્ દેવાનો) તે મજલિસ પૂરતો રહેશે અને મજલિસ પૂરી થતા સુધીમાં શબ્દો પાછા ખેંચી શકાશે નહીં.

*–(જૌહરા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતને એમ કહ્યું કે તું પોતાને તલાક્ દઈ દે તો ઓરત તે મજલિસમાં પોતાને તલાક્ દઈ શકે છે તે મજલિસ બાદ દઈ શકતી નથી તેમજ તેણે બોલેલા શબ્દો પણ પાછા ખેંચી શકશે નહીં. *(જૌહરા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ઓરતને એમ કહ્યું કે તું તારી શોક્ય (સૌતન)ને તલાક્ દઈ દે તો તે મજલિસ પૂરતી ખાસ મર્યાદિત નહીં રહે. મજલિસ પૂરી થયા બાદ પણ દઈ શકે છે તેમજ તેણે બોલેલા શબ્દો પણ પાછા ખેંચી શકે છે. *(જૌહરા, દુર્રે મુખ્તાર)*

અહીં મજલિસ બદલવાની હાલતોનો અર્થ એ ગણાશે કે દા.ત. બેઠી હતી તો ઊભી થઈ યા એક કામ કરી રહી હતી તેને છોડીની બીજા કામે લાગી ગઈ. જેમ કે ખાવા મંગાવ્યું અને સૂઈ ગઈ કે ગુસ્લ કરવા લાગી કે મેંહદી લગાડવા માંડી અથવા કોઈની સાથે ખરીદ–વેચાણની વાત કરી, અથવા ઊભી હતી અને જાનવર પર સવાર થઈ ગઈ અથવા સવાર પર હતી તે વખતે જાનવર ઊભું હતું ને ચાલવા લાગ્યું આ બધી હાલતમાં મજલિસ બદલાયેલી ગણાશે. એમાં તલાક્નો ઈખ્તિયાર બાકી રહેશે નહીં. અને જો ઊભી હતી ને બેસી ગઈ અથવા ઊભી હતી ને મકાનમાં હરવા ફરવા લાગી અથવા બેઠી હતી ને અઢેલીને બેસી ગઈ અથવા ઊભી હતી ને મકાનમાં હરવા ફરવા લાગી. અથવા બેઠી હતી ને અઢેલીને બેસી ગઈ અથવા તો અઢેલીને બેઠી હતી ને સીધી થઈને બેસી ગઈ. અથવા તો પોતાના બાપ વગેરે કોઈને મશ્વરા માટે બોલાવ્યા. અથવા ગવાહોને બોલાવવા ગઈ જેથી તેઓની હાજરીમાં તલાક્ આપી શકે જ્યારે કે ત્યાં બોલાવવા જનાર અન્ય કોઈ હાજર ન હોય અથવા સવારી પર જતી હતી ને રોકવામાં આવી અથવા પાણી આપ્યું અથવા ત્યાં હાજર હોય તેવા ખાણામાંથી થોડુંક ખાવા ખાધું, આ બધી હાલતમાં મજલિસ બદલાયેલી ગણાશે નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : કશ્તી (વહાણ) ઘરના હુકમમાં આવે છે. કશ્તી (વહાણ) ચાલવાથી મજલિસ બદલાયેલી ગણાશે નહીં. જો જાનવર પર સવાર હશે અને જાનવર ચાલતું હશે તો મજલિસ બદલાઈ રહી ગણાશે. હા ! જો શોહર ખામોશ રહ્યા બાદ તરત જ તે જ કદમ પર (ચાલતા જાનવરના કદમ) જવાબ દીધો તો તલાક્ થઈ જશે. હા ! જો ઊંટ પર બન્ને સવાર થતાં અને તેઓને ખેંચીને બીજું કોઈ જઈ રહ્યું હોય તો મજલિસ બદલાશે નહીં, એ કશ્તીના હુકમમાં આવે છે. ગાડી તેમજ પાલખી માટે પણ એ જ હુકમ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : મરદે પોતાની ઓરતને એમ કહ્યું કે તું તારા નફસને ઈખ્તિયાર કર. ઓરતે કહ્યું કે "મેં મારા નફસને ઈખ્તિયાર કર્યો" અથવા એમ કહ્યું કે "મેં ઈખ્તિયાર કર્યો" અથવા એમ કહ્યું કે "હું ઈખ્તિયાર કરું છું" તો એક તલાકે બાઈન લાગુ પડશે. ત્રણની નિયત સહીહ (દુરુસ્ત) નથી.

*–(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : શોહરે ઈખ્તિયાર આપ્યો એના જવાબમાં ઓરતે કહ્યું કે મેં પોતાને બાઈન કરી

મસ્અલા : બીજા કોઈને એમ કહ્યું કે "તું મારી ઓરતને રજઈ તલાક઼ આપી દે અને તેણે બાઈન તલાક઼ આપી દીધી તો પણ રજઈ તલાક઼ લાગુ પડશે. જો વકીલે તલાક઼ના શબ્દો ન કહ્યા હોય બલ્કે કહ્યું હોય કે 'મેં અલગ કરી દીધાં' તો કંઈ લાગુ નહીં પડે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

મસ્અલા : ઓરતને એમ કહ્યું કે તું તારી જાતને તારી ઈચ્છા પ્રમાણેની તલાક઼ આપી દે. તો ઓરતને અધિકાર છે કે તે રજઈ તલાક઼ આપે કે બાઈન તલાક઼ આપે. એક આપે, બે આપે કે ત્રણ આપે, પરંતુ મજલિસ બદલાયા પછી આપવાનો અધિકાર રહેશે નહીં. *(હિંદીયા, બહાર)*

મસ્અલા : મરદે ઓરતને એમ કહ્યું કે, જો તું ઈરાદો રાખતી હોય (તારો ઈરાદો હોય), તુ પસંદ કરતી હોય, અથવા તું ઈચ્છા રાખતી હોય અથવા તને ગમતી હોય તો તને તલાક઼ છે. જવાબમાં ઓરત એમ કહે કે હા ! હું ચાહુ છું, અથવા ઈરાદો રાખુ છું તો તલાક઼ થઈ ગઈ. એ જ રીતે એમ કહે કે તને અનુકૂળ લાગતી હોય તો. જેના જવાબમાં ઓરત એમ કહે કે, હા ! મારી ઈચ્છા છે. તો તલાક઼ થઈ ગઈ. અને જો જવાબમાં એમ કહ્યું કે મને પસંદ છે તો તલાક઼ થશે નહીં. *(હિંદિયા, બહાર)* ......*(ક્રમશઃ)*

(એવી તલાક઼ કે પછીથી પાછી ખેંચી ન શકાય) અથવા એવો જવાબ આપ્યો કે "હરામ કરી દીધો" અથવા કહ્યું કે તલાક઼ આપી તો જવાબ થઈ ગયો જેનાથી એક બાઈન તલાક઼ થઈ ગઈ. *(હિંદીયા, બહાર)*

મસ્અલા : ઓરતના વાલીઓએ તલાક઼ લેવા ચાહી હોય અને જો પતિ પત્નીના બાપને એવું કહીને ચાલ્યો જાય કે "તમે જે ચાહો તે કરો" અને બાપે તલાક઼ દીધી તો પતિએ જો સુપરત કરવાના ઈરાદાથી ન કહ્યું હોય (ઓરતના બાપને) તો તલાક઼ થશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*

મસ્અલા : ઓરતને કહ્યું કે તું પોતાને તલાક઼ દઈ દે, ભલે નિય્યત કંઈ પણ ન હોય અથવા એકની કે બે ની નિય્યત હોય. જો ઓરત આઝાદ હોય તો ઓરતના તલાક઼ દેવાથી એક રજઈ તલાક઼ લાગુ પડશે અને જો ત્રણની નિય્યત કરી હશે તો ત્રણ લાગુ પડશે. બાંદી માટે બેની નિય્યત પણ દુરુસ્ત છે. જો ઓરતે જવાબમાં એમ કહ્યું કે "મેં પોતાને બાઈન કરી" અથવા એમ કહ્યું કે, "મેં પોતાને જુદી કરી" અથવા કહ્યું, "હું હરામ છું" અથવા કહ્યું, "હું છુટી છું" તો પણ એક રજઈ લાગુ પડશે અને પતિના જાઈઝ કરી દેવા પર પણ જો તેણી ફક્ત જવાબમાં એટલું બોલી કે "મેં મારા નફ્સને અપનાવ્યો" તો કંઈ પણ લાગુ પડશે નહીં. *(દુર્રે મુખ્તાર)*


**લેડી ટીચર જોઈએ છે**

**હેરા ઈંગ્લિશ સ્કૂલ** : C/o. દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ (જિ. ભરૂચ) ખાતે લેડી ઈંગ્લિશ ટીચરની જરૂરત છે. શૈક્ષણિક લાયકાત : B.A વિથ ઈંગ્લિશ. અનુભવીને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. લાયકાત ધરાવનારે વહેલી તકે અરજી સાથે નીચેના સરનામે સંપર્ક કરવો :

**:: હેરા ઈંગ્લિશ સ્કૂલ ::**

C/o. **દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા**, ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, રઝા મસ્જિદ પાસે, મુ.પો. આમોદ, તા. આમોદ, જિ. ભરૂચ. મો. 9426840277, 9714840277

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::
**હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન ક઼ાદરી**
**અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)**

## ત્રણ નેકીઓના દુનિયવી ફાયદા

હઝરત અબૂ અમામા رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અન્યોની સાથે એહસાન કરવાથી માણસ બુરી મૌત મરવાથી બચેલો રહે છે અને આકસ્મિક મૌતથી મેહફૂઝ રહે છે. અને જે શખ્સ છુપી રીતે સદક઼ો કરે છે તે ખુદાના ગઝબથી બચેલો રહે છે, અને જે સગાંઓના હક્ક઼ો અદા કરે છે તેની ઉમરમાં બરકત થાય છે.

## મોટા ભાઈનો એહતેરામ પિતા બરાબર

હઝરત સઈદ બિન આસ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "મોટા ભાઈનો હક્ક઼ બાપની જેમ છે"

–*(બયહકી બહવાલા મિશ્કાત, પેજ–૪૨૧)*

આ હદીષે પાકમાં તાજદારે રિસાલત صلی اللہ علیہ وسلمએ મોટા ભાઈનો હક્ક઼ બાપના બરાબર ઠરાવ્યો. એટલે કે **નાના ભાઈઓએ જોઈએ કે પોતાના મોટા ભાઈની ઈજ્જત તથા એહતેરામ પોતાના બાપની જેમ કરે, અને મોટા ભાઈએ જોઈએ કે પોતાના નાના ભાઈઓની સાથે બાપની જેમ હેત તથા પ્રેમથી પેશ આવે અને તેમની તર્બિયત તથા કફાલત કરે.** એ જ પ્રમાણે **મોટી બહેનનો દરજો માના બરાબર** છે. એટલે કે બાકીના ભાઈઓ તથા બહેનોએ જોઈએ કે માના બરાબર તેની ઈજ્જત કરે, તેની અદબ બજાવી લાવે, જો એની પર કોઈ મુસીબત આવે તો તેની મદદ કરે. અને **મોટી બહેને જોઈએ કે નાના ભાઈ બહેનો સાથે માની જેમ પ્રેમ પૂર્વક વર્તે,** તેમની સાથે હમદર્દીનું પ્રદર્શન માની જેમ કરે.

## જરૂરતથી વધુ મકાનો બનાવવાં કેવાં ?

મોહતરમ ઈસ્લામી ભાઈઓ ! યાદ રાખશો દરેક તઅમીર (બાંધકામ) ઈન્સાનના માટે વબાલ છે જે જરૂરતથી વિશેષ હોય. તિબ્રાની શરીફની રિવાયત છે, હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"જે શખ્સ જરૂરતથી વધુ મકાનો બનાવશે તો ક઼યામતના દિવસે તે મકાનો તે શખ્સ પર લાદવાનો હુકમ આપવામાં આવશે."** હઝરત અમ્માર બિન યાસર رضی اللہ عنہ આ હદીષના રાવી છે કે સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"જ્યારે કોઈ શખ્સ જરૂરત વિના અગ્યાર ફૂટથી ઊંચું બાંધકામ લઈ જાય છે તો તેને અફસકુલ ફસ્ક઼ીન કહીને પોકારવામાં આવે છે, અને તેને પૂછવામાં આવે છે કે છેવટે ક્યાં સુધી બુલંદીનો ઈરાદો છે ?!"** *(ઈબ્ને અબી દુન્યા)*

## પડોશીને તકલીફ આપવા પર કન્ટ્રોલ

પોતાના પડોશીઓને સતાવવાં હરામ છે. એટલા માટે તેમને તંગ કરવાં, ગાળો આપવી કે અવાજો કરવા અને વિના સબબે નફરત કરવી નાજાઈઝ છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પડોસીને સતાવવાથી આ શબ્દોમાં મના ફર્માવ્યું છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબી علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું કે, "જે શખ્સ અલ્લાહ جل جلالہ

તથા કયામત પર યકીન ધરાવે છે તે પોતાના પડોસીને ન સતાવે. *(બુખારી વ મુસ્લિમ)*

તાજદારે રિસાલત ﷺએ ફર્માવ્યું કે જેણે પડોસીને તકલીફ પહોંચાડી તેણે મને તકલીફ પહોંચાડી. અને જેણે મને તકલીફ પહોંચાડી તેણે ખુદા ﷻને તકલીફ પહોંચાડી. અને જેણે પોતાના પડોસી સાથે લડાઈ કરી તેણે મારી સાથે લડાઈ કરી અને જેણે મારી સાથે લડાઈ કરી તેણે ખુદા સાથે લડાઈ કરી." *(તરગીબ)*

એનાથી જાણવા મળ્યું કે પડોસીને સતાવવું ઘણો જ મહાન ગુનોહ છે. એક હદીષે પાકમાં ઈર્શાદ છે કે, "તે માણસ જન્નતમાં દાખલ થશે નહીં જેનો પડોશી તેની ઈજાઓથી અમ્નમાં ન હોય."

*–(મુસ્નદે અહમદ)*

બુખારી શરીફની હદીષ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ખુદાની કસમ ! તે મો'મિન નથી ! ખુદાની કસમ તે મો'મિન નથી ! ખુદાની કસમ તે મો'મિન નથી ! સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ અર્ઝ કરી, કોણ યા રસૂલલ્લાહ ! ﷺ ? ફર્માવ્યું, જેની તકલીફોથી તેનો પડોસી મેહફૂઝ ન હોય."

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે ઈમાનનો તકાઝો એ છે કે પડોસીને તકલીફ ન આપવામાં આવે, બલ્કે હકીકતમાં ઈમાનવાળા તે જ છે જેમના પડોસી તેમનાથી રાજી છે. અલ્લાહ તઆલા આપણને પડોશીઓની ઈજ્જત કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન.

હઝરત અબૂ હુરૈરહ رَضِیَ اللہُ عَنْہُથી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફલાણી ઔરત નમાઝ, રોઝા, સદકા ખૂબ જ પ્રમાણમાં કરે છે, પણ એ વાત પણ છે કે તે પોતાના પડોસીઓને જીભ વડે તકલીફ પહોંચાડે છે. સરકારે મદીના ﷺએ ફર્માવ્યું, તેણી જહન્નમમાં છે ! તે શખ્સે ફરી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફલાણી ઔરતના રોઝા, નમાઝ, સદકા એટલે નવાફિલમાં કમી છે, તે પનીરના ટુકડા સદકો કરે છે અને પોતાની જીભ વડે પડોસીઓને તકલીફ નથી આપતી. આકાએ દો જહાં ﷺએ ફર્માવ્યું, તે સ્ત્રી જન્નતમાં છે. ફકીહ અબુલ લૈષ નકલ કરે છે કે મદની આકા ﷺએ ફર્માવ્યું, "જે શખ્સ મરી જાય અને તેના ત્રણ પડોસી હોય અને તેઓ બધા જ તેનાથી રાજી હોય તો એ શખ્સની મગફેરત થઈ જશે."

એક શખ્સ તાજદારે મદીના ﷺની ખિદમતમાં હાજર થયો અને પોતાના પડોસીની ફરિયાદ કરી. મદની આકા ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "સબ્ર કર !" બીજી, ત્રીજી અને ચોથી વાર પણ જ્યારે ફરિયાદ કરી તો આકા ﷺએ ફર્માવ્યું, તારો સામાન રસ્તામાં નાખી દે. રાવી કહે છે કે લોકોએ જ્યારે તેનો સામાન બહાર રસ્તા પર પડેલો જોયો તો પૂછયું, શું વાત છે ? તેણે કહ્યું, મને પડોસી સતાવે છે. લોકો ત્યાંથી પસાર થતા રહ્યા, અને કહેતા રહ્યા, અલ્લાહ તઆલા આ પડોસીને હિદાયત કરે. જ્યારે એ પડોસીને ખબર પડી તો ખૂબ જ શર્મિંદો થયો અને માફી માગવા લાગ્યો અને દરખાસ્ત કરી કે તારો સામાન પાછો લઈ લે, બખુદા ! હું ફરી તને કદી તકલીફ આપીશ નહીં.

*–(મુકાશફતુલ કુલૂબ)*

સુબ્હાનલ્લાહ ! સરકાર ﷺની તાલીમાત પર કુર્બાન ! જો કે પડોસી લાખ ઝઘડો કરે પણ આપણને ઈંટનો જવાબ પથ્થર વડે આપવાની ઈજાઝત નથી. ઘર છોડી દો, પણ પડોસી સાથે ન લડો. હઝરત માલિક બિન દીનાર رَحْمَۃُ اللہِ عَلَیْہِએ એક મકાન ભાડે લીધું. એ મકાનની પડોસમાં એક

યહૂદીનું મકાન હતું. એ યહૂદીએ એક પરનાળુ બનાવી રાખ્યુ હતું અને હમેશાં એ પરનાળાની વાટે નાપાકી હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہના ઘરમાં ફેંક્યા કરતો હતો. તેણે એક અરસા સુધી એવું જ કર્યું, પણ હઝરત માલિક رحمۃ اللہ علیہએ તેને કદી એ શિકાયત ન કરી. છેવટે એક દિવસ એ યહૂદીએ પોતે જ હઝરત માલિક رحمۃ اللہ علیہને પૂછયું, હઝરત ! આપને મારા પરનાલાથી કોઈ તકલીફ નથી થતી ?! આપે ફર્માવ્યું, થાય તો છે પણ મેં એક ટોપલી તથા ઝાડુ રાખી મૂકયું છે, જે નાપાકી પડે છે તેને તેના વડે સાફ કરી લઉં છું. તે યહૂદીએ કહ્યું, તમે આટલી તકલીફ શા માટે કરો છો ? અને તમને ગુસ્સો કેમ નથી આવતો ? ફર્માવ્યું કે મારા પ્યારા અલ્લાહ عزوجل નું આલીશાન ફર્માન છે : "અને ગુસ્સો પીવાળાવા અને લોકો સાથે દરગુઝર કરવાવાળા અને નેક લોકો અલ્લાહ عزوجل ના મહબૂબ છે." *(પા–૪, રુકૂઅ ૫)*

આ આયતે કરીમા સાંભળીને તે યહૂદી અતિશય પ્રભાવિત થયો અને આ પ્રમાણે અર્ઝ કરવા લાગ્યો, યકીનન ! આપનો મઝહબ અત્યંત ઉમદા છે ! આજથી સાચા દિલથી હું ઈસ્લામ સ્વીકારું છું. પછી તેણે કલ્મો પઢયો અને મુસલમાન થઈ ગયો. *(તઝકેરતુલ ઔલિયા)*

## કોઈનું દિલ દુઃખવવું કેવું ?

હઝરત સૈયદના મુજાહિદ رحمۃ اللہ علیہનું ફર્માન છે : "દોઝખીઓ પર ખારિશ (ખુજલી) લાગુ કરી દેવામાં આવશે. તેઓ એટલા પ્રમાણમાં ખંજવાળશે કે તેમની ચામડી તથા ગોશ્ત ઉતરીને હાડકાં જાહેર થઈ જશે. પછી અવાજ આવશે કે શું તમને આનાથી તકલીફ થાય છે ? તેઓ કહેશે, હા ! જવાબ મળશે, આ તેનો બદલો છે જે તમો મો'મિનોને ઈજા આપતા રહેતા હતા."

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ મુસલમાનને જાઈઝ નથી કે તે પોતાના ભાઈની તરફ તીવ્ર દષ્ટિથી જુએ. આપ ﷺએ ફર્માવ્યું, કોઈ મુસલમાનના માટે જાઈઝ નથી કે તે બીજા મુસલમાનને ડરાવે. વધુમાં ફર્માવ્યું, અલ્લાહ તઆલા મો'મિનોને તકલીફ આપનારાને નાપસંદ કરે છે. તિબરાનીની રિવાયત છે, જે કોઈએ વિના શરઈ કારણે કોઈ મુસલમાનને તકલીફ આપી તેણે તાજદારે મદીના ﷺને તકલીફ આપી, અને જેણે મને તકલીફ આપી તેણે અલ્લાહ عزوجلને તકલીફ આપી. જેણે નાહક્ કોઈ મોમિન ફકીરને દુઃખ આપ્યું, જાણે તેણે કા'બાને પાડી નાખ્યો, અને એક હજાર મુક઼ર્રબ ફરિશ્તાઓને ક઼ત્લ કર્યા.

*–(બહવાલા કિતાબે મહક અલ ફિતર)*

ઉફ ! આટલો મોટો ગુનોહ ! માલૂમ નહીં મુસલમાન કહેવડાવનારાઓને શું થઈ ગયું ?! આજે ચોરતરફ જુલ્મો સિતમનું બજાર ગરમ છે. વિના કારણે બીજાઓની ઈજ્જતોને પાયમાલ તથા તેમની જાનો પર સખ્તી કરવામાં આવી રહી છે. પ્રતિ દિન આવા બનાવો વર્તમાન પત્રોમાં તમો પણ વાંચતા સાંભળતા હશો. .....*(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હઝરત ઈમામ હુસૈન અને આઝમાઈશનો ક઼ાનૂન

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ
(મુદર્રિસ : દારૂલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)

ઈસ્લામી નવા વરસની શરૂઆત થતાં જ ઈમામ આલી મક઼ામ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہના સબ્ર તથા મક્કમતા અને ત્યાગની ભાવના તથા કુર્બાનીની યાદ તાજી થઈ જાય છે, અને દુનિયાના દરેક ઈન્સાનના દિલ તથા દિમાગમાં કરબલાની કઠિન આઝમાઈશના બનાવો ઉભરી આવે છે. દર વર્ષે મુહર્રમના મહિનામાં ઈમામ આલી મક઼ામ અને તેમના જાંનિષારોની બારગાહમાં ખિરાજે અક઼ીદત તથા મહોબ્બતનાં નજરાણાં પેશ કરવામાં આવે છે. આ અક઼ીદતમંદોમાં વધારે પડતા એવા લોકો પણ છે જે ફક્ત રસ્મો રિવાજના રૂપે ખિરાજ પેશ કરે છે, જ્યારે કેટલાક લોકો કરબલાની દુ:ખદ બનાવથી સબક઼ પણ હાંસલ કરે છે અને ઈમામે આલી મક઼ામના શહાદતના મક઼સદને સમજી પોતાની અંદર હુસૈની કિરદાર પૈદા કરવાની કોશિશ કરે છે.

અલ્લાહ ﷻ પોતાના મુખ્લિસ બંદાઓને ખાસ કરીને અજમાવે છે. આખરે આ આઝમાઈશની હિકમત શું છે ? અહીંયાં તેને સમજવાની કોશિશ કરીએ. એ વાત દિમાગમાં રાખો કે આઝમાઈશની પરંપરા હઝરત આદમ علیہ السلامથી લઈને આજ સુધી ચાલુ છે અને ક઼યામત સુધી ચાલુ રહેશે. અલ્લાહ તઆલાએ હમેશાં પોતાના અંબિયા અને રસૂલો તથા હક઼ પરસ્ત બંદાઓને આઝમાઈશમાંથી પસાર કર્યા. ઈતિહાસ સાક્ષી છે કે અલ્લાહના નેક બંદાઓએ હમેશાં કઠોર કસોટીમાં પોતાને કામિલ મો'મિન હોવાનો અને અડગતાના પયકર હોવાનો સબૂત આપ્યો, તસ્લીમો રઝાના હિમાલય પહાડ બનીને દુનિયાને એ બતાવી દીધું કે તેઓ પોતાના રબના દરેક ફેંસલા પર રાજી છે અને હજારો તોફાનો આવવા છતાં પણ અલ્લાહ અને રસૂલની મહબ્બતનો દામન હાથથી નહીં છોડે.

કુર્આને પાકમાં છે :–

وَ لَقَدْ فَتَنَّا الَّذِیْنَ مِنْ قَبْلِهِمْ فَلَیَعْلَمَنَّ اللّٰهُ الَّذِیْنَ صَدَقُوْا وَ لَیَعْلَمَنَّ الْكٰذِبِیْنَ۝

"અને બેશક ! અમે એમના આગલાઓને પરખ્યા તો જરૂર અલ્લાહ સાચાઓને જોશે અને જરૂર જૂઠાઓને જોશે." *(સૂ. અન્કબૂત આ. ૩, કન્ઝુલ ઈમાન)*

આક઼ાએ કરીમ ﷺ ફર્માવે છે : "મો'મિન મર્દ તથા ઔરત જાન માલ અને ઔલાદની પરીક્ષામાંથી પસાર થાય છે ત્યાં સુધી કે અલ્લાહ તઆલાને એ હાલતમાં મળે છે કે એમના પર કોઈ ગુનોહ બાકી રહેતો નથી." *(તિર્મિઝી)*

કોઈ બંદાનું આઝમાઈશોમાં પડવું બે ફાયદાઓથી ખાલી નથી, જો ગુનેહગાર છે તો ગુનાહ માફ થાય છે, અને જો નેક છે તો દરજામાં બુલંદી મળે છે. આઝમાઈશ ખરેખર પોતાની અંદર ઘણા બધા દીની ફાયદાઓ ધરાવે છે. ઝુબાનથી મહોબ્બતનો દાવો કરવાવાળા અને ખરેખર અલ્લાહથી મહોબ્બત કરવાવાળા બંદાની પહેચાન કસોટીથી થાય છે. કસોટી અલ્લાહના નેક બંદાઓને એ ખરાબ તત્વોથી અલગ કરી દે છે જેઓ ફક્ત ઝબાની મહોબ્બતનો દાવો કરે

છે. એવી જ રીતે કસોટીમાંથી પસાર કરીને તેમના અખ્લાક઼ તથા તક઼્વાની કક્ષાને બુલંદ કરવું મક઼્સૂદ હોય છે. એમના દિલોનો મેલ કસોટીની ભટ્ટીમાં સળગીને ખત્મ થઈ જાય છે. શંકા કુશંકાના અંધકારોમાં યક઼ીનની શમ્અ પ્રગટે છે. અલ્લાહનું ફર્માન છે :–

وَلِيَبْتَلِيَ اللّٰهُ مَا فِيْ صُدُوْرِكُمْ وَلِيُمَحِّصَ مَا فِيْ قُلُوْبِكُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿۱۵۴﴾

''અને એટલા માટે કે અલ્લાહ તમારા સીનાની વાતને અજમાવે અને જે કાંઈ પણ તમારા દિલોમાં છે તેને ખોલી દે અને અલ્લાહ દિલોની વાતોને જાણે છે.'' *(સૂ. આલે ઈમરાન, આ. ૧૫૪)*

દીનની રાહમાં આઝમાઈશ તથા મુસીબતમાં આપણે સબ્ર કરવી જોઈએ. હુઝૂર ﷺએ સહાબાની એક જમાઅતથી પૂછયું, તમે કોણ છો ? તેમણે કહ્યું, મો'મિન. આપે ફર્માવ્યું, તમારા ઈમાનની નિશાની શું છે ? તેમણે કહ્યું, અમે મુસીબતોમાં સબ્ર કરીએ છીએ અને ખુશહાલીમાં અલ્લાહનો શક્ર અદા કરીએ છીએ અને અલ્લાહની રઝામાં રાજી રહીએ છીએ. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''કા'બાના રબની ક઼સમ ! તમે મો'મિન છો !'' હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺથી ઈમાનના બારામાં પૂછવામાં આવ્યું, તો આપે ફર્માવ્યું, ઈમાન સબ્ર અને સખાવતનું નામ છે. અને ફર્માવ્યું, સબ્ર જન્નતના ખજાનાઓમાંથી એક ખજાનો છે.

સામાન્ય બંદાઓની આઝમાઈશ ગુનાહોથી માફી માટે થાય છે, અને નેક બંદાઓની આઝમાઈશ તેમના મક઼ામથી લોકોને પરિચિત કરવા માટે થાય છે. એટલા માટે આઝમાઈશના સમયમાં નેક બંદાઓ ઈમાન પર વધુ પુખ્તા થઈ જાય છે અને સબ્રનો દામન પકડી રાખે છે. એટલા માટે દુનિયાવાળાઓમાં તેમની અક઼ીદતના ચિરાગ રોશન રહે છે અને ખિરાજે અક઼ીદતની પરંપરા પણ ચાલુ રહે છે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ ઉર્દૂ, ઓકટો. ૨૦૧૮)*


## બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ્જ પ્રોગ્રામ–૨૦૧૯**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૧૮–૧૯નું બુકીંગ ચાલુ છે**

**મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.**

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુા. પો. **નબીપુર**, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

رحمۃ اللہ علیہ

# તાજુશ્શરીઅહના



## જીવનચરિત્રની ઝલકો

હપ્તો ૦૨

હુઝૂર તાજુશ્શરીઅહની જામેઅ અઝહરથી ઈ.સ. ૧૯૬૬માં ફરાગત થઈ તો ત્યાંથી એવોર્ડ અને ફરાગતની સનદ (જેનો એન્ટ્રી નં. ૧૨૦૭ છે) લઈને ઈન્ડિયા પરત આવ્યા. પહેલાં જામેઅ અઝહર જવું ઘણુ જ મુશ્કેલ કામ હતું અને ગયા પછી સતત રોકાણ કોર્સ પૂરો થતા સુધી રહેતું હતું. પહેલાં ઘરવાળાં તથા સગાંઓથી મુલાકાતનો સરળતાપૂર્વકનો કોઈ માર્ગ રહેતો ન હતો. એટલા માટે જ્યારે આપના હિંદુસ્તાન આવવાની ખબર ઘરવાળાઓ તથા સગા સંબંધીઓને મળી તો ખુશીઓનો સમંદર ઉમટી પડયો. જનાબ ઉમ્મીદ રઝવી બરેલ્વીના શબ્દોમાં માહનામા આ'લા હઝરતનું લખાણ જુઓ :–

''ગુલિસ્તાને રઝવિય્યતના મહકતા ફૂલ, ચમનિસ્તાને આ'લા હઝરતના ગુલે ખુશરંગ જનાબ અલ્લામા વ મૌલાના મુહમ્મદ અખ્તર રઝા સાહબ ઈબ્ને હઝરત મુફસ્સિરે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ એક લાંબા અરસા પછી જામિઆ અઝહર મિસરથી ડિગ્રી પ્રાપ્ત કરીને અં. તા. ૧૭ નવેમ્બર ૧૯૬૬, ૧૩૮૬ હિજરીની સવારે બહારે અફઝાએ ગુલશને બરેલી થયા. બરેલીના જંકશન સ્ટેશન પર અકીદતમંદો, સંબંધીઓ, તથા ખાનદાનવાળાઓ, દારુલ ઉલૂમ મંઝરે ઈસ્લામના ઉલમા તથા તલબા, એ ઉપરાંત અસંખ્ય ચાહક વર્ગે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ (મુસ્તફા રઝા) مدظلہ العالی ની સરપરસ્તીમાં શાનદાર સ્વાગત કર્યુ. અને સાહબઝાદા મૌસૂફ (તાજુશ્શરીઅહ)ને ખુશરંગ ફૂલોના ગજરા અને હારોની પેશકશ કરીને પોતાના દીવાનગીભર્યાં જઝબાત તથા ખુલૂસ તથા અકીદતનું પ્રદર્શન કર્યુ. ઈદારો હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ અખ્તરરઝાખાં અઝહરી તથા સંબંધીઓને કામયાબીથી પરત આવવા પર મુબારક બાદ પેશ કરે છે અને દુઆ કરે છે કે અલ્લાહ તઆલા તેના હબીબ તુફૈલ ﷺના તુફૈલ તેમના બાપદાદાઓ ખાસ કરીને આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત મુજદ્દિદે આ'ઝમ رضی اللہ عنہના સાચા વારિસ તથા જાનશીન બનાવે. ઈં દુઆ અઝ મન અઝ જુમ્લા જહાં આમીન બાદ.'' *–(માહનામા આ'લા હઝરત, ડિસે. ૧૯૬૬)*

સ્વાગત કરનાર લોકોમાં શહેરના સૌથી મોભાદાર લોકો ઉપરાંત બહારથી આવેલા લોકો ખાસ કરીને કાનપુર વગેરેના લોકો ખૂબ જ પ્રમાણમાં હાજર હતા. એમનામાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના ખાસ ખાદિમ અલ્હાજ મુહમ્મદ નાસિર રઝવી બરેલ્વી સાહબ પણ હતા. તે કહે છે :–

''આપ (તાજુશ્શરીઅહ)ને મળવા માટે હઝરત જાતે પોતે તશરીફ લઈ ગયા અને ટ્રેનની બેચેનીપૂર્વક રાહ જોતા રહ્યા. જેવી ટ્રેન પ્લેટફોર્મ પર આવીને રોકાઈ. આપ ઉતર્યા તો સૌ પ્રથમ હઝરત (મુફતીએ આ'ઝમે) ગળે લગાડયા, પેશાની ચૂમી અને ઘણી જ દુઆઓ આપી અને ફર્માવ્યું કે, ''કેટલાક લોકો ગયા હતા, બદલાયને આવ્યા પણ મારા બાળક પર જામિયાની તહઝીબ (આઝાદ ખયાલી, દેખાવ પહેરવેશમાં તબદીલી, નેક લિબાસથી દૂરી)ની કોઈ અસર ન થઈ. માશાઅલ્લાહ !''

*–(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૨૪)*

**તા'લીમ દરમ્યાન સદમો :** હુઝૂર

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

તાજુશ્શરીઅહના વાલિદે મોહતરમ મુફસ્સિરે આ'ઝમ હઝરત જીલાની મિયાં عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ જબરદસ્ત આલિમ તથા ફાઝિલ અને આલિમે બાઅમલ હતા. ઔલાદ તથા શાગિર્દોની તર્બિયત (કેળવણી)નો ખયાલ દરેક સમયે રાખતા. જીલાનીમિયાં અવલાદના મિજાઝના પ્રમાણે જેને જે વિષયમાં દિલચસ્પી જોવા મળી તેને તેમાં જ આગળ વધારવામાં પ્રયત્નશીલ રહ્યા. આપની દીની તા'લીમ પ્રત્યે દિલચસ્પી તથા લગાવથી ખૂબ જ પ્રભાવિત હતા જેથી આપની તર્બિયત પણ એ જ અંદાઝમાં કરી. બચપનથી વઅઝ તથા તક્રીરની તર્બિયત આપી અને સંકોચ તોડવા માટે આપને બોલાવીને કહ્યું કે સાંભળો ! કાલથી મંઝરે ઈસ્લામના તલબાને "સૈફુલ જબ્બાર" સંભળાવ્યા કરશો. આપે અર્ઝ કરી કે અબ્બા હુઝૂર ! હજી તો મારુ ઉર્દૂ પણ બરાબર નથી ! ફર્માવ્યું, સૌ ઠીક થઈ જશે, આ કામ તમારી જિમ્મેદારીમાં કરવામાં આવે છે. આપે બીજા દિવસે સહાધ્યાયીઓને ભેગા કર્યા અને "સૈફુલ જબ્બાર"નો દર્સ શરૂ કરી આપ્યો. હુઝૂર મુફસ્સિરે આ'ઝમે હિંદ અલ્લામા ઈબ્રાહીમ રઝા ઉર્ફ જીલાની મિયાં رحمۃ اللہ علیہના આ તર્બિયતના અંદાઝમાં કેટલાય હેતુઓ છુપાયેલા હતા. એક તો એ કે ઉર્દૂખ્વાની બરાબર થઈ જશે, અભ્યાસનો શોખ વધશે, જે શબ્દ સમજી નહીં શકે તેને પૂછવાનો શોખ પેદા થશે. હક્ક઼ અક઼ીદાઓની ખૂબ જાણકારી થશે અને અક઼ીદામાં પુખ્તગી પેદા થશે. એટલા માટે "સૈફુલ જબ્બાર"ની પસંદગી કરી, તક઼રીર તથા ખિતાબમાં ખચકાટ તથા સંકોચ ખત્મ થઈ જશે. પોતાની ખયાલ પ્રદર્શિત કરવાની એ જ સમયથી જેવી કે હોવી જોઈએ તેવી શક્તિ પેદા થઈ જશે.

*–(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૪)*

એ જ પ્રમાણે દરેક મોડ પર વાલિદ માજિદે હુઝૂર તાજુશ્શરીઅહની રહનુમાઈ કરી. વાલિદની ખ્વાહિશ પર જ "મન્ઝરે ઈસ્લામ"થી ફરાગત હાંસલ કર્યા બાદ જામેઅ અઝહર મિસર તા'લીમ અર્થે ગયા. પણ હાય અફસોસ ! કોને ખબર હતી કે આ દરમ્યાન વાલિદે માજિદ, મુશ્ફિક઼ વ મુરબ્બી, ઉસ્તાઝ તથા શયખ વિખુટા થઈ જશે. જામેઅ અઝહર મિસરની તા'લીમ દરમિયાન હુઝૂર તાજુશ્શરીઅહના વાલિદ મુફસ્સિરે આ'ઝમે હિંદ જીલાની મિયાં رحمۃ اللہ علیہ ૬૦ વરસની વયે ૧૧ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૮૮૫, ઈ.સ. પ્રમાણે ૧૨–૬–૧૯૬૫ના ઈન્તેક઼ાલ કરી ગયા. ઈન્તેક઼ાલની ખબર પહોંચતાં જ આપના દિલો દિમાગ પર ઊંડો આઘાત પહોંચ્યો. આપના સહાધ્યાથી મૌલાના શમીમ અશરફ અઝહરી (સા. આફ્રિકા)એ આપના મોટાભાઈ મૌલાના રયહાન રઝાખાં સાહબને તઅઝિયતી પત્ર લખ્યો અને આપની કૈફિયત વર્ણવી. હુઝૂર તાજુશ્શરીઅહએ પણ પોતાના મોટાભાઈના નામે લાંબો પત્ર લખ્યો અને વાલિદ સાહબના ઈન્તેક઼ાલની વિગત જાણવા માગી. અને ૧૨ શેઅરોની તઅઝિયતી નઝમ લખી મોકલી. ત્રણ શેઅર જોઈ લો :–

*કિસ કે ગમમેં હાય તળપાતા હૈ દિલ*
*ઔર કુછ ઝયાદા ઉમંડ આતા હૈ દિલ*
*હાએ દિલ કા આસરા હી ચલ બસા*
*ટુકળે ટુકળે અબ હુવા જાતા હૈ દિલ*
*અપને 'અખ્તર' પર ઈનાયત કીજીએ*
*મેરે મૌલા કિસકો બહકાતા હૈ દિલ*

*–(સફીનએ બખ્શિશ, પેજ : ૬૯)*

અને નવ શેઅરો પર આધારિત એક અન્ય મન્ક઼બત લખી તેના ત્રણ શેઅર જોઈ લો :

*હમ કો બિન દેખે તુમ્હેં અબ કૈસે ચૈન આએ હુઝૂર*
*તુમ શકીબે અક઼રબા થે શાહ જીલાની મિયાં*
*સબ્રો તસ્લીમો રઝા કી અબ હમેં તૌફીક઼ દે*
*તેરે બંદે અય ખુદા થે શાહ જીલાની મિયાં*
*શોર કૈસા હૈ યહ બરપા ગૌરસે 'અખ્તર' સુનો*
*પરતવે અહમદ રઝા થે શાહ જીલાની મિયાં*

*–(સફીનએ બખ્શિશ, પેજ : ૬૮)*

પરંતુ હુઝૂર તાજુશ્શરીઅહની અડગતાનો પાયો ન ડગમગ્યો અને સબ્રની સાથે તા'લીમ પ્રાપ્તિમાં વ્યસ્ત રહ્યા, અને તા'લીમ પૂરી કર્યા બાદ ઈન્ડિયા પરત આવ્યા. આ સૌ અકાબિરે ઈસ્લામની તર્બિયતની અસરો હતી.

**આપના ઉસ્તાઝો** : હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ જે ઉસ્તાદો થકી ઈલ્મ ગ્રહણ કર્યો અને તાજુશ્શરીઅહ, કાઝીયુલ કુઝાત જેવા ઉચ્ચ લકબો વડે મશહૂર થયા, તે ઈલ્મો ફઝ્લના આફતાબો નીચે મુજબ છે :–

૦૧. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુહમ્મદ મુસ્તફા રઝાખાં નૂરી رحمۃ اللہ علیہ બાનીયે દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

૦૨. મુફસ્સિરે આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ રઝાખાં જીલાની મિયાં رحمۃ اللہ علیہ મોહતમિમ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

૦૩. હઝરત મુફતી મુહમ્મદ અફઝલ હુસૈન મોંગેરી ષુમ્મ પાકિસ્તાની, શૈખુલ હદીષ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

૦૪. હઝરત વાલિદા માજિદા નિગાર ફાતિમા ઉર્ફ સરકાર બેગમ, મુબલ્લિગાએ ઈસ્લામ–બરેલી શરીફ.

૦૫. હઝરત મૌલાના હાફિઝ મુહમ્મદ ઈન્આમુલ્લાહ ખાન તસ્નીમ હામિદી–બરેલી શરીફ.

૦૬. હઝરત મૌલાના શયખ મુહમ્મદ સમાહી, શૈખુલ હદીષ વત્તફસીર, જામિઆ અઝહર, કાહિરા–મિસર.

૦૭. હઝરત મૌલાના શયખ અબ્દુલ ગફ્ફાર, ઉસ્તાઝુલ હદીષ, જામિઆ અઝહર, કાહિરા–મિસ્ર.

૦૮. હઝરત મૌલાના અબ્દુત્તવ્વાબ મિસ્રી, શૈખુલ અદબ, મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

૦૯. સદરુલ ઉલમા હઝરત મુફતી મુહમ્મદ તેહસીન રઝાખાં, સદરુલ મુદર્રિસીન વ શૈખુલ હદીષ : જામિઅતુર્રઝા–બરેલી શરીફ.

૧૦. હઝરત મૌલાના મુહમ્મદ અહમદ જહાંગીરખાં આ'ઝમી, ઉસ્તાઝ વ મુફતી દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہના ઉસ્તાદોની ઉપરોક્ત યાદી અધૂરી છે. એમાં તે સર્વ ઉસ્તાઝોનું વર્ણન નથી જે દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં અને જામિઆ અઝહર મિસરમાં હઝરતના ઉસ્તાદ રહ્યા તેમજ ઈસ્લામિયા ઈન્ટર કોલેજ બરેલી શરીફના મોડર્ન એજ્યુકેશનના ટીચર્સ રહ્યા છે. હા, આને એમની યાદી જરૂર કહી શકાય છે કે જેનાથી હઝરતે ખૂબ જ અધિક પ્રમાણમાં લાભ મેળવ્યો છે.

**દર્સ તથા તદરીસ** : જ્યારે આપ જામિઆ અઝહર–મિસરથી તશરીફ લાવ્યા તો મન્ઝરે ઈસ્લામમાં મુદર્રિસ નિયુક્ત થયા. એટલે કે આપે ઈ.સ. ૧૯૬૭થી તદરીસ (પઢાવવા)ની કાયદેસર રીતે શરૂઆત કરી. સતત જિદ્દો જેહદ, મહેનત તથા લગનથી પઢાવતા રહ્યા, ત્યાં સુધી કે ઈ.સ. ૧૯૭૮માં આપ સદરુલ મુદર્રિસીનના હોદ્દા પર બિરાજમાન થયા. મન્ઝરે ઈસ્લામનો દારુલ ઈફતા પણ આપને સુપરત થઈ ગયો. લગભગ ૧૯૮૦માં આપ અતિશય પ્રમાણમાં વ્યસ્તતાના કારણે મન્ઝરે ઈસ્લામથી અલગ થઈ ગયા, કે આ તે દૌર છે જેમાં સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ બીમાર ચાલી રહ્યા હતા. આ કારણે તબ્લીગી દૌરા વગેરે પણ ઉપસ્થિત રહ્યા. સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો ઈ.સ. ૧૯૮૧માં ઈન્તેકાલ થઈ ગયો, ત્યાર બાદ આપની વ્યસ્તતા ખૂબ જ વધી ગઈ. ફતાવા લેખનમાં આપ કેન્દ્ર સ્થાને ઠર્યા જેથી આપે મર્કઝી દારુલ ઈફતાની સ્થાપ્ના કરી જે આજે પણ ખૂબ જ સારી રીતે ખૂબીપૂર્વક પોતાની મંઝિલની તરફ ડગ

ભરી રહેલ છે. પણ આપે દર્સો તદરીસ, લેખન તથા સંપાદન, અરબીમાં રૂપાંતર તથા અરબીના અનુવાદના કામ પર અસર ન પડવા દીધી, બલ્કે એ સતત ચાલુ રહ્યું. છેવટ સુધી એ કામો જોરશોરથી ચાલુ રહ્યાં. *(માહનામા સુન્ની દુન્યા, જાન્યુ–૨૦૧૨, બરેલી શરીફ)*

દેશ પરદેશના દૌરાઓના કારણે મન્ઝરે ઈસ્લામથી અલાહિદગી પછી દર્સ તથા તદરીસનો ક્રમ કટ થઈ ગયો. ખિતાબત તથા નસીહત તથા તબ્લીગી સફરો ચાલુ રહી, ફતવા લેખનનો ક્રમ ચાલુ રહ્યો પણ અમુક વરસો બાદ પોતાના દોલતકદા પર દર્સે કુર્આનનો ક્રમ શરૂ કર્યો જેમાં દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ, મઝહરે ઈસ્લામ, જામિઆ નૂરિયા રઝવિય્યહ અને દૂર દૂરના ઉલમા તથા મશાઈખ ખૂબ જ સંખ્યામાં હાજરી આપતા રહ્યા. મર્કઝી દારુલ ઈફતામાં ઈફતાની તર્બિયત લેનારા તલબાને બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, ઉકૂદે રસ્મુલ મુફતા, અલ્ઈશબાહ વન્નઝાઈર, ફવાતિહુર્રહમૂત, શામી, બદાએઅ વસ્સનાએઅ, અજલ્લિયુલ અઅ્લામ, વગેરે કિતાબોનો દર્સ આપતા રહ્યા. તદરીસુલ ઈફતા (મશ્કે ઈફતા)ના મસાઈલની ઈસ્લાહ કરતા રહ્યા. જામિઅતુર્રઝાના અંતિમ વરસના તલબાની અમુક કિતાબોનો દર્સ પણ આપતા હતા. દારુલ ઉલૂમ અમજદિયા કરાચીમાં હિ.સ. ૧૪૦૯માં બુખારી શરીફનો દર્સ આપીને ઈફતેતાહ કરી. જામિઆ ઈસ્લામિયહ ગંજ કદીમ રામપુરમાં હિ.સ. ૧૪૦૭ અને ૧૪૦૮માં બુખારીની છેલ્લી હદીષોનો દર્સે આપ્યો. જામિઅતુર્રઝા બરેલી શરીફમાં દર્સે તા'લીમની ઈફતેતાહના મોકાથી બયઝાવી શરીફ, બુખારી શરીફ તથા તહાવી શરીફનો દર્સ આપીને જામિઆની તા'લીમનો ઈફતેતાહ કરતા રહ્યા, તેમજ ખત્મે બુખારી પણ કરાવતા. હુઝૂર તાજુશ્શરીઅહનો દર્સનો ક્રમ છેવટ સુધી ચાલુ રહ્યો. હઝરતનો દર્સ અસંખ્ય બરકતોવાળો રહેતો. સમજાવવાનો અંદાઝ ઉમદા રહેતો, સાદી સરળ ઝબાન, ફસાહત તથા બલાગતનો સંગમ, સારાંશ દરેક હૈસિયતથી સારો રહેતો. કારી (વાંચકનાર, સાંભળનાર)નું દિમાગ ભાર ન અનુભવતુ. તા'લીમ લેનારાઓમાં એ જઝબો ઉપસ્થિત થતો કે કાશ ! દર્સ અધિક લાંબો થઈ જતો.

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ ઈ.સ. ૧૯૬૭માં દર્સની શરૂઆત કરી. પહેલાં દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં ઉસ્તાદની હૈસિયતથી નિયુક્ત થયા, પછી સદરુલ મુદર્રિસીનના સ્થાને બિરાજમાન રહ્યા. પછી ઘર પર દર્સે કુર્આનનો ક્રમ શરૂ કર્યો. મર્કઝી દારુલ ઈફતાની તર્બિયતે ઈફતા હાંસલ કરનારા તલબાને દર્સ આપ્યો. જામિઅતુર્રઝાના છેલ્લા વરસના તલબા ફિક્હમાં તખસ્સૂસવાળા તલબાને દર્સ આપતા રહ્યા. ઈન્ટરનેટ પર બુખારી શરીફ તથા કસીદા બુર્દા શરીફનો દર્સ આપતા હતા. છેવટમાં તબીયત નાદુરુસ્ત હોવાથી એ ક્રમ બંધ રહ્યો. આપના શાગિર્દોની સંખ્યા લાખોમાં છે. મહત્વના શાગિર્દોનાં નામો રજૂ થતાં પરંતુ લખાણ ન લંબાવતાં અત્રે રજૂ નથી કરતા. અલ્બત્ત એવું સમજો કે ઈ.સ. ૧૯૬૭ થી દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામના સદારતના હોદ્દાથી અલગ થતા સુધી વિવિધ જમાઅતોના તલબા હઝરતના શાગિર્દોમાં છે, જેનો રેકોર્ડ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં છે. ઉપરાંત મર્કઝી દારુલ ઈફતા બરેલી શરીફમાં ઈફતાની તર્બિયત હાંસલ કરનારા તલબાની લાંબી યાદી છે જેમણે હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہથી દર્સ હાંસલ કર્યો છે.

ઈ.સ. ૧૯૮૨થી હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ દર્સે કુર્આન અને દર્સે હદીષનો ક્રમ શરૂ કર્યો જેમાં હિંદ તથા હિંદ બહારના મોઅઝ્ઝઝ્, સ્કોલર્સ, ઉલમા, મશાઈખ, મસ્જિદોના ઈમામો વિવિધ ખાનકાહોના સજ્જાદાનશીનોએ શિર્કત કરી અને હઝરતથી ફાયદો હાંસલ કર્યો. ઈ.સ. ૨૦૦૪થી લઈને આખરી ઉમર સુધી છેલ્લા વરસના તલબા તથા તર્બિયતે ઈફતા હાંસલ કરવાવાળા તલબાને દર્સ આપતા રહ્યા. ....*(ક્રમશઃ)*

# ડો. ઝાકિર નાયકના ખુદા વિશેના અક઼ીદાની ઉલટ તપાસ

હપ્તો : ૦૧

**લેખક : સબૂર અહમદ-લાહોર**
**અનુવાદકઃ પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(ખલીફ઼ા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

ડો. ઝાકિર નાયક એ ધાર્મિક શોખ રાખનારાઓ માટે કોઈ અજનબી વ્યક્તિ નથી. "પીસ ટી.વી." નામની ચેનલ પર નિયમિત પ્રસારિત થાય છે. (હાલ તેના પર ગવર્નમેન્ટે બેન્ડ લગાડેલ છે) તે પોતે મેડિકલ સાયન્સના ડિગ્રીધારી છે.

ડો. નાયકની સંક્ષિપ્ત ઓળખ અમે તેમની સંસ્થા આઈ.આર.એફ.ની વેબ સાઈટ પર રાખેલ વિગતો પરથી રજૂ કરી છે. આ વેબ સાઈટના અનુસાર ડો. નાયક નીચે મુજબની કિતાબોના લેખક છે :-

01. Concept of God in Major Religions
02. Answers to Non Muslims
03. The Quran & Modern Science

શરૂમાં જ્યારે ડો. નાયકને ટી.વી. પર જોવાનો સંજોગ બન્યો તો ઘણા બધા લોકોની જેમ હું પણ એમનાથી પ્રભાવિત થયો અને અન્ય ધર્મોના બારામાં તેમની વિશાળ માલૂમાતની પ્રશંસા કર્યા વિના ન રહી શક્યો. સ્વભાવિકપણે દિલમાં એ એહસાસ પણ પેદા થયો કે જે શખ્સ ગૈર મઝહબોની તા'લીમાત પર આટલા પ્રમાણમાં જાણકારી ધરાવે છે તો યક઼ીનન ! ઈસ્લામ (જે એમનો પોતાના ધર્મ છે)ના બારામાં તેમની જાણકારી કેટલાય અંશે અધિક વિશાળ હશે. (ડો. નાયક આ વાતનો દાવો પોતે પણ પોતાના એક લેકચરમાં કરી ચૂકેલ છે) અને તેમને કુર્આન તથા હદીષના ખૂબ જ અધિક પ્રમાણમાં હવાલાઓ આપતા જોઈને અમારી આ ધારણાને અધિક ટેકો મળી ગયો.

પરંતુ અફસોસ ! કે સમય પસાર થવાની સાથોસાથ ડો. નાયકના વિવાદાસ્પદ બયાનો સામે આવવાં શરૂ થયાં અને ક્રમે ક્રમે એમનામાં સખ્તી પણ આવતી ગઈ. તેહક઼ીક઼ કરવા પર એ વાતનું સમર્થન થઈ ગયું કે કેટલાક લોકો જે એમનાથી મતભેદ કરી રહ્યા છે તેમની તેહક઼ીક઼ો તદન બરાબર છે. બલ્કે અમને એ જાણીને ખૂબ જ આશ્ચર્ય થયું કે તે ડો. નાયક જે ઈસ્લામના એક દાઈ (નિમંત્રક)ની હૈસિયતથી ઓળખાતા હતા તે હવે એક ખાસ ફિર્ક઼ા (વહાબી)ના અતિ સખ્ત (ઉગ્રવાદી) પ્રવકતાના સ્વરૂપમાં સામે આવ્યા. કાલ સુધી જેમની દલીલોનું નિશાન ગૈર મઝહબોની બાતિલ માન્યતાઓ હતી આજે તેમની ટીકા ટીપ્પણનું નિશાન (ટાર્ગેટ) ખુદ મુસ્લિમ ઉમ્મતની મોટી બહુમતિ બની ચૂકી હતી ! જો કે અમને તેમની કેટલીય વાતોથી મતભેદ છે પણ અહીં અમો કેવળ એક મસ્અલો વર્ણન કરવા ચાહીએ છીએ. અમારી દરખાસ્ત છે કે આ લખાણને નિષ્પક્ષપણે વાંચવામાં આવે અને પછી પોતાનું સ્વતંત્રપણે મંતવ્ય નિશ્ચિત કરવામાં આવે. અહીં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે આ લખાણમાં કેમ કે અમારી હૈસિયત એક વિરોધીની છે એટલા માટે એવો તદન કોઈની તરફદારી ન હોવાનો કોઈ દાવો નથી કરતા, અલ્બત્ત એ વાતના દાવેદાર જરૂર છીએ કે આ મામલામાં અમારો કોઈ અંગત લાભ કે ડો. નાયક સાથે અમારી કોઈ અંગત દુશ્મનીને કોઈ દખલ નથી, બલ્કે હેતુ કેવળ એ છે કે અમે જે ચીજને શરઈ લેહાઝથી પકડને પાત્ર સમજીએ એનો નિર્દેશ પૂરી પ્રમાણિકતાથી કરી દઈશું.

હવે આ લખાણનો સબબ બયાન કરતાં એની બાક઼ાયદા શરૂઆત કરીએ છીએ. હમણા હાલમાં જ ડો. નાયકની એક કિતાબ અમારી નજરેથી ગુજરી. એ કિતાબનું નામ છે : Concept of God in Major

Religions. આ ૨૯ પેજીસ પર આધારિત એક સંક્ષિપ્ત અંગ્રેજી લખાણ છે અને જેવું કે નામથી જાહેર છે કે તેમાં વિવિધ ધર્મોમાં ખુદાના બારામાં જોવા મળતી માન્યતાઓનું વર્ણન કરવામાં આવેલ છે. આ કિતાબનો ઉર્દૂ અનુવાદ અતા તુરાબ નામની કોઈ વ્યક્તિએ ''મુઝે હે હુકમે અઝાં, અહમ મઝાહિબમેં ખુદાકા તસવ્વુર''ના નામથી કર્યો છે, જેને રોમેલ હાઉસ ઓફ પબ્લિકેશન્સે રાવલપિંડીથી પુસ્તકરૂપે પ્રકાશિત કરેલ છે. આ ઉર્દૂ અનુવાદ ૧૧૦ પેજીસ ધરાવે છે જેમાં મૂળ અંગ્રેજી કિતાબનો અનુવાદ ૬૫ પેજો સુધી છે જ્યારે કે પેજ ૬૬ થી ૧૧૦ સુધી ''બઝમે સવાલો જવાબ''નો ઉમેરો કરવામાં આવ્યો છે જે આ વિષય પર આધારિત છે.

અમે આ લખાણના છેવટમાં બંનેવ કિતાબોના ટાઈટલ પેજો તથા સંબંધિત પેજોની ઝેરોક્ષ સામેલ કરી આપેલ છે. તેમ છતાં જો કોઈ મૂળ કિતાબ જોવા ચાહે તો અંગ્રેજી કિતાબ થોડીક તલાશ બાદ વિવિધ વેબ સાઈટ પર ન કેવળ મળી શકે છે બલ્કે ડાઉનલોડ પણ કરી શકાય છે. એ જ પ્રમાણે ઉર્દૂ અનુવાદ જેનો ઉપર હવાલો આપ્યો છે તે પણ માર્કેટમાં મળી શકે છે.

જેમ કે અમે વર્ણવ્યું કે આ કિતાબમાં ડો. નાયકે વિવિધ ધર્મો (ઈસ્લામ સહિત)ની તા'લીમાતની રોશનીમાં ખુદા વિશેના અક઼ીદા (માન્યતા)ના બારામાં વર્ણન કર્યું છે. અન્ય ધર્મોના બારામાં જે કાંઈ તેમણે લખ્યું એની સાથે અમારે કોઈ લેવાદેવા નથી, જેથી એના પરથી નજર હટાવીને અમો કેવળ ખુદાના બારામાં એમની કેવળ એ માન્યતાઓને લઈશું જેને તેમણે ઈસ્લામ પ્રતિ સંબંધિત કરેલ છે અને એના હેઠળ અલ્લાહ તઆલાની સિફતોના બારામાં એવી રાય પ્રદર્શિત કરી છે જેની સામે અમારે સખત વાંધો છે.

ડો. નાયકના લખાણ પર ચર્ચા કરતાં પહેલાં અમે જરૂરી સમજીએ છીએ કે મુસ્લિમ ઉમ્મતના અમુક ઉલમાએ કિરામના ખયાલો (અક઼ીદા) એના અનુસંધાનમાં રજૂ કરી દઈએ જેથી અંદાઝો થઈ જાય કે આપણી સમર્થિત કિતાબોમાં **અલ્લાહ તઆલાની સિફતોના બારામાં શું અક઼ીદા** વર્ણવેલા છે.

૦૧. શરહે મક઼ાસિદમાં છે : **''અયબ અલ્લાહ તઆલા માટે અશક્ય (મુહાલ) છે.''**

૦૨. ઈમામ મુહક્કિકે અલલ ઈત્લાક઼ કમાલુદ્દીન મસાયરામાં ફર્માવે છે : **''જેટલી નિશાનીઓ અયબની છે, જેમ કે જેહલ (અજ્ઞાનતા), કિઝ્બ (જૂઠ) સર્વ અલ્લાહ તઆલા માટે મુહાલ (અશક્ય) છે.**

૦૩. અલ્લામા કમાલુદ્દીન મુહમ્મદ બિન મુહમ્મદ ઈબ્ને અબૂ શરીફ قُدِّسَ سِرُّهُ العَزِيز તેની શરહ મસામિરામાં ફર્માવે છે : ''કોઈને એમાં મતભેદ નથી કે જે કોઈ સિફત અયબ છે તેનાથી રબ તઆલા પાક છે, અને તે અલ્લાહ તઆલા પર શક્ય નથી.''

૦૪. ઈમામ ફખ્રુદ્દીન રાઝી તફસીરે કબીરમાં ફર્માવે છે : ''અલ્લાહ તઆલાની વાત ઘણી જ સિફતોથી મૌસૂફ છે. એ સર્વમાં તેનું સાચા હોવું છે અને એના પર દલીલ એ છે કે જૂઠ અયબ છે, અને અયબ અલ્લાહ તઆલા માટે અશક્ય છે.

૦૫. વધુમાં ફર્માવે છે : ''અલ્લાહ તઆલાની શાન નથી કે તે પુત્ર બનાવે, તે પાક છે.''

૦૬. ફાઝિલ સૈફુદ્દીન અબ્હરીની શરહે મવાકિ઼ફમાં છે : ''દરેક અયબ અલ્લાહ તઆલા પર ઈજમાઅ સાથે મુહાલ (અશક્ય) છે.''

૦૭. શરહે અક઼ાઈદ જલાલીમાં છે : ''તમામ અયબના સબબો દા.ત. જેહલ (અજ્ઞાનતા) તથા લાચારી સર્વ (ખુદા માટે) અશક્ય છે અને કુદરતની લાયકાતથી ખારિજ (બહાર) છે.''

૦૮. ''અલ્લાહ તઆલા માટે હરકત તથા ઈન્તેકાલ તથા જેહલ તથા જૂઠ કાંઈ શક્ય નથી, કે એ સર્વ અયબ છે અને અયબ અલ્લાહ માટે અશક્ય છે.''

૦૯. મૌલાના નિઝામુદ્દીન સહાલી શરહે મુસલ્લમુષ્ષબૂતમાં લખે છે : ''જે કાંઈ ખુદા

હોવાની વિરુદ્ધ છે તે સર્વ મુહાલે અક્લી (બૌદ્ધિક રીતે અશક્ય) છે."

૧૦. શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી તફસીરે અઝીઝીમાં લખે છે : "અલ્લાહ તઆલા તમામ ખામીઓ (ઉણપો) તથા અયબોથી પાક છે."

૧૧. શરહે અક઼ાઈદે નસફીમાં છે : "ઝિંદા, ક઼ાદિર, જાણનાર, સાંભળનાર, જોનાર, મશિય્યતવાળો, ઈરાદાવાળો છે, કેમ કે એનાથી વિરુદ્ધાર્થી ઉણપો (અયબો) છે, જેનાથી અલ્લાહ તઆલાનું પાક હોવું અનિવાર્ય છે."

૧૨. શરહે સનૂસિય્યહમાં છે : "અલ્લાહ તઆલાના માટે સાંભળનાર તથા જોનાર કે જો તે એનાથી મુત્તસિફ (એ સિફતોવાળો) ન હોય તો એના વિરુદ્ધાર્થીથી મુત્તસિફ હશે, અને તે અયબો છે. અને અયબ અલ્લાહ માટે અશક્ય છે."

૧૩. શરહે મવાક઼િફમાં છે : "આપણા માટે સિફતોની મઅરેફત પર અફઆલ અને અયબોથી પાક હોવાના થકી દલીલ કરવા સિવાય કોઈ ચારો નથી."

૧૪. શરહે મક઼ાસિદમાં છે : "અહલે સુન્નતનો મઝહબ એ છે કે તમામ જહાન હાદિષ (પછીથી ઉદ્ભવેલ) અને નવુ પેદા થયેલ છે અને તેનો બનાવનારો ક઼દીમ (હમેશાંથી હમેશા માટે) તથા સિફાતે ક઼દીમિયહ ધરાવે છે. ને તેના માટે જેહલ શક્ય છે ન જૂઠ શક્ય છે ન એમાં કોઈ જાતની અયબ તથા ખામીની શક્યતા છે.

૧૫. હિદાયહમાં છે : "અલ્લાહ તઆલા પોતાના સર્જનની સાથે હમેશાંથી ખાલિક઼ છે અને પેદા કરવું તેની સિફતે અઝલી છે. અને હમેશાંથી પોતાના ફેઅલની સાથે ફાઈલ છે, અને કરવું એની અઝલી સિફત છે. અને અલ્લાહ તઆલા જ ફાઈલ છે અને ફેઅલ તેની અઝલી સિફત છે અને ફેઅલથી મફઉલ થયું (પેદા થયું) તે અલ્બત્ત મખ્લૂક઼ છે, અને અલ્લાહ તઆલાનો કોઈ ફેઅલ મખ્લૂક઼ નથી, અને અલ્લાહની સિફતો અઝલમાં પેદા નથી થઈ ન મખ્લૂક઼ બની. એટલા માટે જો કોઈ એવું કહે કે આ અલ્લાહની સિફતો મખ્લૂક઼ છે અથવા નવી પેદા થઈ ગઈ છે અથવા એના બારામાં તવક્કુફ (મૌન ધારણ) કરે અથવા એનામાં શંકા કુશંકા કરે તો તે અલ્લાહ તઆલાનો મુન્કિર છે."

ઉપર દર્શાવેલા હવાલાઓથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે **મુસ્લિમ ઉમ્મતનો આ આ ઈજમાઈ અક઼ીદો છે કે, અલ્લાહ તઆલા દરેક અયબથી પાક છે. તેની દરેક સિફત (ખૂબી, ગુણ) કમાલની સિફત અને સર્વ અયબો (ખામીઓ, ઉણપો)થી પાક છે. કોઈ અયબ તેની તરફ સંબંધિત નથી થઈ શકતી, બલ્કે તે દરેક તે ચીજથી બુલંદ તથા ઉચ્ચ છે જે એની શાનને લાયક નથી. તે એ સર્વ અયબોથી પણ પાક છે જેને ઓછી અક્કલવાળા તેની તરફ સંબંધિત કરે છે.**

આમ તો અમારા ખયાલમાં દરેક મુસલમાન સ્વભાવિકપણે આ વાતો પર યક઼ીન ધરાવે છે અને આના અનુસંધાનમાં એને કોઈ હવાલાની હાજત હોવી ન જોઈએ, તેમ છતાં અમે અમારા મૌક઼ફની હિમાયતમાં નમૂનારૂપે અમુક હવાલા દર્શાવી આપ્યા જેથી કોઈ ઉણપ બાકી ન રહે.

હવે અમે ડો. નાયકની કિતાબ અને તેના ઉર્દૂ અનુવાદનાં અમુક લખાણો નક઼લ કર્યા બાદ તેના પર અમારી સમીક્ષા રજૂ કરીશું. યાદ રાખશો કે આ સર્વ ડો. નાયકે ઈસ્લામી માન્યતાઓ હેઠળ લખેલ છે. અમો અહીં તેમના લખાણનો કેવળ તે હિસ્સો લઈશું જેનો સંબંધ ડાયરેક્ટ આ ચર્ચા સાથે છે. સંપૂર્ણ લખાણ મૂળ કિતાબમાં જોઈ લેશો. તે પોતાની કિતાબના પેજ ૧૮ પર લખે છે :–

God does not become a human being: Some people argue that God can do everything, then why cannot He take human form? If God

wishes He can become a human being. But then He no longer remains God because qualities of God and human beings in many respects are completely incompatible.

આ જ વાત ઉર્દૂ તર્જુમાના પેજ ૧૪૪ તથા ૪૫ પર આ પ્રમાણે છે :–

*''ખુદા માનવ સ્વરૂપમાં નથી ઢળતો. અમુક લોકો વાંધો ઉઠાવે છે કે ખુદા દરેક ચીજ પર કાદિર (શક્તિમાન) છે તો તે માનવરૂપમાં કેમ નથી ઢળી શક્તો ? જો અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા ચાહે તો તે માનવ રૂપમાં ઢળી શકે છે, પરંતુ પછી તે ખુદા રહેશે નહીં કેમ કે.....'' (ડો. ઝાકિર નાયક)*

ઉપરોક્ત લખાણમાં ડો. નાયક અમુક લોકોનો વાંધો વર્ણવ્યા બાદ એવું દર્શાવી રહ્યા છે કે જો અલ્લાહ ચાહે તો તે માનવ સ્વરૂપમાં ઢળી શકે છે. સાથે સાથે એનુ મન્તિકી પરિણામ પણ વર્ણવે છે કે જો અલ્લાહ માનવ સ્વરૂપમાં ઢળી જાય તો પછી ખુદા રહેશે નહીં. આગળ જતાં દષ્ટાંતો વડે સ્પષ્ટ કરી રહેલ છે કે અલ્લાહ તઆલાનું માનવ સ્વરૂપ ધારણ કરવું બિલ્કુલ નિરર્થક તથા અયોગ્ય છે.

આ લખાણથી જાહેરી રીતે એ ધોકો થાય છે કે ડો. નાયક અલ્લાહ તઆલાના માનવ સ્વરૂપમાં ઢળવાની ગલત માન્યતાને ખોટી સાબિત કરી રહ્યા છે, પરંતુ તેમના લખાણને ધ્યાનથી વાંચતા સ્પષ્ટ થઈ જાય છે કે તે અસલમાં (માનવ સ્વરૂપ) થવાને નકારી રહ્યા છે, ન કે તેની શક્યતાને. જ્યારે કે એ વાત સિદ્ધ થઈ ચૂકેલી છે કે જે કાંઈ શક્ય છે તે અલ્લાહની કુદરતના હેઠળ છે. અને જે કાંઈ કુદરત હેઠળ નથી તેની મુમ્કિનાત (શક્યતાઓ)માં ગણના જ નથી થતી, બલ્કે અશક્ય (મુહાલ) કહેવાય છે. જેથી જ્યારે એ એવું કહે છે કે, ''જો અલ્લાહ સુબ્હાનહૂ ચાહે તો માનસ સ્વરૂપમાં ઢળી શકે છે.'' તો સાબિત થયું કે તે એને મુહાલ (અશક્ય) નથી માનતા. પરંતુ એની સાથે જ પરિણામ એ વર્ણવે છે કે જો એવું થયું (માનવ સ્વરૂપ ધારણ કર્યું) તો તે ખુદા રહેશે નહીં. હવે સવાલ એ પેદા થાય છે કે, ''ખુદા જો ખુદા ન રહે'' તે એના હક્કમાં અયબ છે કે નહીં ?! યકીનન ! એનાથી મોટો અયબ ખુદાના હક્કમાં શો હશે કે એની ખુદાઈ જ જતી રહેશે ?! અને અમે મુસ્તનદ હવાલાઓ થકી ઉપર એ સાબિત કરી આવ્યા કે અયબ અલ્લાહ માટે અશક્ય છે, તો એ પણ સાબિત થયું કે અલ્લાહ તઆલાનું માનવ સ્વરૂપમાં ઢળવું પણ મુહાલ (અશક્ય) છે જેથી ડો. ઝાકિર નાયકનું એ કહેવું કે, ''જો અલ્લાહ ચાહે તો માનવ સ્વરૂપ ધારણ કરી શકે છે'' એ તદ્દન બાતિલ (ગલત) છે.

આગળ જતાં પોતાની કિતાબના પેજ નં. ૧૯ પર અલ્લાહ તઆલાના માનવ સ્વરૂપમાં ન ઢળવાની અધિક દલીલો આપતાં ડો. નાયક લખે છે :–

Moreover if God takes human form, the same human cannot later become God, since human beings, by definition, do not possess the power to become God

એ જ વાત ઉર્દૂ કિતાબના પેજ નં ૪૬ પર આ પ્રમાણે છે :–

*''તદ્ ઉપરાંત જો ખુદા માનવ સ્વરૂપ ધારણ કરી લે તો પછી એ જ માનવ ખુદા બની શક્શે નહીં, કેમ કે માણસ પોતાની વ્યાખ્યામાં જ એવો છે જે ખુદા બનવાની શક્તિ નથી ધરાવતો.'' (ડો. ઝાકિર નાયક)*

અમારી સમજમાં નથી આવતું કે ડો. નાયકના દલીલ કરવાના અંદાજને કઈ રીતે દાદ આપીએ ! એટલે કે કહે છે કે ખુદા માણસ એટલા માટે નથી બનતો કે જો મઆઝલ્લાહ ! એકવાર માણસ બનવાની ભૂલ કરી બેઠો તો તે ફરીથી ખુદા કેવી રીતે બનશે ?! لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِ الْعَظِیْمِ

અમારો વાંધો ફરી એ જ છે કે જો આ દલીલને દુરુસ્ત માની લેવામાં આવે તો સાબિત થશે કે માનવ સ્વરૂપ ધારણ કરવું એ મુત્લકન ખુદાઈથી હાથ ધોવું છે જેથી એ ઘણો જ મહાન અયબ છે, અને કેમ કે અલ્લાહ તઆલા અયબથી પાક છે જેથી માનવું પડશે

**કે એમનું એ કહેવું કે, "અલ્લાહ ચાહે તો માનવ સ્વરૂપ ધારણ કરી શકે છે" એ તદ્દન ગલત તથા બાતિલ છે. કેમ કે દરેક તે ચીજ જે ખુદ અયબ હોય અથવા કોઈ અયબનો સબબ બને તેનાથી અલ્લાહ તઆલાને પાક માનવો જરૂરી છે.**

આગળ જતાં એ જ પેજ : ૧૯ અને ૨૦ ઉપર પોતાની આ માન્યતા (અક઼ીદા)ના સમર્થનમાં દલીલ રૂપે લખે છે :–

God does not perform ungodly acts: The attributes ofAlmighty God preclude any evil since God is the fountainhead of justice, mercy and truth. God can never be thought of as doing an ungodly act. Hence we cannot imagine God telling a lie, being unjust, making a mistake, forgetting things, and such other human failings. Similarly God can do injustice if he wants but He will never do it because being unjust is an ungodly act.

The holy Quran says:

"Allah is never unjust in the least degree"

God can be injust if he wants, but the moment God does injustice He ceases to be God.

God does not forget nor does He make mistakes:

God will not forget anything because forgetting is an ungodly act, which reeks of human limitations and failing. Similarly, God will not make a mistake, because making mistakes is an ungodly act.

"..... my Lord never errors, nor forgets". God performs godly acts:

He has power over all things. The Islamic concept of God is that God has power over all things. The Holy Quran says in several places:

"For verily Allah has power over all things"

Further the glorious Quran says:

"Allah is the doer of all He intends" We must keep in mind that Allah intends only godly acts and not ungodly acts.

આ લખાણ ઉર્દૂ કિતાબના ૪૬ થી ૪૮ સુધી વર્ણન થયું છે :–

*"ખુદા ગૈર ખુદાઈ કાર્યો અંજામ નથી આપી શક્તો."*

*અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાની પાકીઝા સિફ઼તો કોઈ અયોગ્યતાવાળી તથા નાજાઈઝ બાબત પર આધારિત નથી હોઈ શકતી, કેમ કે તે ઝાતે બારી તઆલા અદ્લ, રહમો કરમ અને હક્ક઼ તથા સચ્ચાઈનો સરચશ્મો (ઉગમ સ્થાન) છે. અલ્લાહ પાકથી અયોગ્ય ફેઅલ (કામ)નું જાહેર થવું મૂળભૂત રીતે તથા હમેશાં માટે કલ્પનાને પાત્ર નથી. જેથી આપણો વિચારી પણ નથી શકતા કે ખુદા ﷻ જૂઠ, અન્યાય, ગલતી, ભૂલવું તથા અન્ય આ પ્રકારના માનવસહજ ઉણપો (ખામીઓ)માં પડે. (મઆઝલ્લાહ !)* ***અલ્બત્ત ! ખુદા નાઈન્સાફ઼ી (અન્યાય) પર ક઼ાદિર (શક્તિમાન) જરૂર છે,*** *પરંતુ તે એવું કદાપિ નથી કરી શકતો, કેમ કે એ એની શાનને પાત્ર નથી.*

*કુર્આન મજીદ ફ઼ર્માવે છે : "યક઼ીનન ! અલ્લાહ રજ માત્ર જુલ્મ નથી કરતો."*

***ખુદા ચાહે તો જુલ્મ કરી શકે છે, પણ જેવો જુલ્મ કરશે કે તે ખુદા રહેશે નહીં.***

*ખુદા ભૂલે છે ન ગલતી કરે છે.*

*ખુદા કોઈ ચીજને નથી ભૂલતો કેમ કે ભૂલવું એક ગૈર ખુદાઈ કૃત્ય છે, જે માનવની મજબૂરી,*

*કમજોરીઓ તથા અયબોની નિશાની છે. એ જ પ્રમાણે ખુદાએ ઝુલ જલાલ કદી ગલતી નથી કરતો કેમ કે એ એક ગૈર ખુદાઈ કૃત્ય છે. કુર્આન મજીદ રબ તઆલાનો ઈર્શાદ છે : ''મારો રબ ન ચુકે છે ન ભૂલે છે.'' ખુદા પોતાની શાનને પાત્ર કાર્યો અંજામ આપે છે.*

*અલ્લાહ પાક દરેક ચીજ પર કાદિર (શક્તિમાન) છે. ખુદા વિશે ઈસ્લામી ખયાલમાં ખુદાએ ઝુલ જલાલ કાદિરે મુત્લક છે. કુર્આનમાં વિવિધ સ્થળોએ ઈર્શાદ ફર્માવે છે : ''બેશક અલ્લાહ દરેક ચીજ પર કાદિર છે.'' કુર્આન મજીદ વધુમાં ફર્માવે છે : ''તે જે ચાહે તેને સારી રીતે અંજામ આપનાર છે.''*

*આપણે એ વાત સારી રીતે દિમાગમાં બેસાડી લેવી જોઈએ કે ખુદા કેવળ જાઈઝ, શોભાપાત્ર તથા શાનને પાત્ર કામોનો ઈરાદો કરે છે ન કે અશોભનીય તથા નાજાઈઝ કામોનો.'' (ડો. ઝાકિર નાયક)*

ઉપરોક્ત લખાણોના પછી અમો અહીં ઉર્દૂ કિતાબના ''બઝ્મે સવાલો જવાબ''ના પેજ ૭૦ તથા ૭૧ પર મૌજૂદ કેટલુક લખાણ આપની સમક્ષ રજૂ કરીએ છીએ :–

***''જેથી જો ખુદા માણસ બનવા ચાહે તો બની શકે છે પરંતુ પછી ખુદા રહેશે નહીં,*** *જેથી ખુદા કદાપિ માણસ બનવાનું ચાહશે નહીં. કેમ કે જૂઠુ બોલવું ગૈર ખુદાઈ કૃત્ય છે.* ***અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા જૂઠુ બોલી શકે છે,*** *પરંતુ કદાપિ નહીં બોલે. જેવો તે જૂઠુ બોલશે તો ખુદા રહેશે નહીં.*

***અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા જુલ્મ કરી શકે*** *છે પરંતુ કદાપિ કરશે નહીં, કેમ કે જુલ્મ ગૈર ખુદાઈ કૃત્ય છે. જેમ કે કુર્આને કરીમ ઈર્શાદ ફર્માવે છે : ''યકીનન ! અલ્લાહ રજ માત્ર પણ જુલ્મ નથી કરતો.'' પછી જો તે જુલ્મ કરશે તો ખુદાઈથી મઅઝૂલ થઈ (નીકળી) જશે.*

***અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા ચાહે તો ગલતી કરી શકે છે,*** *પરંતુ કદાપિ કરશે નહીં, કેમ કે ગલતી કરવી ખુદાઈની શાનના વિરુદ્ધ છે.*

*(ડો. ઝાકિર નાયકની ઉર્દૂ કિતાબ)*

અમે બંનેવ કિતાબોથી જે લખાણો નકલ કરેલ છે તેને વારંવાર વાંચો અને સારી રીતે વિચારણા કરીને અમારા મૌકફને સામે રાખીને ફેંસલો કરો કે શું ખરેખર ડો. નાયક ખુદાના બારામાં ખાલિસ (સાફ) ઈસ્લામી માન્યતા (અકીદો) રજૂ કરી રહ્યા છે કે પછી એના બારામાં ખૂબ જ મહાન ગલતીમાં સપડાયા છે ?! જો કે એમનું લખાણ વાંચનાર આ ગલતફહમીમાં પડી શકે છે કે તે તો ગૈર મઝહબોમાં મૌજૂદ ખુદાના બારામાં બાતિલ (ખોટી) માન્યતાઓનો નિર્દેશ કરી રહ્યા છે અને તેમની કમજોરી જાહેર કરી રહ્યા છે. **પરંતુ સવાલ એ છે કે તેમણે ખુદાના વિશે જે ખયાલો (માન્યતાઓ) ઈસ્લામના હવાલાથી રજૂ કર્યા છે શું તે પોતાના સ્થાને બરાબર છે ? જો એવું નથી તો તેમણે પોતાના કૃત્ય વડે ઈસ્લામની શું સેવા કરી ?**

વધુમાં એ કે અમુક લોકો આ પ્રકારના મામલાઓમાં એ મૌકફ પણ અપનાવે છે કે વાંધો ઉઠાવનારે લખાણનો અમુક હિસ્સો લઈને પોતાની મરજીનો મતલબ કાઢવાની કોશિશ કરી છે, અને આ રીતે ગલતી પર પર્દો નાખવાની કોશિશ કરે છે. અમે અરજ કરીએ છીએ કે તેમનો આ વાંધો ત્યારે યોગ્ય ગણાશે જ્યારે લખાણનો અમુક હિસ્સો લેવામાં અને અમુક હિસ્સો છોડી દેવામાં અર્થ બદલાય જાય. પરંતુ જો એવું ન હોય તો આ વાંધો યોગ્ય નથી. અમારો એ દાવો છે કે અમે જે લખાણો પર વાંધો ઉઠાવ્યો છે તે મુસ્તકિલ હેસિયત ધરાવે છે, તેને આગળ પાછળના લખાણ સાથે વાંચવામાં આવે કે પછી (એકલુ) અલગ વાંચવામાં આવે છતાં અર્થમાં કોઈ તફાવત પડતો નથી, અને ન તો અમારો વાંધો દૂર થાય છે. અમે સંબંધિત પેજોને લખાણના છેવટમાં આપી દીધેલા છે, જેથી દરેક શખ્સ તસલ્લી માટે તેનો અભ્યાસ કરીને અમારા દાવાને સમર્થન કરી શકે છે.

ડો. નાયકના લખાણનો મતલબ એ છે કે, ''અલ્લાહ તઆલા દરેક કામ કરવાની શક્તિ ધરાવે છે, ચાહે તે કામ સારુ હોય કે બુરુ !'' દા.ત. **ડો. નાયકની માન્યતા પ્રમાણે અલ્લાહ તઆલા (મઆઝલ્લાહ !) જુલ્મ કરી શકે છે, જૂઠુ બોલી શકે છે, ભૂલ કરી શકે છે, માનવ સ્વરૂપ ધારણ કરી શકે છે.... વગેરે.** અલ્બત્ત ! તે એવું કરતો નથી. કેમ કે જો તે એવાં કામો કરે તો ખુદાઈથી નીકળી જશે અને ખુદા રહેશે નહીં. એક અન્ય કારણ એ (દર્શાવ્યું) છે કે તેમની નજરમાં આ સર્વ કામો ગૈર ખુદાઈ છે અને અલ્લાહ કેવળ ખુદાઈનાં કામો કરે છે.


બીજો મૌક્ફ અમે ઈસ્લામના ઉલમાનો વર્ણવ્યો જેના પ્રમાણે **અલ્લાહ તઆલા દરેક પ્રકારના અયબોથી પાક છે. અને તેની તરફ કોઈ એવી ચીજ સંબંધિત કરવી જે એની મહાન શાનને પાત્ર ન હોય એ જાઈઝ નથી.** અને કેમ કે આ બંને મૌક્ફ (ઈસ્લામના ઉલમાનો અને ડો. નાયકનો) અલગ અલગ છે, જેથી એમાંથી એક યક઼ીની તૌર પર (નિશ્ચિતપણે) ગલત છે.

આના હેઠળ આપણે ડો. નાયકના મૌક્ફ (માન્યતા)નું વિવેચનાત્ક વિશ્લેષણ કરીશું અને પછી ઈસ્લામના ઉલમાની સ્પષ્ટતાઓ સાથે તેની સરખામણી કરીશું. અમો અહીં અમારી રાય પ્રદર્શિત કરીને નિર્ણય વાંચકો પર છોડી દઈશું કે તેઓ કયા મૌક્ફને બરાબર સમજે છે. અમારી દષ્ટિમાં ડો. નાયકની ખુદાના બારામાં માન્યતા (અક઼ીદો) નીચેના કારણોને લીધે તદ્દન બાતિલ (ખોટો) છે :–

૦૧. પ્રથમ વાત એ કે **ડો. નાયક અયબો તથા ખામીઓને અલ્લાહ તઆલાના બારામાં શક્ય માની રહ્યા છે.** જ્યારે ઉમ્મતના મહાન ઉલમાએ **અલ્લાહ તઆલાનું તમામ અયબોથી પાક હોવા પર ઈજમાઅ (સર્વસંમતિ) નક઼લ કર્યો છે.** હવે સવાલ એ પેદા થાય છે કે શું ડો. નાયકની રાય પૂરી ઉમ્મતના ઈજમાઅ (એકમતિ) પર અગ્રતા ધરાવે છે ? અથવા આ ઈજમાઈ (સર્વ સંમતિ પામેલ) મસ્અલાની વિરુદ્ધ જઈને તે ગલતીમાં સપડાયા છે ? વધુમાં એ કે જો કેવળ બૌદ્ધિક દષ્ટિએ પણ વિચારવામાં આવે તો કયો મૌક્ફ અધિક બેહતર છે ? શું એ કે અલ્લાહ તઆલાના માટે જૂઠ, જુલ્મ, ભૂલ તથા અન્ય ખામીઓનો ઈકરાર (સ્વીકાર) કરવામાં આવે અથવા તેને આ સર્વ અમલોથી સંપૂર્ણપણે પાક સમજવામાં આવે ? ફૈંસલો હવે તમો ખુદા કરી લેશો.

૦૨. બીજી નોંધ પાત્ર વાત એ છે કે, ''ડો. નાયકના કહ્યાનુસાર **ખુદાથી કોઈ એવું કૃત્ય જાહેર થઈ જાય જે એની શાનને પાત્ર નથી તો તે ખુદાઈથી નીકળી જશે અને ખુદા રહેશે નહીં.** જેથી ક઼ાદિર (શક્તિમાન) હોવા છતાં તે એવું કોઈ કૃત્ય નથી કરતો જે ખુદાઈના જતા રહેવાનો સબબ બની જાય.''

જ્યારે કે **ઈસ્લામના ઉલમા અલ્લાહ તઆલાને કોઈ બુરી ચીજથી નિસ્બતવાળો જ નથી માનતા, જેથી એમની નજીક એવો કોઈ સવાલ ખડો જ નથી થતો કે જો આવું થાય તો કેવું થાય ?** જરા વિચારો, **શું અલ્લાહ તઆલાનું ખુદાઈથી નીકળી જવું શક્ય છે ? ચાહે તેની પોતાની મરજીથી કેમ ન હોય.** કોઈ બુદ્ધિવાળો શખ્સ આ વાતનો સ્વીકાર કરી શકતો નથી. ''હવે ડો. નાયકના મૌક઼ફના પ્રમાણે અલ્લાહ તઆલા જો માનવ સ્વરૂપ ધારણ કરી લે તો ખુદાઈથી નીકળી જશે, પણ હા ! તે માનવ સ્વરૂપમાં ન ઢળવા માટે ક઼ાદિર (શક્તિમાન) જરૂર છે.'' તો બીજા શબ્દોમાં એમની દષ્ટિએ ખુદાઈથી મઅઝૂલ કરવા (નીકળી જવા) પર ક઼ાદિર (શક્તિમાન) થયો. કેમ કે તે એક એવા કૃત્ય માટે શક્તિમાન છે જેનું અનિવાર્ય પરિણામ ખુદાઈથી નીકળી જવું છે. શું ખુદા વિશે આ માન્યતા (અક઼ીદો) ઈસ્લામી ઉસૂલો (નિયમો) પ્રમાણે છે ? ખૂબ જ સારી રીતે વિચારો. .........*(ક્રમશઃ)*



## દુઆની જલ્દી કબૂલિયતના ત્રણ નુસ્ખાઓ

**રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

وَ اِذَا سَاَلَكَ عِبَادِیْ عَنِّیْ فَاِنِّیْ قَرِیْبٌؕ اُجِیْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِۙ فَلْیَسْتَجِیْبُوْا لِیْ وَ لْیُؤْمِنُوْا بِیْ لَعَلَّهُمْ یَرْشُدُوْنَ(۱۸۶)

"અને હે મહબૂબ ! જ્યારે તમારાથી મારા બંદા મારા વિશે પૂછે તો (કહી દો કે) હું નજીક છું, દુઆ કબૂલ કરું છું પોકારવાવાળાની જ્યારે મને પોકારે, તો એમને જોઈએ કે મારો હુકમ માને અને મારા પર ઈમાન લાવે જેથી રાહ પામે. *(અલ બક્રહ, ૨/૧૮૬)*

અલ્લાહ તઆલાનુ આ મુબારક ફર્માન એ વાતની દલીલ છે કે અલ્લાહ આપણાથી અત્યંત નજીક છે અને આપણી દુઆઓ સાંભળે છે અને કબૂલ ફર્માવે છે. તો (અમુક) લોકોનું એમ કહેવું અને સમજવું કે અલ્લાહ તો અમારું સાંભળતો નથી, અથવા ફલાણા લોકોનું સાંભળે છે અને ફલાણા લોકોનું નથી સાંભળતો, ફલાણાનું માને છે અને ફલાણાનું નથી માનતો, અમારું સાંભળતો નથી અને ફલાણાનું નકારતો નથી. આ પ્રકારની સર્વ માન્યતાઓ અને વિચારો અલ્લાહ તબારક વ તઆલાના આ ફર્માનનો પણ નકાર છે, એટલે બીજા શબ્દોમાં એક કહેવાશે કે આવા અકીદા અથવા ખયાલો અલ્લાહ તબારક વ તઆલાના વર્ણન થએલ ફર્માનનું કુફ્ર છે, આ કુફ્રિયા અકીદા અને ખયાલના શિકાર કર્યા બાદ શૈતાન મરદૂદ અને તેના અનુયાયીઓ અલ્લાહના બંદાઓને અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ કરવામાં ગુમરાહીના માર્ગે દોરી જાય છે.

એ પણ યાદ રાખો અને હમેશાં યાદ રાખો કે કોઈ પણ વાત પહેલાં સાંભળવામાં આવે છે પછી સ્વીકાર અથવા અસ્વીકાર કરવામાં આવે છે. અને આપણા રબ ﷻએ આપણને એ યકીન આપ્યું છે કે તે દુઆઓ કબૂલ કરે છે માટે દુઆઓ સાંભળવું તો કબૂલ થવાથી અધિક યકીનવાળી બાબત થઈ, જેથી આપણે અલ્લાહ તરફથી આ ઉપરોક્ત વર્ણન થયેલ ખુશખબરીવાળુ એલાન સાંભળયા, પઢયા બાદ ન કેવળ આવા કુફ્રિયા અકીદાઓ અને વિચારોથી તૌબા કરી તેમને ત્યજવા જોઈએ, બલ્કે એ પણ વિચારવું બલ્કે સમજવું જોઈએ કે જ્યારે ખુદ અલ્લાહ તઆલાએ જ આપણને જણાવી દીધું કે, اُجِیْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ "જ્યારે કોઈ મને પોકારે છે (દુઆ કરે છે અથવા કાંઈક માગે છે) તો હું દુઆ કરનારની દુઆ કબૂલ કરૂ છું." *(સૂ. બક્રહ, ૨/૧૮૬)*

તો પછી આપણે કોઈ શક વિના, કોઈ ધોકા અને કોઈ ફિલોસોફી વિના માની લેવું જોઈએ અને એના પર ઈમાન રાખવું જોઈએ કે અલ્લાહ પાક આપણી દુઆઓ કબૂલ ફર્માવે છે, માટે આપણે આ મુબારક ફર્માન પર સંપૂર્ણ ઈમાન રાખવું જોઈએ, જો આપણને પોતાની દુઆઓ કબૂલ થતી મેહસૂસ નથી થતી તો આપણે અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺના મુબારક ફર્માનો મુજબ જ આ બાબતને સમજવી જોઈએ, ન કે એમના ફર્માનો વિરૂધ્ધ. આપણા અભ્યાસ હેઠળની આયતે મુબારકામાં પણ અલ્લાહ તબારક વ તઆલા તરફથી આપણને એક એવો નુસ્ખો બતાવવામાં આવ્યો છે જેના પર અમલ કરવાથી આપણી દુઆઓ જલ્દી કબૂલ થઈ શકે છે, જી હા ! આ જ આયતે મુબારકામાં

અલ્લાહ તબારક વ તઆલાએ આપણને એ હુકમ ફર્માવ્યો છે કે فَلْيَسْتَجِيْبُوْا لِىْ "લોકો મારી વાત માને" (બધા જ) લોકો મારી વાત સ્વીકારે. આ છે તે નુસ્ખો જેના પર અમલ કરવાથી આપણી દુઆઓ ઈન્શાઅલ્લાહ ! જલ્દી જ કૂબૂલ થવાવાળી દુઆઓમાં સામેલ થઈ શકે છે. પરંતુ આના માટે આપણે એ જાણવુ પડશે કે આપણે અલ્લાહ તબારક વ તઆલાના આ હુકમ પર અમલ કરવા માટે અલ્લાહ તઆલાની વાત કઈ રીતે કૂબૂલ કરીએ ?

અલ્લાહ ﷻના આ ફર્માનમાં ચિંતન કરવાથી આપણને એ સમજમાં આવે છે કે દુઆઓ જલ્દી કૂબૂલ થવા માટે આપણે અલ્લાહ તઆલાની સર્વ વાતો કૂબૂલ કરવી પડશે, દરેક તે કામ જેનો હુકમ અલ્લાહ તઆલાએ આપ્યો તે કરવુ પડશે અને દરેક તે કામ જેને કરવાથી અલ્લાહ તઆલાએ મના ફર્માવી દીધું તેનાથી દૂર રહેવુ જ પડશે, આ જ રીતે અને કેવળ આ જ રીતે فَلْيَسْتَجِيْبُوْا لِىْ "લોકો મારી વાત માને" ના હુકમ પર અમલ થશે. અને જ્યારે આ નુસ્ખા પર અલમ થશે તો પછી અલ્લાહ તઆલા પણ આપણી દુઆઓ તે જ સમયે કૂબૂલ ફર્માવી લેશે. હવે જો આપણે આ નુસ્ખાની વિગતમાં વિચાર કરીએ તો આપણને આ જ નુસ્ખાના અંતર્ગત અન્ય પણ ઘણા બધા એવા નુસ્ખા જોવા મળે છે જેમને ઉપયોગમાં લઈને આપણે આ મૂળ નુસ્ખાના લાભ પ્રાપ્ત કરી શકીએ છીએ અને પોતાની દુઆઓને અલ્લાહને ત્યાં જલ્દી કૂબૂલ થવાવાળી દુઆઓમાં સામેલ કરવાની ભરપૂર કોશિશ કરી શકીએ છીએ. જેથી આપણે ખૂબ સારી રીતે તે વાતો અને કામો વિશે જાણી લેવું જોઈએ જેમનો હુકમ અલ્લાહ તઆલાએ આપણને આપ્યો છે, જો આપણે તે વાતોને સ્વીકારીએ ત્યાં અલ્લાહ તઆલાને તો આપણી દુઆઓ તુરંત કૂબૂલ થયા કરશે.

## ★ પહેલો નુસ્ખો : નેકીના કાર્યો કરવામાં જલ્દી કરવી ★

દુઆના તુરંત કૂબૂલ થવાનું સૌથી પહેલુ કારણ નેકીનાં કામોમાં જલ્દી કરવું છે. અલ્લાહ ﷻએ હઝરત ઝકરિય્યહ عليه السلامની ઘટના વર્ણન કરતાં પોતાના નેક બંદાઓના ગુણમાં આ ગુણ બયાન ફર્માવ્યા છે :–

فَاسْتَجَبْنَا لَهٗ ۫ وَ وَهَبْنَا لَهٗ يَحْيٰى وَ اَصْلَحْنَا لَهٗ زَوْجَهٗ ؕ اِنَّهُمْ كَانُوْا يُسٰرِعُوْنَ فِى الْخَيْرٰتِ وَ يَدْعُوْنَنَا رَغَبًا وَّ رَهَبًا ؕ وَ كَانُوْا لَنَا خٰشِعِيْنَ ﴿۹۰﴾

"તો અમે તેની દુઆ કૂબૂલ કરી અને તેને યહ્યા અતા ફર્માવ્યા. અને એના માટે એની પત્ની સંવારી. બેશક ! તે ભલાં કામોમાં જલ્દી કરતા હતા અને અમને પુકારતા હતા ઉમ્મીદ તથા ડરથી, અને અમારી સમક્ષ રૂદન આજીજી કરે છે."

*–(સૂ. અંબિયા, ૨૧/૯૦)*

અલ્લાહ તઆલાના આ મુબારક ફર્માનથી આપણને એ બોધ મળે છે કે અલ્લાહના તે નેક બંદાઓ જે નેકી કરવામાં મોડુ નથી કરતા, કોઈની રાહ નથી જોતા કે કોઈ નેકીની દાવત આપે, નેકીના કામ તરફ બોલાવે તો નેકી કરે બલ્કે પોતે નેકી કરવાના મોકા શોધે છે, પોતાના દરેક કામને અલ્લાહને રાજી કરવા માટે કરે છે અને તેમને નેકી બનાવી લે છે, અને આવું કરવામાં કેવળ મોડુ નથી કરતા બલ્કે ઘણી જ ઝડપથી નેકી કરવાના અવસર શોધે છે અને નેકીનાં કામો કરી ગુજરે છે, અને પછી કેવળ પોતાના અલ્લાહને જ પોકારે છે, કેવળ તેનાથી જ દુઆઓ કરે છે અને એ રીતે કરે છે કે તેમના દિલોમાં અલ્લાહને ત્યાં દુઆઓની કૂબૂલિયતનો શોખ અને યકીન પણ હોય છે અને એ વાતથી પણ ડરે છે કે ક્યાંક તેમની દુઆ અને દુઆ કરવાના તરીકામાં કાંઈ એવું ન થઈ જાય કે જેના કારણે અલ્લાહ નારાજ થઈ જાય અને તેઓ

અલ્લાહનો અઝાબ પામવાવાળાઓમાંથી થઈ જાય. જેથી એ લોકો અલ્લાહથી ડરવાવાળા હોય છે, પોતાના આવા બંદાઓની દુઆઓ પણ અલ્લાહ તઆલા જલ્દી જ ક઼બૂલ ફર્માવે છે. **હવે આપણે પોતાનો હાલ જોઈએ !** આપણામાંથી કેટલાય એવા છે જેમને અલ્લાહે માલ આપ્યો છે પરંતુ તેઓ કદી એ કોશિશ નથી કરતા કે પોતાનો માલ પોતે કોઈ જરૂરતમંદ, ગરીબ, મોહતાજ, મિસ્કીન, બેવા, યતીમ સુધી પહોંચાડી આપે, બલ્કે જ્યાં સુધી તેમની પાસે કોઈ જરૂરતમંદ નથી આવતો તેમને એ વાતની કોઈ ચિંતા જ નથી હોતી કે તેઓ પોતાના માલમાંથી અલ્લાહની રાહમાં ખર્ચ કરે ! અને એમનામાંથી પણ કેટલાય એવા છે જેમના સુધી જ્યારે કોઈ હાજમંદ પહોંચે છે તો તેઓ એની કોઈ મદદ નથી કરતા.

આપણામાંથી દરેક પોતાને એ પ્રશ્ન કરે કે મેં કેટલીવાર પોતે કોઈ મોહતાજ અને જરૂરતમંદને શોધીને માલ થકી અથવા શારીરિક રીતે તેની ખિદમત કરી, તેની મદદ કરી છે ? કેટલીવાર એવું થયું છે કે મેં કોઈને નમાઝ ન પઢતો જોઈ નમાઝ પઢવાનો આગ્રહ કર્યો હોય ? કેટલીવાર એવું થયું છે કે મેં કોઈને સીધા માર્ગથી હટેલો જોઈને તેને સીધો રસ્તો બતાવ્યો હોય ?

કેટલીવાર એવું થયું છે કે મેં કોઈને બેપર્દગીવાળુ કામ કરતાં જોઈને તેને પર્દાના આદેશો પર અમલ કરવાની દાવત આપી હોય ?

કેટલીવાર એવું બન્યું છે કે મેં કોઈને શયતાનોની અવાજો એટલે કે ગાયનો અને મ્યૂઝિક વગેરે સાંભળતાં જોઈને તેનાથી દૂર રહેવા કહ્યું હોય ? બલ્કે બીજાની સાથે કરવામાં આવતી નેકીઓ પહેલાં પોતે પોતાની સાથે નેકી કરવા વિશે જ વિચારીએ કે કેટલીવાર એવું થયું છે કે પોતાની આર્થિક અને સમાજી જવાબદારીઓ પૂરી કરવાનાં દુન્યવી કાર્યો સિવાય બિન જરૂરી કાર્યોને છોડી પોતાને અલ્લાહની કિતાબ (કુર્આન મજીદ)ની તિલાવત તેની સાચી સમજ અને તેના પર અમલ કરવામાં વ્યસ્ત કર્યા હોય ?

જ્યારે આપણે અને આપણા બીજા મુસલમાન ભાઈ બહેનો અલ્લાહના તરફ આગળ વધીએ જ નહીં, નેક કામો કરવાં તો દૂર, નેક કામોથી જ દૂર રહીશું તો પછી એ શિકાયત શાથી કરવી કે અમારી દુઆઓ ક઼બૂલ નથી થતી ?! જ્યારે કે આપણા અલ્લાહે, જેનાથી આપણે દુઆઓ કરીએ છીએ, અને જે આપણી દુઆઓ સાંભળે છે અને ક઼બૂલ કરે છે તેણે આપણને એ નુસ્ખો બતાવી દીધો છે કે તેનાથી દુઆ ક઼બૂલ કરાવવા માટે નેકી કરવામાં ઘણી જ જલ્દી કરવાને પોતાની આદત બનાવવી પડશે.

**બીજો નુસ્ખો** : ક઼બૂલિયતના શોખ અને લગન, અને અલ્લાહની નારાઝગી અને તેના અઝાબથી ડરવાની સ્થિતિઓ સાથે દુઆ કરવું. રબ તઆલાનો ઈર્શાદ છે : وَيَدْعُوْنَنَا رَغَبًا وَّ رَهَبًا મતલબ એ કે મારા બંદા મારાથી (ક઼બૂલ થવાના) શોખ અને લગન અને મારા ડરની સ્થિતિમાં રહીને દુઆ કરે છે.

અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ આ ઉપરોક્ત વર્ણન થએલ ફર્માને પાકમાં એ પણ જણાવી દીધું કે તેની બારગાહમાં દુઆ જલ્દી ક઼બૂલ કરાવવા માટે વર્ણન થએલ બે સ્થિતિઓ અર્થાત અલ્લાહથી દુઆ ક઼બૂલ થવાનો ઉમંગ અને લગન, અને તેની નારાઝગી અને અઝાબના ડરનું હાજર હોવું જરૂરી છે. જેથી અનિવાર્ય થયું કે આપણે આ વર્ણન થએલ સ્થિતિઓને હાજર રાખી દુઆઓ કરીએ. અહીંયાં એક ઘણો જ અગત્યનો પ્રશ્ન ઉભો થાય છે અને તે એ કે શું આપણે જ્યારે અલ્લાહથી કોઈ દુઆ કરીએ છે તો તે સમયે આપણા દિલ અલ્લાહ તરફ ધ્યાનિત હોય છે ? અને આપણો દિલી મક઼સદ અલ્લાહની રઝામંદીને પ્રાપ્ત કરવું હોય છે ? અથવા આપણા દિલ આપણી જોઈતી ચીજ અને જરૂરત તરફ લાગેલ હોય છે અને તેને જ પ્રાપ્ત કરવાના શોક અને લગનમાં તડપી રહ્યાં હોય છે ?

આ પ્રશ્નનો ઉત્તર દુઆનો ક઼બૂલિયતના ભેદોમાંથી એક ભેદ છે જે દુઆ કરનાર દરેક વ્યક્તિ પોતાની દુઆ વિશે પોતે જ જાણી શકે છે. સારી રીતે યાદ રાખો કે જે દિલ અલ્લાહ તરફ મુતવજ્જેહ (ધ્યાનિત) ન હોય તે દિલની દુઆ અલ્લાહને ત્યાં ક઼બૂલ નથી થતી. આની ખબર આપણને એ સાદિકુલ મસ્દૂક઼ ﷺએ આપી છે જેમના વિશે અલ્લાહે ગવાહી આપી છે કે તે (રસૂલ) પોતાની મરજીથી વાત નથી કરતા બલ્કે તેમના તરફ કરવામાં આવેલ વહ઼ી મુજબ ક઼લામ ફર્માવતા રહે છે, તેમણે આપણને એ બતાવ્યું છે :–

ادْعُوا اللّٰہَ وَأَنْتُمْ مُوقِنُوْنَ بِالْإِجَابَةِ وَاعْلَمُوْا أَنَّ اَللّٰہَ لَا يَسْتَجِيْبُ دُعَاءً مِنْ قَلْبٍ غَافِلٍ لَاهٍ

અલ્લાહથી એ રીતે દુઆ કરો કે તમને ક઼બૂલ થવાનું યક઼ીન હોય અને યાદ રાખો કે અલ્લાહ ગફલતવાળા અધ્યાનિત દિલની દુઆ ક઼બૂલ નથી કરતો. *(સુનને તિર્મિઝી, હદીષ ૩૮૧૬ કિતાબુદ્દુઅવાત)*

તો યાદ રાખો કે દુઆ કરતા સમયે દુઆ કરનાર દિલ અલ્લાહ તરફ ધ્યાનિત ન હોય તો અલ્લાહ તેની દુઆ ક઼બૂલ નથી કરતો. અને તેની સાથે પણ સમજી લો કે દિલ હાજર હોવા પહેલાં એ દિલમાં દુઆની ક઼બૂલિયતનું યક઼ીન પણ હોવું જોઈએ, અને દુઆ ક઼બૂલ થવાનું યક઼ીન તે જ સમયે થઈ શકે છે જ્યારે દુઆ અને તેને કરવાના તરીક઼ા વિશે એ યક઼ીન હોય કે તેમનામાંથી ક્યાંય પણ કાંઈ પણ અલ્લાહ અને તેના રસૂલ ﷺની નાફર્માનીવાળુ નથી.

**ત્રીજો નુસ્ખો** : અલ્લાહ તબારક વ તઆલાનો ડર. કુર્આન પાકમાં છે : وَكَانُوْا لَنَا خٰشِعِيْنَ ''અમારાથી ડરતા હતા.''

અલ્લાહ તઆલાએ આપણા પર પોતાની અપાર રહમત અને શફકતની સાથે આપણને એ પણ બતાવ્યું કે તેને ત્યાં દુઆ ક઼બૂલ થવા માટે દુઆ કરનારના દિલમાં અલ્લાહ તઆલાનો ડર હોવો પણ અનિવાર્ય છે, કે જેટલા પ્રમાણમાં દુઆ કરનાર અલ્લાહથી ડરનાર હશે તેટલા જ પ્રમાણમાં તેની દુઆઓ અલ્લાહની બારગાહમાં ક઼બૂલ થશે.

ખયાલ રહે કે અલ્લાહનો ડર કેવળ દુઆ કરવાના સમયે જ અનિવાર્ય નથી, અને ન કેવળ દુઆ કરવાના સમયે રહેતો ડર દુઆ ક઼બૂલ થવાના કારણોમાંથી છે, બલ્કે આ ડર મુસલમાનની જિંદગીના દરેક ક્ષણમાં હોવો જરૂરી છે, અને તેનું દરેક કામ આ ડરના એહસાસની સાથે થવું આવશ્યક છે. જ્યાં સુધી આવું નહીં થાય ત્યાં સુધી કોઈનો કોઈ અમલ અલ્લાહની બારગાહમાં ક઼બૂલિયતની શક્યતાઓ પામનાર થશે નહીં. કારણ કે અલ્લાહનો ડર ન હોવાની સ્થિતિમાં ન તો કોઈને અલ્લાહની ઈબાદત કરવા અથવા ન કરવાનો ગમ થશે, અને ન તો ઈબાદત કરનારને સારી રીતે ઈબાદત કરવાની ચિંતા થશે, અને ન સામાજિક જીવનમાં અલ્લાહના બંદાઓની જાન, માલ અને ઈજ્જતોને સુરક્ષિત રાખવાની પરવા થશે, અને ન પોતાની રોજીને હલાલ માધ્યમોથી કમાવાની ફિકર થશે. માટે જે વ્યક્તિ અલ્લાહની ઈબાદત જ સરખી રીતે ન કરતો હોય, અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺ તરફથી નિશ્ચિત કરેલ સીમાઓથી નીકળી પોતાની મરજી પ્રમાણે ઈબાદતો કરે, અને તેમના બતાવેલ તરીક઼ઓની જગાએ પોતાના અથવા બીજાઓના બનાવેલા તરીક઼ા મુજબ ઈબાદતો કરે, તો શું તેની કરેલી ઈબાદતોને અલ્લાહના ડરની સાથે કરેલી ઈબાદતો કહી કે સમજી શકાય છે ?! શું અલ્લાહ તેનાથી રાજી થશે ? યક઼ીનન ! નહીં થાય. તો પછી તેની દુઆઓ અલ્લાહની બારગાહમાં ક઼બૂલ થશે ? જે અલ્લાહના બંદાઓ અને ખાસ કરીને મુસલમાનોના જાન, માલ અને ઈજ્જતમાં નાહક઼ અધિપત્ય જમાવે છે, તેમના હક્કો અદા કરવામાં જાણીજોઈને અપ્રમાણિકતા કરે છે, શું તેને અલ્લાહથી ડરનાર કહી અથવા સમજી શકાય છે ? જે પોતાની કમાણીમાં હલાલ તથા હરામની કોઈ તમીઝ ન રાખતો હોય, બસ, જેમ બને

તેમ કમાવાની ધૂનમાં જ લાગ્યો રહે, શું તેને અલ્લાહથી ડરનાર કહી અથવા સમજી શકાય છે ? જી નહીં ! આવા લોકોને અલ્લાહથી ડરનાર સમજી નહીં શકાય. જો અલ્લાહ તેમના માંગ્યા મુજબ કાંઈ આપી દે છે તો એ તેમના માટે ઈમ્તેહાન હોય છે, અને તેઓને તેમના રસ્તાઓ પર છોડી દેવા માટે હોય છે. તો આપણે સૌએ ભરપૂર કોશિશ કરતા રહેવું જોઈએ કે આપણુ કોઈ એક પણ ન જાહેરી અને ન બાતિની કામ કે વાત અલ્લાહના ડરથી ખાલી હોય.

પોતાની દુઆઓને ક઼બૂલ કરાવવા માટે કુર્આને કરીમમાં વર્ણન થએલ ઉપરોક્ત ત્રણ નુસ્ખાઓ પર અમલ શરૂ કરી દો, અને એ પણ યાદ રાખશો કે આપના તરફથી દુઆની ક઼બૂલિયતની શરતો પૂરી થયા બાદ પણ દુઆ કરતાં કરતાં ઘણો સમય પણ પસાર થઈ જાય અને જાહેરી રીતે દુઆ ક઼બૂલ થતી ન જણાય તો પણ દુઆ ક઼બૂલ થવાથી માયૂસ ન થવું. અલ્લાહ તઆલાના હબીબ ﷺની પાકીઝા અને માસૂમ ઝબાનથી અલ્લાહ તઆલાએ આપણને આ ખબર આપી છે :–

يُسْتَجَابُ لأَحَدِكُمْ مَالَمْ يَعْجَلْ يَقُولُ دَعَوْتُ فَلَمْ يُسْتَجِبْ لِيْ

**તર્જુમા** : તમારામાંથી કોઈ દુઆ કરનારની દુઆ ત્યારે ક઼બૂલ થાય છે જ્યારે તે ઉતાવળ ન કરે અને એમ ન કહે (અથવા એમ ન સમજે) કે મેં દુઆ કરી અને મારી દુઆ ક઼બૂલ ન કરવામાં આવી.

*(સહીહ બુખારી, હદીષ : ૬૩૪૦ કિતાબુદ્દુઅવાત)*

અને ફર્માવ્યું :

لاَ يَزَالُ يَسْتَجَابُ لِلْعَبْدِ مَا لَمْ يَدْعُ بِأِثْمٍ أَوْ قَطِيْعَةِ رَحِمٍ مَالَمْ يَسْتَعْجِل

**તર્જુમા** : બંદાની દુઆ ત્યાં સુધી ક઼બૂલ થતી રહે છે જ્યાં સુધી તે ગુનાહ અથવા સંબંધ તોડવા માટે દુઆ ન કરે અને જ્યાં સુધી તે ઉતાવળ ન કરે.

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! જલ્દબાઝી (ઉતાવળ) કરવું શું છે ? તો આપે ઈર્શાદ ફર્માવ્યું : (જલ્દબાઝી એ છે કે) એમ કહેવા લાગે કે મેં દુઆ કરી પરંતુ મને (પોતાની દુઆ) ક઼બૂલ થતી દેખાતી નથી. પછી તે હસ્રત (અફસોસ)નો શિકાર થઈ જાય છે અને દુઆ કરવાનું છોડી દે છે. *(સહીહ મુસ્લિમ, હદીષ : ૭૧૧૨, કિતાબુલઝિઝક્ર વદુઆ વ ત્તૌબા)*

માટે એ વાત ઉપર પણ ઈમાન રાખો કે તમારી સારી રીતે માગેલી જાઈઝ દુઆ ક઼બૂલ જરૂર થશે, ભલે તેની ક઼બૂલિયત નજર આવવામાં કેટલુય મોડુ કેમ ન થતુ હોય. માટે દુઆ કરવાથી રોકાશો નહીં અને તેની સાથે સાથે એ પણ યાદ રાખો કે સહી તરીકાથી કરેલ કોઈ નેક દુઆ દુનિયામાં ક઼બૂલ થયેલી નજર ન પણ આવે, પણ ઈન્શા અલ્લાહ ! તે તમારા માટે આખેરતમાં જમા કરી લેવામાં આવી હશે. આની ખબર પણ આપણને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺની મુબારક ઝબાનથી આપી છે. ફર્માવ્યું :–

કોઈ પણ મુસલમાન જ્યારે કોઈ એની દુઆ કરે છે જેમાં ગુનોહ ન હોય અને ન સંબંધ તોડવું હોય તો અલ્લાહ તઆલા તેને (તેની દુઆની ક઼બૂલિયતમાં) ત્રણમાંથી કોઈ એક ચીજ અતા ફર્માવે છે : (૧) તેની દુઆને જલ્દી જ ક઼બૂલ કરી લે છે, (૨) અથવા તો તેની દુઆને તેની આખેરત માટે જમા કરી દે છે, (૩) અથવા તેની દુઆના બદલામાં તેના પર આવનાર કોઈ પરેશાની દૂર કરી દે છે.

*(મુસ્નદે અહમદ, હદીષ : ૧૧૪૩૨)*

જેથી મોહતરમ ભાઈઓ અને બહેનો ! આપણા સૌએ જોઈએ કે આપણે અલ્લાહ તબારક વ તઆલાના ફર્માનો, અને અલ્લાહની વહીના મુજબ તેના રસૂલ ﷺના ફર્માનો મુજબ પોતાની દુઆઓની ક઼બૂલિયતના આ નુસ્ખાઓ પર અમલ કરતાં દુઆ કર્યા કરીએ અને દુઆના પરિણામોથી પણ નિરાશ ન થઈએ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, મે–૨૦૧૮)*

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

- **ભરૂચ** : ખાતે નૂરી તર્બિયતી સેન્ટર, સરફરાઝ પાર્ક–ભરૂચ ખાતે મૌલાના નુસ્રત નજમી થકી પાંચેક તલબા દીની તર્બિયત હેઠળ છે તેમજ શહેરમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મોઈનુદ્દીનભાઈ હાજીપીર કિરમાણીવાળા સાથે સીદીમિયાં દરગાહ મસ્જિદ, બાવડી મહોલ્લા ઉપરાંત ગૌષિયા મસ્જિદ, મસ્જિદે ઈમામ અહમદ રઝા–નૂર પાર્ક, તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલવાળા, મૌલાના અશરફ રઝા નજમી, મૌલાના હુસૈન ચોકવાલા નજમી, હાફેઝ ઝયનુલ, મૌલાના સુહેલ નજમી તેમજ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી, મુહમ્મદ તારીક઼ભાઈ વગેરે થકી હફતાવારી તેમજ મંથલી ઈજતેમાઓ ચુનારવાડ મસ્જિદ મહોલ્લા, ગૌષિયા મસ્જિદ, મસ્જિદે રયહાન C/o. દારુલ ઉલૂમ ગુલશને અજમેર, અઝીમ નગર–રહાડપોર, મદની ઈબાદતગાહ, મસ્જિદે અલમુઈન ગોદડીયાવાડ વગેરે સ્થળે તર્બિયતી ઈજતેમા થયા.
- **જંબુસર** : ના મુબલ્લિગો મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના જાબિર સાહબ, મૌલાના મુબારક સાબરી, હાફિઝ ઈસ્માઈલ વગેરે થકી નૂરી તર્બિયતી સેન્ટર, તવક્કલ સોસાયટી ખાતે દર સોમવારે વીકલી ઈજતેમા તેમજ ચાંદપીર મસ્જિદ, ખારા કૂવા મસ્જિદ વગેરે ઉપરાંત ડાભા, ભોજ, પાદરા, દહેગામ, કહાનવા, નોબાર, જંત્રાણ, ભેંસલી, ખોજબલ, જુનેદ વગેરે સ્થળોએ તર્બિયતી ઈજતેમા કરવામાં આવ્યા. મૌલાના ઝહીર મિસ્બાહીના આઉટ ઓફ સ્ટેટ રાજસ્થાન, એમ.પી., મહારાષ્ટ્રમાં પણ પ્રોગ્રામ થયા.
- **પાલેજ** : ના મુબલ્લિગો ઈમરાન નૂરી તથા સરફરાઝભાઈ થકી પાલેજથી સાધલીની પટ્ટી પર શીનોર, ઉતરાજ, કાળી તલાવડી, સરસવણી, વરણામા, ચનવાડા, રેગણ ગામ, પાન તલાવડી, રાજપારડી, વણાકપોર, ઈન્દોર, પાણેથા, વેલુગામ, વાસણ, પારખેત....વગેરે સ્થળોએ તર્બિયતી ઈજતેમા, દર્સ, જુમ્આમાં બયાન, સાધલી વીકલી ઈજતેમા થયા.
- **વડોદરા** : આદર્શ નગર–તરસાલી ખાતે મૌલાના શોએબ મોતીપુરાવાળા થકી દર જુમેરાતે હફતાવારી ઈજતેમા તેમજ મુહર્રમના દસ દિવસ ઝિક્રે ઈમામ હુસૈનની મહેફિલ કરવામાં આવી. તેમજ જનાબ સુલ્તાન રઝા થકી હફતાવારી ઈજતેમા ભેંસવાડા મસ્જિદ વડોદરા તેમજ મર્દો માટે ગૌષિયા મસ્જિદ બાસ્કા ખાતે ૧૦ દિવસ સુધી ઈકરા કોલીનીમાં યાદે શોહદાના પ્રોગ્રામો તેમજ મદ્રસામાં ઔરતો માટે ઈજતેમા થયા.
- **ધોરાજી** : સુન્ની દા'વતે ઈસ્લામી થકી તા. ૧૩–૫–૨૦૧૮ના જેતપુરમાં એક દિવસીય તર્બિયતી ઈજતેમા બહારપુરા મસ્જિદમાં રાખવામાં આવ્યો. જેમાં હાફિઝ અશ્ફાક઼, સિકંદરભાઈ, અબ્દુલ ક઼ાદિર નૂરી, મુફતી મુનવ્વર રઝા વગેરે મુબલ્લિગો અક઼ીદા વિશે તથા, ગુસ્લ, વુઝૂ, નમાઝના મસાઈલ તરીક઼ા પ્રેક્ટીકલી શીખવાડયા હતા. સવાલો જવાબના સેશનમાં મુફતી મુનવ્વર રઝા સાહબે મુક્તદીઓના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. છેવટે ઈમરાન બાપુ ક઼ાદરીએ દુઆ ગુજારી હતી. એ ઉપરાંત ધોરાજી ખાતે વિવિધ મસ્જિદોમાં હફતાવારી ઈજતેમા થયા હતા. અન્ય મુહર્રમ શરીફને લગતા પ્રોગ્રામો થતા રહ્યા.
- **દયાદરા** : ખાતે મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના મુબારક સાબરી થકી હફતાવારી ઈજતેમામાં દર રવિવારે તર્બિયતી બયાનમાં ખાસ કરીને કબીરા ગુનાહો વિશે ક્રમસર ઈસ્લાહી બયાનો થયાં, ફઝાઈલે અહલે બયત તથા શોહદાએ કર્બલા પર બયાનો થયાં. હાફિઝ અફઝલ સરનારવી થકી રોજ અસર બાદ ફયઝાને શરીઅત, બરકાતે શરીઅત, ખુત્બાતે મુહર્રમમાંથી દર્સ ચાલુ રહ્યો.
- **વાગરા** : ખાતે મૌલાના ઈબ્રાહીમ જંબુસરવાળા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) થકી રોઝાના ઈશા બાદ મદ્રસએ બાલિગાં, દર્સે કુર્આન, દર શનિવારે ઈશા બાદ ઈજતેમા તેમજ કલમ તથા જુનેદ ખાતે પણ હફતાવારી ઈજતેમા કરવામાં આવે છે.
- ઉપરાંત ભાવનગર, સૂરત, ડભોઈ, બોડેલી વગેરે સ્થળોએ પણ હફતાવારી ઈજતેમા, તા'લીમાતે બાલિગાન, દર્સ વગેરે દીની તર્બિયતી કાર્યો કરવામાં આવ્યાં.

## જશ્ને હઝરત ઉમર વ ઉષ્માન رضی اللہ عنہما

૧૮ મી ઝીલ્હજજ ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉષ્માનગની ઝુન્નૂરૈન رضی اللہ عنہની શહાદતના પ્રસંગ નિમિત્તે તેમજ ૨૮–ઝીલ હજજના ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની શહાદતના દિવસ નિમિત્તે આ મહાન ખલીફાઓની યાદમાં **દયાદરા** ખાતે તા. ૨૯–૮–૨૦૧૮ બુધવારે ઈશા બાદ મોટા ચકલા પર હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની યાદમાં તેમજ તા. ૬–૯–૨૦૧૮ જુમેરાતે હઝરત ઉમર رضی اللہ عنہની યાદમાં શાનદાર પ્રોગ્રામો થયા જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી)એ બંને ખલીફાઓના સંબંધે ફઝીલતો દર્શાવતાં ઈમાન અફરોઝ તથા ઈસ્લાહી બયાનો કર્યા. ઉપરાંત **જંબુસર** ખાતે ફયઝાને નૂરી ઈબાદતગાહ વ તર્બિયતી સેન્ટર સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ પર તેમજ **દહેગામ, ડાભા, જલાલપુરા, જંત્રાણ, ભોજ, ભરૂચ** ખાતે દારુલ ઉલૂમ ગુલશને અજમેર પર વગેરે જગાએ પણ બંનેવ મહાન ખલીફાઓની શાનમાં સુન્ની ઈજતેમાઓમાં મૌલાના મુબારક સાબરી, મૌલાના જાબિર દહેગામી, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)ના ઈમાન અફરોઝ નસીહતઅંગેઝ બયાનો થયાં હતાં.





**નજીરભાઈ પટેલ : Mo. 9825891273** **તૌસીફ પટેલ : Mo. 9574618742**

# બરકાતી સિમેન્ટ પ્રોડક્સ

**૩ થી ૪૦ ફુટ સુધીના મિનારા બનાવી આપવામાં આવશે.**

અમારે ત્યાં સિમેન્ટની પ્રોડક્સ, મકાન એલિવેશન, ધાર્મિક એલીવેશન, મસ્જિદના મિમ્બર, મસ્જિદ-દરગાહ માટે મિનારા, ચુલા, તેમજ સિમેન્ટની બનતી દરેક આઈટમ તદ્દન વ્યાજબી ભાવે બનાવી આપવામાં આવશે.




**નેશનલ હાઈવે નં. ૮, મુ.પો. હલદરવા, તા. કરજણ, જિ. વડોદરા**



**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)